Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
Serving at 2 locations
GTA East / GTA West
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
ON LIC # 10530
Investment | Insurance | Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

RAVAL LAW OFFICE
Serving the community for the last 35 years
Real Estate Law
Corporate Law
Criminal Law
Family Law
Immigration Law
Wills & Estate
Power of Attorney
Document Notarizations
Bhupendra N Raval
Barrister, Solicitor & Notary Public
Ph : 416-296-7200
1200 Markham Road, Suite 118, Toronto, Ontario M1H 3C3 www.ravallawyer.com

FRIDAY, 28 AUGUST, 2020 Vol. 16, No. 35 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## USમાં લોરા વાવાઝોડું

# ટેક્સાસ-લુઈસિયાનામાં પાંચ લાખનું સ્થળાંતર, ૬ લાખ લોકો અંધારપટમાં

વોશિંગ્ટન : અમેરિકાનાં લુઈસિયાના તેમજ ટેક્સાસમાં શક્તિશાળી વાવાઝોડું લોરા ત્રાટક્યું હતું અને ભારે તબાહી મચાવી હતી. વાવાઝોડાની તીવ્રતા વધવાને કારણે તેને કેટેગરી ૩માંથી ૪માં મૂકવામાં આવ્યું હતું. વાવાઝોડાગ્રસ્ત વિસ્તારોમાં કલાકનાં ૨૪૦ કિ.મીની ઝડપે પવન ફૂંકાયો હતો. બંને રાજ્યોનાં અનેક વિસ્તારોમાં તોફાની પવન સાથે મુશળધાર વરસાદ તૂટી પડયો હતો. આથી નેશનલ હરિકેન સેન્ટર દ્વારા નદીઓમાં પૂરની ચેતવણી આપવામાં આવી હતી. અનેક સ્થળે પાણી ભરાઈ જતા



જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. કેટેગરી ૪ વાવાઝોડનું ભયાનક અને ભીષણ હોવાનો નિર્દેશ કરે છે. પ્રમુખ ટ્રમ્પે લુઈસિયાના અને ટેક્સાસનાં લોકોને સ્થાનિક સત્તાવાળાઓની સલાહ માનવા અપીલ કરી હતી. તેમણે અસરગ્રસ્તોને તમામ મદદની ખાતરી આપી હતી. લુઈસિયાનામાં ૧૮૫૬ પછી એટલે કે આશરે ૧૬૪ વર્ષ પછી ભીષણ વાવાઝોડું ત્રાટક્યું હતું અને તબાહી મચાવી હતી. ઠેકઠેકાણે મોટી ઈમારતો અને મકાનોનાં બારી બારણા તૂટી ગયા હતા. કેટલાક મકાનો પત્તાનાં મહેલની જેમ તૂટી પડયા હતા. કેટલાક મકાનોનાં છાપરા ઊડયા હતા. રસ્તાઓ પર પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર ઠપ થઈ ગયો હતો. વીજ પુરવઠો ખોરવાઈ જવાને કારણે લુઈસિયાનાનાં ૭ લાખથી વધુ ઘરોમાં અંધારપટ છવાયો હતો. ટેક્સાસમાં ૪૫,૦૦૦ ઘરોમાં વીજળી ખોરવાઈ હતી. લોરા એ કેટરિના પછીનું સૌથી ખતરનાકમાં ખતરનાક વાવાઝોડું હોવાનું જાણવા મળે છે. વાવાઝોડું ફરી વળતાં લુઈસિયાના અને ટેક્સાસમાં આશરે ૫ લાખ લોકો તેમનાં ઘરબાર છોડીને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. લોરા લુઈસિયાનાનાં કેમરોન કાંઠે ટકરાયું હતું.

સ્વદેશ
હવે આપના મોબાઈલમાં
દેશ વિદેશના પળેપળના સમાચાર, અજબ ગજબની વાતો, કોરાના વાઈરસને કારણે સર્જાયેલી ઘટનાઓ તથા રાજકારણ ધર્મ, સંસ્થાઓ અંગેના સમાચાર જાણવા આજેજ
App Store
તથા
Google Play
પરથી ડાઉનલોડ કરો
SWADESH NEWS

## કોરોના બેફામ : ભારતમાં એક દિ'માં ૭૫૦૦૦ કેસ, ૧૦૨૩ દર્દીના મોત

નવી દિલ્હી : ભારતમાં ગુરુવારે પહેલીવાર ૨૪ કલાકની અંદર કોરોના વાયરસના ચેપગ્રસ્તોના કેસનો આંકડો ૭૫૦૦૦થી વધુનો નોંધાયો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે બુધવારે દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને સંક્રમણનો કુલ આંકડો ૩૩ લાખને ઓળંગી ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૭૫૭૬૦ કેસ નોંધાતા કુલ કેસ ૩૩૧૦૨૩૪ થઈ ગયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૨૩ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સુધરીને ૭૬.૨૯ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૬૦૧૩ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૨૫૨૩૭૭૧ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા ત્રણ ગણા કરતા પણ વધારે છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૬૦૪૭૨ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે ગુરૂવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૭૨૫૯૯૧ એક્ટિવ કેસ છે. દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૨૪૧૭૫૭૧૪ કેસ નોંધાઈ ચૂક્યા છે.

RUMA LAW OFFICE
Real Estate Law
Family Law (Legal Aid Certificate Accepted)
Wills and Estates
Affidavit and Power of Attorney
Immigration Law
Legal Documentation and Notarization
Tel: 416-299-4815
55 Nugget AVE. Suite 230E, Scarborough, ON M1S 3L1
RUMA DIWANJI
Barrister, Solicitor & Notary Public
rumalawoffice@gmail.com

Ready to make a move?
Exceptional service from
TD Ready for you
Ask me how
Deepak Patel
Manager, Mobile Mortgage Specialist
C: 416-272-7225
deepakkumar.patel@td.com

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife
Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
#1
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY
Realty Inc., Brokerage
Inderpendently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

RE/MAX
CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કેનેડામાં વધુ 55ને વાયરસનો ચેપ : પાંચના મોત

## ગુરૂવારે સૌથી વધારે ઓન્ટેરિયો પ્રાંતમાં ૧૧૮ કેસ નોંધાયા જ્યારે ક્યૂબેકમાં સૌથી વધુ ત્રણ દર્દીએ દમ તોડ્યો

### • દેશમાં કોવિડની સારવાર લઈ રહેલા ૪૫ દર્દીઓની હાલત અત્યંત કટોકટ

ઓન્ટેરિયો : ગુરૂવારે સાંજ સુધીમાં વિતેલા ૨૪ કલાકમાં કેનેડામાં કોરોનાથી ૨૫૫ નવા નાગરિકો સંક્રમિત થયા હોવાની પુષ્ટિ થઈ હતી. જ્યારે સારવાર લઈ રહેલા પાંચ દર્દીના મોત નિપજ્યા હતા. ગુરૂવારે નોંધાયેલા ૨૫૫ કેસ સાથે સમગ્ર દેશમાં કોરોનાના પોઝિટિવ કેસનો આંકડો ૧,૨૬,૬૭૨થયો હતો. જ્યારે અત્યાર સુધીમાં ૧,૧૨,૮૪૭ દર્દીઓ સાજા થયા હોવાનું જાણવા મળે છે. દેશમાં હજી પણ કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૪૯૨૬ છે. મેડિકલ વિભાગ દ્વારા અત્યારસુધીમાં ૫૨,૪૬,૩૪૧ કોરોના ટેસ્ટિંગ કરવામાં આવ્યા છે.

ગુરૂવારે પાંચ દર્દીના મોત સાથે કુલ મૃ ત્યુઆંક ૯૦૯૯ થયો હતો. વિગતવાર જોઈએ તો ઓન્ટેરિયોમાં સૌથી વધુ ૧૧૮ નવા દર્દી ઉમેરાયા હતા. જ્યારે એકનું મોત થયું હતું.ક્યુબેકમાં ૧૧૧ દર્દીઓ મળવા સાથે ત્રણના મોત નિપજ્યા હતા. જ્યારે ૮૬ દર્દીઓ સાજા થતા હોસ્પિટલમાંથી તેઓને રજા આપી દેવાય હતી. એજ રીતે મેનિટોબામાં નવા ૨૨ કેસ વધવા સાથે એકનું મોત નોંધાયું હતું. અહીં ૨૧ દર્દીઓને રિકવરી આવી હતી. આ ઉપરાંત સાસ્કેચવાનમાં કોરોનાથી વધુ પાંચ નાગરિકો સંક્રમિત થવા સાથે સાત દર્દીઓને સાજા કરવામાં આરોગ્ય વિભાગને સફળતા સાંપડી હતી. દેશમાં કોરોનાગ્રસ્ત ૪૫ દર્દીઓની હાલત ગંભીર હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# કેનેડામાં ઉતરાણ કરનાર ૨૪ વિમાનોમાં અનેક પ્રવાસી સંક્રમિત હોવાની શકયતા

### • ૧૮ દિવસમાં આવેલા પ્રવાસીઓને કોરોનાની અસર હતી

ટોરોન્ટો - કેનેડાના મહત્વનાં એર પોર્ટ્સ ઉપર કોવિડ -૧૯ના ચેપ વાળા પેસેન્જરોને લઈને આશરે ૨ ડઝન ફ્લાઈટ્સ ઉતરી હતી. કેન્દ્ર સરકારના જણાવ્યા મુજબ ૧લી ઓગસ્ટથી ૧૮મી ઓગસ્ટ સુધીમાં આશરે ૫૫ ફ્લાઈટમાં આવેલા કેટલાક પ્રવાસીઓને કોરોના વાઈરસની અસર હોવાનું જાણવા મળ્યું હતું. મોટાભાગની ફ્લાઈટ ટોરન્ટોના એરપોર્ટ પર ઉતરી હતી. કેટલીક ફ્લાઈટ મોન્ટ્રિયલ, વેનકુવર અને કેલગીરી ખાતે ઉતરી હતી. સરકાર કેટલીક એરલાઈન્સ કંપનીઓને ફરીથી આંતરરાષ્ટ્રીય સેવાઓ શરૂ કરવા માટે પ્રોત્સાહન આપી રહી હોવા છતાં કેનેડિયન નાગરિકોને સલાહ આપે છે કે બિન જરૂરી પ્રવાસ કરવો નહિ.

અને જો તેઓ પ્રવાસ કરે તો તેમને ૧૪ દિવસ સુધી સેલ્ફ આઈસોલેશનમાં રહેવું પડશે. પછી ભલે તેમને કોવિડ ૧૯ના કોઈ લક્ષણો જણાતા ના હોય.

વેસ્ટ જેટ અને એર કેનેડા બંન્ને ઉત્તર અમેરિકાની સૌથી મોટી વિમાનન કંપનીઓ છે. તેમણે પોતાના વિમાનોને આવશ્યક ફીઝીકલ ડિસ્ટન્સનો જે નિયમ હતો તે પડતો મૂક્યો હતો અને જુલાઈ મહિનાથી વિમાનની વચમાં આવેલી બેઠકની ટિકીટનું વેચાણ શરૂ કર્યુ હતું.

જો કે, પેસેન્જરોને કેન્દ્રીય આરોગ્ય સત્તા વડાઓ તરફથી ટેસ્ટ કરવા માટે કોઈ સીધે સીધી સૂચના આપવામાં આવી નહોતી, છતાં સરકાર તરફથી જણાવાયું છે કે, કેટલીક ફ્લાઈટ્સમાં કોવિડ- ૧૯નો ચેપ લાગ્યો હોય, એવા પ્રવાસીઓ હોવાની સંભાવના નકારી શકાય નહિ. એર કેનેડાનો પ્રવક્તા પીટર ફીઝ પેટ્રિકે ગયા મહિને જણાવ્યું હતું કે, જે પ્રવાસીઓને એમ લાગતું હોય કે તેમને કોરોનાની અસર છે. તેમણે પોતાના ડોક્ટર્સનો સંપર્ક સાધવો.

# કોવિડ -૧૯ અને અર્થતંત્રની કટોકટી સમયે ટ્રુડોનું નેતૃત્વ ઉત્તમ : સર્વેક્ષણ



### સરવે બાદ ચૂંટણી માટે ટ્રુડોની દાવેદારીને બળ મળ્યું: ચૂંટણી યોજવા અંગે હાલ મહત્તમ લોકોનો વિરોધ

ઓટાવા : તાજેતરમાં હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે, વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ કેનેડામાં કોવિડ -૧૯ અને ત્યારબાદ અર્થતંત્રને ફરીથી પાટે ચઢાવવા માટે શ્રેષ્ઠ નેતૃત્વ પુરૂં પાડયું હતું. નોંધપાત્ર બાબત એ છે કે, આ સર્વેક્ષણ એવા સમયે હાથ ધરાયું હતું જયારે આગામી સમયમાં ચૂંટણી યોજાવાની છે. સર્વેક્ષણના તારણે ટ્રુડોની ઉમેદવારીને મજબૂતી આપી છે. લેજર એન્ડ ધી એસોસીયેશન ફોર કેનેડીયન સ્ટડીઝે હાથ ધરેલા આ સર્વેક્ષણમાં ફેડરલ ચૂંટણી યોજાવી જોઈએ કે નહીં એ અંગે મત લેવાયો હતો. જેમાં ૪૨ ટકા લોકોએ ચૂંટણીનો વિરોધ કર્યો હતો. જયારે ૩૮ ટકાએ સમર્થન આપ્યું હતું. પરંતુ જો આજે ચૂટણી યોજાય તો ૩૮ ટકાએ ટ્રુડોની લિબરલ પાટીને પસંદ કરી હતી. જયારે ૩૦ ટકાએ કન્ઝર્વેટીવ પાટી અને ૧૮ ટકાએ એનડીપી તેમજ ૬ ટકાએ ગ્રીન્સ પાટીને પસંદ કરી હતી. કયુબેકમાં ૩૩ ટકા, પ્રાંતમાં લિબરલ્સ સાથે સંકળાયેલા ૩૨ ટકા અને કન્ઝર્વેટીવ સાથે ૧૬ ટકા અને એનડીપી સાથે ૧૨ તેમજ ગ્રીન્સ સાથે ૪ ટકા લોકો જોવા મળ્યા હતા. બંને મોટા પક્ષોના સમર્થન વિશેના સવાલના જવાબમાં જે તારણ આવ્યું એ એરીન ઓ ટુલ મુજબ લિબરલને ટેકો આપનારાઓની ટકાવારી એક અંક વધુ હતી. જયારે કન્ઝર્વેટીવને ટેકો આપનારાઓ ૨૭ ટકા હતા. કન્ઝર્વેટીવ પાર્ટીના નેતા તરીકે કોણ હશે એ પ્રશ્નનો ઉત્તર એક દિવસ પછી જોવા મળ્યો હતો. જેમાં મોટાભાગના લોકોનું માનવુ એવું હતું કે, તેઓ કન્ઝર્વેટીવને મત આપશે કે નહીં એ નક્કી નથી. બીજા ૩૭ ટકાએ કહ્યું હતુ કે, તેઓ કદાચ આપશે જયારે ૧૩ ટકાએ અનિશ્ચિત જવાબ આપ્યો હતો. આમ ચૂંટણી પહેલાના આ સર્વેક્ષણમાં હાલના વડાપ્રધાન અને લિબરલ પાર્ટીનું વાતાવરણ સારૂં જોવા મળ્યું હતું.






# કેનેડામાં મકાનોનું વેચાણ છેલ્લાં ૧૫ વર્ષની સૌથી નીચી સપાટીએ



## • ૯ મહાનગરોમાં મકાનના ભાવમાં વધારો જોવા મળ્યો, બજારમાં વર્તાયેલો ફેરફાર સિઝનલ ન હોવાનું તારણ

ઓટાવાઃ કયુબેક સીટી અને ઓટાવા -ગેટેનેઉઆના બજારમાં મકાનોના વેચાણની પ્રવૃત્તિ વધતા કેનેડામાં મકાનોની કિંમતોમાં જુલાઈ માસમાં થોડો વધારો જોવા મળ્યો હતો.

જો કે જુલાઈનો આ વધારો છેલ્લા ૧૫ વર્ષનો સૌથી ઓછો હોવાનું ગુરૂવારે જાહેર થયેલા આંકડાઓથી જણાતું હતું, જે કોવિડ -૧૯ની મહામારીની અસર હતી. પબ્લીક લેન્ડ રજીસ્ટ્રી તરફથી મળતા ડેટાનું ધ્યાન રાખનારી ધી ટેરાનેટ નેશનલ બેંક કોમ્પોઝીટ હાઃસ પ્રાઈસ ઈન્ડેક્ષના જણાવ્યા મુજબ જુનની સરખામણીમાં જુલાઈના આંકડાઓમાં ૦.૩ ટકાનો જ વધારો નોંધાયો હતો.

નેશનલ બેંક ઓફ કેનેડાના સીનીયર અર્થશાસ્ત્રી માર્ક પીન્સોનેલ્ટ કહે છે કે, આ સુધારો જો સિઝનલ દબાણને કારણે આવ્યો હશે તો જુલાઈમાં પણ ફરીથી એ ૦.૩ ટકા ઘટી જવો જોઈએ. પણ એમ થયું નથી. મકાનોના ભાવોમાં વધારો ૧૧ મહાનગરો પૈકીના ૯ મહાનગરોમાં જોવા મળ્યો હતો. જેમાં કયુબેક સીટી વિસ્તરામાં ૧.૪ ટકા, ઓટાવામાં ૧.૨ ટકા જેટલો હતો. જયારે વાન્કુંવરમાં કોઈ ફેરફાર નહોતો અને વિકટોરિયામાં તો ૦.૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. એક વર્ષ પહેલાના આ જ સમય ગાળામાં સુચકાંકમાં ૫.૫ ટકાનો વધારો થયો હતો. મકાનોના ફરીથી વેચાણના પ્રમાણમાં વર્ષોથી ઘટાડો થતો આવ્યો છે. જે હવે ૨૦ ટકા સુધી પહોંચ્યો છે. જેનું કારણ કોવિડ -૧૯ની મહામારી છે.

# અમેરિકા સરહદે માનવ તસ્કરીના ગુનામાં કેનેડિયન નાગરિક દોષિત

## • અદાલતે રિવાઝને ૫૦ મહિનાની જેલની સજા ફટકારી

વેરમાઉંટ અને ન્યુ યોર્કની સરહદો પરથી ગેરકાયદેસર રીતે કેનેડામાંથી અમેરિકામાં ઘુસાડવાના ગુનાહ બદલ મોન્ટ્રીયલની એક વ્યક્તિને દોષિત જાહેર કરવામાં આવી હતી. ૬૧ વર્ષીય ગોડો ટ્રેડો રિવાઝ મેલેન્ડેઝને શુક્રવારે બર્લિંગટન વેરમાઉંટની જિલ્લા અદાલતે દોષિત જાહેર કર્યો હતો. પબ્લિક પ્રોસીક્યૂટરે શુક્રવારે અદાલતમાં રિવાઝ મેલેન્ડેઝની સામે આરોપ મૂક્યો હતો કે, તે માનવ તસ્કરી દ્વારા કેનેડામાંથી અમેરિકામાં જુવાન લોકોને પ્રવેશ કરાવે છે.

તેની આ રજૂઆત સાથે અદાલતે સહમત થઈ રિવાઝને ૫૦ મહિનાની જેલની સજા ફટકારી હતી.

જો કે, તેને વધુમાં વધુ ૧૦ વર્ષની જેલની સજા કરી શકાય છે. અલ સાલ્વાડોરમાં જન્મેલા કેનેડિયન નાગરિક રિવાઝ મેલેન્ડેઝને ગયા ઑક્ટોબર મહિનામાં કેનેડાએ અમેરિકાને સોંપી દીધો હતો. તેના પર સિંગલ કાઉન્ટ ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને તે માનવ તસ્કરી દ્વારા ગેર કાયદેસર રીતે હજારો ડોલરની કમાણી કરતો હતો. જોકે રિવાઝના વકીલે પોતાના અસીલ પરના આરોપો ફગાવી દીધા હતા. રિવાઝ સામેના આરોપોમાં જણાવવામાં આવ્યું છે કે, તેની સંસ્થા જે લોકો ગેર કાયદેસર રીતે અમેરિકામાં આવવા માગતા હોય, તેને સરહદો પર લાવતા હતા. ખાસ કરીને વેરમાઉંટને ક્યારેક ન્યુ યોર્કની સરહદો પાસે લાવવામાં આવતા હતા. અહીં તે તેમને રાતના અંધારામાં અમેરિકાની સરહદમાં મુકી દેવાતો હતો. અને દૂરના સ્થળે પહોંચવા માટે તેમને ખાસ મદદ કરવામાં આવતી હતી.


Happy New year & Best Wishes to all.
VISITOR TO CANADA AND NEW IMMIGRANTS INSURANCE
SHIV FINANCIAL SERVICES
Personal Tax - File is Free For New Immigrants.
Full Time Service Provider
Serving Community Since 2009
Supervisa Insurance Monthly Plan Available
• Life Insurance, Critical Illness Insurance & Mortgage Insurance with Money Back Option • Health & Dental Plan • Segregated Fund • Personal Tax-file
* અમે બધી ટોપની ઈન્સ્યુરન્સ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.
* New Life Insurance Advisors are recruited.





જગદીશ સેવક
(Financial Advisor)
Cell: 647-236-7620
::: For Free Quotation & Consultation :::
SHIV FINANCIAL SERVICES
"Proper insurance coverage is Peace of Mind"
Email: sevak_2007@hotmail.com
www.shivfinancialservices.ca
GUARANTEED LOWEST PREMIUM



AVAILABLE SERVICES:
EXCHANGE USD TO CAD & CAD TO USD
CURRENCY EXCHANGE & WIRE TRANSFER
GUARATEED BEST EXCHANGE RATE IN CANADA
PAYMENT AFTER DELIVERY**
CASH PICK-UP AND DIRECT BANK DEPOSIT ALL OVER THE WORLD
REMITTANCE PARTNER
MoneyGram. XPRESS MONEY Ria MONEY TRANSFER UREMIT & more...
SEND MONEY TO
INDIA DUBAI ABU DHABI KUWAIT SAUDI ARABIA PAKISTAN OMAN QATAR BANGLADESH SRI LANKA UNITED KINGDOM USA AUSTRALIA NEW ZEALAND
BRING MONEY FROM
INDIA SAUDI ARABIA UNITED KINGDOM SOUTH AFRICA UNITED ARAB EMIRATES
TO CANADA
ભારતથી બાપ-દાદાની મિલકત વેચીને રુપિયા કેનેડા
કાયદેસર રીતે મંગાવવા માટે સંપર્ક કરો: ઝાકીરભાઈ
*No Service Charge & No Commission **Subject to Credibility
Call ZAKIRBHAI
There is NO TAX on most Inheritance, Loan, and Gift Money.
ZAKIRBHAI WILL PROVIDE GUIDANCE FOR THAT.
Jack Filled Foreign Exchange Inc
#102-305 MILNER AVE, SCARBOROUGH, ON, M1B 3V4
416.901.9995, 416.439.9995





Dilip Patel
Real Estate Sales Representative
THE RED LISTING GROUP
RED AND GOLD. GOT IT SOLD
PARTH PATEL
Sales Representative
Dir: 647 568 5779
Dir: 647-966-7283
www.Theredlisting.com
JUST LISTED





5580 Sheppard Ave E
$399,900
Condo Apt Apartment
For Sale call for more info
Location! Location! Location! Stunning Renovated, 2 Bedrooms + Solarium Corner Unit W/Loads Of Space! Super Clean & Bright, Laminate Floors & Ceramics, Huge Storage Room, Large Bedrooms W/Oversized Closets, Functional Eat-In Kitchen, Open Concept Living/Dining Room W/Massive Solarium! Well Managed Building, Minutes To Shopping, Schools, College, Place Of Worship, Parks, Ttc, 401 & More!
Extras:All Electrical Light Fixtures, Fridge, Stove, Microwave, All Window Coverings Except Solarium Room. Please Review Attached Covid-19 Form Before Booking A Showing.
HomeLife/Miracle Realty Ltd, Brokerage*
22 Slan Ave, Scarborough, ON, M1G 3B2
Office: 416-289-3000 / Fax: 416-289-3008
Email: Diliprealtor@gmail.com

# પછડાટો પછી પણ કોંગ્રેસ જૈ સે થે સુકાન ફરી સોનિયા ગાંધીનાં હાથમાં

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

કોંગ્રેસની વર્કિંગ કમિટીની બેઠક પહેલા જ બહાર આવેલા એક પત્રના કારણે દેશની સૌથી જૂની પાર્ટીમાં ભારે ઘમાસાણ મચી ગયું હતુ. કારણ કે તે પત્રમાં કોંગ્રેસમાં નેતૃત્ત્વ પરિવર્તનની માંગ કરાઈ હતી. આ પત્રમાં રાજ્યસભામાં વિપક્ષના નેતા ગુલામ નબી આઝાદ જેવા વરિષ્ઠ નેતાથી લઈને કપિલ સિબ્બલ, આનંદ શર્મા, મનીષ તિવારી, શશિ થરુર, મુકુલ વાસનિક, જિતિન પ્રસાદ, ભૂપિન્દરસિંહ હુડ્ડા, વીરપ્પા મોઈલી, પૃથ્વીરાજ ચૌહાણ, પી.જે. કુરિયન, રેણુકા ચૌધરી, મિલિન્દ દેવડા, રાજ બબ્બર, અરવિંદરસિંહ લવલી, યોગાનંદ શાસ્ત્રી અને સંદીપ દીક્ષિત જેવા કોંગ્રેસના કદાવર નેતાઓના નામ સામેલ છે. સ્વાભાવિક છે કે કોંગ્રેસની વર્કિંગ કમિટીની બેઠકમાં આ પત્રનો મુદ્દો ઉછળવો નક્કી હતો અને એવું જ થયું. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પત્ર અંગે નારાજગી વ્યક્ત કરતા પત્રમાં સહી કરનારા નેતાઓની ઝાટકણી કાઢી અને પત્રના ટાઈમિંગ અંગે સવાલ ઉઠાવ્યો. પત્ર આશરે પંદર દિવસ પહેલા લખાયો હોવાના અહેવાલ છે. મતલબ કે જે સમયે કોંગ્રેસ રાજસ્થાનમાં સરકાર બચાવવાના પ્રયાસ કરી રહી હતી અને કોંગ્રેસના વર્તમાન અધ્યક્ષ સોનિયા ગાંધી બીમાર હતા એ સમયે આ પત્ર લખાયો હતો. આ પત્ર પછી બોલાવાયેલી કોંગ્રેસ વર્કિંગ કમિટી (સીડબલ્યુસી)ની બેઠકમાં અંદરખાને શું થયું એ ખબર નથી પણ બહાર જે વાતો આવી છે એ જોતાં કોંગ્રેસના નેતાઓ હજી પણ નહેરૂ-ગાંધી ખાનદાનથી આગળ વિચારી શક્યા નથી તે સાબિત થઈ ગયું છે. આ ખાનદાન વિના પોતાનો ઉધ્ધાર જ ના હોય એ રીતે કોંગ્રેસના નેતાઓ વર્તી રહ્યા છે. સીડબલ્યુસીની બેઠકમાં નહેરૂ-ગાંધી ખાનદાનના કોંગ્રેસમાં રહેલા ભક્તજનો સોનિયા મેડમને મનામણા સિવાય કશું જ કર્યું નથી. હવે કોંગ્રેસમાં કશું બદલાય એવી શક્યતા નથી. કોંગ્રેસના ૨૩ નેતાઓએ સોનિયા ગાંધીને કાયમી પ્રમુખપદને મુદ્દે નિર્ણય લેવા પત્ર લખ્યો તેના કારણે સોનિયા ગાંધીએ પ્રમુખપદ છોડી દેવાની તૈયારી કરી હતી. તેથી સૌને એવું લાગેલું કે આ વખતે સોનિયા નહીં જ રહે. જો કે સીડબલ્યુસીની બેઠકમાં જે રીતનું નાટક ભજવાયું તેના પરથી લાગે છે કે કોંગ્રેસીઓ નેહરૂ-ગાંધી ખાનદાનથી આગળ વિચારી જ શકતા નથી. તેના ભક્તોએ એવું માને છે કે, સોનિયા માને નહીં તો રાહુલ પણ ચાલે અને રાહુલ ના માને તો પ્રિયંકા દીદી પણ ચાલે.

આ ત્રણમાંથી કોઈ એકને બેસાડવા એ તેમનો ઉદ્દેશ છે. તેથી એ લોકોનું વર્તન સમજી શકાય. પરંતુ નેતૃત્વ મુદ્દે સવાલ ઉઠાવનારા નેતા પણ જે રીતે ઢીલા પડી ગયા છે. હવે કોંગ્રેસ વર્કીંગ કમિટીએ ફરી સોનિયાને જ કમાન આપવાનું ચાલુ રાખવા નિર્ણય કર્યો છે. તેથી કોંગ્રેસ નહેરૂ-ગાંધી ખાનદાનથી આગળ વિચારી નથી શકતી એ સ્પષ્ટ થઈ ગયું છે. સીડબલ્યુસીની બેઠકમાં સોનિયાના નિર્ણયને માન આપીને તેમને છૂટાં કરી દેવાયાં હોત. રાજકારણમાં આ બધું પહેલેથી નક્કી કરાયેલી સ્ક્રિપ્ટ પ્રમાણે ચાલતું હોય છે. સીડબલ્યુસીમાં પણ એ જ થયું એ જોતાં કોંગ્રેસમાં પરિવર્તનને અવકાશ નથી એ સ્પષ્ટ છે. કોંગ્રેસની ભવાઈએ એક વાત ફરી સાબિત કરી છે કે, કોંગ્રેસ કશું શીખી નથી અને છેલ્લા એક વર્ષમાં આટલી બધી પછડાટ ખાવા છતાં તેની સાન ઠેકાણે નથી આવી. કોંગ્રેસે લોકસભાની ચૂંટણીમાં ધોળકું ધોળ્યું તેની જવાબદારી સ્વીકારીને રાહુલ ગાંધીએ કોંગ્રેસ પ્રમુખપદેથી રાજીનામું આપ્યું પછી આ જ ખેલ ચાલેલો. રાહુલે મે મહિનામાં પરિણામો આવ્યાં પછી તરત જ રાજીનામું ધરી દીધેલું. એ રાજીનામાનો સ્વીકાર કરવાના બદલે કોંગ્રેસીઓ તેમને મનાવવામાં જોતરાયા હતા. તે સમયે રાહુલના રાજીનામાનો મુદ્દો બહુ ચગ્યો હતો. કેટલાક કોંગ્રેસીઓએ જ એવી વાતો વહેતી કરેલી કે, કોંગ્રેસના ચમચા અને ભક્તજનોની વાત માનીને રાહુલે રાજીનામાનો વિચાર માંડી વાળ્યો છે. રાહુલ કોંગ્રેસના કર્તાહર્તા રહે અને બધા તેમના ભાયાત બનીને વર્તે એ માટેની ફોર્મ્યુલા પણ તૈયાર કરી દેવાઈ છે. આ ફોર્મ્યુલા પ્રમાણે રાહુલ ગાંધી કોંગ્રેસ સંસદીય દળના ચેરપર્સન બને અને રાજ્યસભા તથા લોકસભામાં અલગ અલગ નેતા મુકાશે. રાહુલ ગાંધીને જે કરવું હોય એ કરવાની છૂટ અપાશે. રાહુલે આ બધી વાતોને ખોટી ગણાવીને રાજીનામું પાછું ખેંચવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો પછી હારીને કોંગ્રેસે રાહુલને બદલે કોણ એ વિચારવાની શરૂઆત કરી હતી. હવે કોંગ્રેસીઓએ ફરી સોનિયા માટે જ વિચાર કર્યો છે.

રાહુલના રાજીનામા પછી સોનિયા પાસે પ્રમુખપદ આવ્યું અને હવે સોનિયા રાજીનામું આપવાની વાત કરે છે ત્યારે કોંગ્રેસીઓ રાહુલ કે પ્રિયંકાની વાત આવે છે. ટૂંકમાં ચલાક ચલાણું ચાલ્યા કરે છે અને નહેરૂ-ગાંધી ખાનદાનનાં ત્રણ ઘરે ફરી ફરીને કોંગ્રેસીઓ પાછા આવે છે. સોનિયા ગમે તે કહે પણ ખાનદાનના ભક્તો જે રીતે મચ્યા હતા તેના પરથી સ્પષ્ટ છે કે એ લોકો તેમને આસાનીથી જવા દેવાના નથી. તેનું કારણ એ છે કે, એ લોકોની દુનિયા જ આ ખાનદાન છે. આ ખાનદાનની ચાપલૂસી કરીને જ એ લોકો મોટા ભા થયા છે. તેના કારણે તેમની દુકાન ચાલે છે. સોનિયાના નેતૃત્વ સામે અવાજ ઉઠાવ્યો એ બધાએ શૂરાતનમાં આવીને સહીઓ તો કરી દીધી પણ એ બધા પણ ફસકી જ ગયા. કેમ કે અંતે તો એ બધા કોંગ્રેસી જ છે. તેમને પણ બીજા કોંગ્રેસીઓની જેમ ગુલામીની માનસિકતા ખાનદાની વારસામાં મળી છે. આઝાદી પહેલાં કોંગ્રેસમાં મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ જેવા ધુરંધર નેતા હતા તેથી કોંગ્રેસમાં નહેરૂનું વર્ચસ્વ ના સ્થપાયું. એ વખતે જવાહરલાલ નહેરૂ કોંગ્રેસની ત્રિપુટીનો ભાગ હતા અને તેમણે ગાંધીજીને પૂછીને નિર્ણય લેવા પડતા હતા. આઝાદી પછી પણ સરદાર પટેલ રહ્યા ત્યાં સુધી નહેરૂની મનમાની નહોતી ચાલતી. આઝાદી પછી તરત જ એટલે કે ચાર મહિના પછી જાન્યુઆરી, ૧૯૪૮માં ગાંધીજીની હત્યા થઈ એટલે ગાંધીજી તો ચિત્રમાં ના રહ્યા, પણ સરદાર પટેલ જીવતા હતા ત્યાં સુધી તેમણે કોંગ્રેસને નહેરૂ-ગાંધી ખાનદાનની બાપીકી પેઢી નહોતી બનવા દીધી. ૧૯૫૦માં સરદાર પટેલનું નિધન થયું પછી જવાહરલાલ નહેરૂ સામે કોઈ પડકાર ના રહ્યો. ૧૯૫૦માં સરદાર પટેલના કારણે ચૂંટાયેલા પુરૂષોત્તમદાસ ટંડનની મુદત પૂરી થઈ પછી નહેરૂ-ગાંધી યુગ શરૂ થયો. શરૂઆત નહેરૂથી જ થઈ. એ પછીનાં વર્ષોમાં એકાદ-બે અપવાદને બાદ કરતાં કોંગ્રેસ પ્રમુખપદે કાં નહેરૂ-ગાંધી ખાનદાનની વ્યક્તિ આવી છે કાં તેમના ચાપલૂસ આવ્યા છે. આ ચાપલૂસોએ કોંગ્રેસને ખાનદાનની બાપીકી પેઢી બનાવવામાં પૂરું યોગદાન આપ્યું તેથી કોંગ્રેસમાં લોકશાહી ખતમ જ થઈ ગઈ. આ બાબત આઘાતજનક છે અને વધારે આઘાત એ જોઈને લાગે કે, કોંગ્રેસ માનસિક રીતે એટલી ગરીબ થઈ ગઈ છે કે, પ્રમુખપદ માટે નહેરૂ-ગાંધી ખાનદાન સિવાય બીજાં કોઈ નામો પર ચર્ચા સુધ્ધાં કરવા તૈયાર નથી. કોંગ્રેસ પાસે નેતાઓની કમી નથી. કોંગ્રેસ રાષ્ટ્રીય સ્તરે નબળી પડી છે અને રાષ્ટ્રીય સ્તરે ખાનદાનના ચમચા ચડી બેઠા છે એ કબૂલ પણ રાજ્ય કક્ષાએ કોંગ્રેસ પાસે હજુ મજબૂત કહેવાય એવા નેતાઓ છે જ. કોંગ્રેસ રાજસ્થાન, મધ્ય પ્રદેશ, પંજાબ અને છત્તીસગઢ જેવાં મહત્ત્વનાં રાજ્યોમાં પ્રાદેશિક નેતાઓના જોરે જ સત્તામાં આવી હતી.

લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસનું બધે નામું નખાઈ ગયું ત્યારે પણ કેરળ જેવા રાજ્યમાં કોંગ્રેસે સારો દેખાવ કર્યો જ હતો. કોંગ્રેસ પાસે રાજ્યોમાં સારા નેતા ના હોય તો આ રાજ્યોમાં કોંગ્રેસનો દેખાવ સારો ના જ હોત. કોંગ્રેસ પ્રમુખપદ માટે આ નેતાઓમાંથી કોઈનાં પણ નામ વિચારી શકે પણ એ નામો વિચારવા પણ તૈયાર નથી.

manoj1968@yahoo.ca









# ગોવર્ધનથાળ



સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

$12.99 (M-T) / $14.99 (F-S)

**CATERING SPECIAL**

$ 6.99 10 items

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીંગ સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



Promotional Price

$500

Per Person / Per Month



Knights Inn & Suites

Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

# કેનેડામાં ખરીદીની ગાડી પાટે ચઢી, અર્થતંત્રને ફાયદો

## જુન માસમાં નોંધાયેલા ઉછાળામાં વાહનો અને સ્પેરપાર્ટ્સ સેકટરમાં ૫૩.૪ ટકા ખરીદી નોંધાઈ

### • માસિક વેચાણના આંકડા કોરોના મહામારી પહેલાના આંકને પાર કરી ગયા



ઓટાવાઃ જુન માસમાં કોવિડ -૧૯ને કારણે લદાયેલા પ્રતિબંધો હળવા કરાયા બાદ કેનેડીયનોએ પહેલાની જેમ જ મોટાપ્રમાણમાં ખર્ચ કરવાનું શરૂ કરી દીધું હોવાનું સ્ટેટેસ્ટીકસ કેનેડાએ શુક્રવારે જાહેર કરેલા આંકડાઓથી સ્પષ્ટ થાય છે. કેનેડાના માસિક વેચાણના આંકડા મહામારી પહેલાના આંકને પાર કરી ગયા હતા.

જુન માસમાં રીટેલ સેલ ૨૩.૭ ટકા વધીને ૫૩ બિલીયન યુએસ ડોલર થયો હતો. જયારે મે માસના આંકડામાં પણ એજન્સીએ સુધારા સાથે ૨૧.૧ ટકાનો ગણાવ્યો હતો, જે અગાઉના અંદાજ મુજબ ૧૮.૭ ટકા હતો. સ્ટેટેસ્ટીકસ કેનેડાના જણાવ્યા મુજબ જુનનું વેચાણ ફેબ્રુઆરીની સરખામણીમાં ૧.૩ ટકા વધુ હતું, જે કોરોના મહામારી પહેલાનો છેલ્લો માસ હતો ત્યારબાદ જ કોવિડ -૧૯ના પ્રસારને રોકવા મોટાપાયે શટડાઉનની જાહેરાત આરોગ્યવિભાગે કરી હતી.

નાણાંબજારના આંકડા દર્શાવનારી પેઢી રીફીનીટીવના જણાવ્યા મુજબ અર્થશાસ્ત્રીઓએ જુન માસમાં વેચાણમાં ૨૪.૫ ટકાની વૃદ્ધિનો અંદાજ રજુ કર્યો હતો. ટીડી બેંકના અર્થશાત્રી સેનિયા બુશમેનેવાએ કહ્યું હતું કે રીટેલ વેચાણમાં જોવા મળેલો ઉછાળો વી આકારનો હતો. જે મોટા ઘટાડા બાદની ઝડપી રીકવરીનો સુચક છે. તેમણે પોતાના એક અહેવાલમાં જણાવ્યું હતું કે બજારો ફરીથી શરૂ થયા બાદની પ્રક્રિયામાં અર્થતંત્રએ લોકડાઉનને કારણે જે ગતિ ગુમાવી દીધી હતી તે ફરીથી પ્રાપ્ત કરી લીધી હોય એવું લાગે છે. વાહનોના વેચાણના આંકડા મજબૂત થતા જાય છે અને બીજા ક્ષેત્રોમાં પણ નવી માંગ ઉભી થઈ રહી છે. જેમાં વસ્ત્રો અને ફર્નીચરનો સમાવેશ થાય છે. આ સેકટરને લોકડાઉનની વધુ અસર થઈ હતી. મે અને જુન માસમાં જોવા મળેલો વેચાણનો ઉછાળો આવનારા સમયમાં ચાલુ રહે એવી કોઈ શકયતા નથી જણાતી છતાં સ્ટેટેસ્ટીકસ કેનેડાના અંદાજ મુજબ જુલાઈના વેચાણમાં ૦.૭ ટકાનો વધારો થઈ શકે છે.


WANTED HOUSE KEEPER

Live in house keeper needed for a religious vegetarian hindu family and looking after the house.
Must be pure vegetarian.
**Couple or single lady over 40 years welcome.**
Contact : Jaimala Gelda (416) 569-7795

ઘરની સાર સંભાળ રાખનાર જોઈએ છે

શાકાહારી, હિન્દુ, ધાર્મિક પરિવારને ઘરની સારસંભાળ રાખી શકે તેવા વ્યક્તિની જરૂર છે. શુદ્ધ શાકાહારી હોવું જરૂરી છે. કપલ અથવા ૪૦ વર્ષથી ઉપરની મહિલા પણ ચાલશે.
સંપર્ક કરો : જયમાલા ગેલડા : (416) 569-7795

WANTED DESK + ORDER PICKER FOR A FOOD WAREHOUSE.

Full time Qualified experienced order desk + order picker for a food warehouse. Permanent job opportunity. Person with computer knowledge of excel for order desk and order picker for food warehouse.
Contact person- Kesh Gelda (416) 399-7795.
Email your resume : Kesh@gelda.com

ADS GAS SERVICES AND INSTALLATIONS INC.

- GAS FURNACE
- Gas Line Installation Stove, BBQ, Dryer
- Fire Places
- Humidifier
- Fridge Water Line
- Dryer & Washer Installation
- Dishwasher Installations

Air condition installed start from $1800



Registered Licensed Contractor
Call: VIPUL SHAH
www.adsgas.ca
416.988.5784
Email:adsgasservice@gmail.com
WE ALSO REPAIR RESTAURANT EQUIPMENT

THANK YOU FRONTLINE WORKERS

MD MORTGAGE DILIGENT
A STEP AHEAD
FSRA # 10252

➲ Purchase ➲ Refinance ➲ Renewal/Switch

5 Yrs Fixed @ 1.79%* High Ratio Only
5 Yrs Variable @ 1.70%* High Ratio Only



Rakesh Patel** Vice President- Commercial.
Pranay Jani *
Nilesh Tailor *
Tushar Patel*
Bala Shah*
Vijay Rana*



Rajesh Khurana, MBA
Principal Broker

Tel.: 289 521 6900
1305 Matheson Blvd E, Mississauga ON L4W 1R1
• info@mortgagediligent.com • www.mortgagediligent.com

Cell : 416-616-1300

Rates are subject to change without notice.* FSCO#10252,OAC,E&O.E * - Mortgage Agent, ** - Vice President
* Some conditions apply

# રાજ્યમાં કોરોનાના વધુ ૧૧૯૦ કેસ ૧૭ મોત સાથે કુલ મૃત્યુઆંક ૨૯૬૪

ગાંધીનગર : રાજ્યમાં આજે કોરોના વાયરસના ૧૧૯૦ નવા કેસ નોંધાયા છે અને વધુ ૧૭ લોકોના મોત સાથે કોરોનાથી કુલ મૃત્યુઆંક ૨૯૬૪ પર પહોંચ્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે.

મૃત્યુંઆક જોઈએ તો રાજ્યમાં આજે અમદાવાદ કોર્પોરેશનનમાં ૩, સુરત કોર્પોરેશનમાં ૩, રાજકોટ કોર્પોરેશનમાં ૨, સુરતમાં ૨, અમરેલી-૧, આણંદ-૧, કચ્છ-૧, પાટણ-૧, રાજકોટ-૧, વડોદરા કોર્પોરેશનમાં ૧, વલસાડમાં ૧ મળી કુલ ૧૭ લોકોના મોત થયા છે.

રાજ્યમાં આજે નોંધાયેલા વિવિધ સંક્રમિત કેસોની વાત કરીએ તો સુરત કોર્પોરેશનમાં ૧૬૯, અમદાવાદ કોર્પોરેશનમાં ૧૪૩, સુરત- ૮૯, વડોદરા કોર્પોરેશનમાં ૮૯, જામનગર કોર્પોરેશન - ૭૯, રાજકોટ કોર્પોરેશન-૬૬, વડોદરા-૩૪, અમરેલી-૩૦, ભાવનગર કોર્પોરેશન-૩૦, રાજકોટ-૩૦, પંચમહાલ-૨૮, કચ્છ- ૨૭ મોરબી-૨૪, ભરુચ-૨૧, ભાવનગર-૨૧, મહેસાણા-૨૧, અમદાવાદ-૨૦, ગાંધીનગર કોર્પોરેશન-૨૦, દાહોદ-૧૯, બનાસકાંઠા-૧૭, દેવભૂમિ દ્વારકા-૧૭, ગીર સોમનાથ-૧૭, પાટણ-૧૬, જુનાગઢ કોર્પોરેશન-૧૫, બોટાદ-૧૪, નર્મદા-૧૪, જુનાગઢ-૧૩, નવસરારી ૧૨, છોટાઉદેપુર-૧૧, મહિસાગર ૧૧, જામનગરમાં ૧૦, ગાંધીનગર-૮, ખેડા-૮, આણંદ-૭, ડાંગ-૭, સાબરકાંઠા-૭, તાપી, ૭, પોરબંદર-૫, સુરેન્દ્રનગર-૫, વલસાડ-૫, અને અરવલ્લીમાં ૪ કેસ નોંધાયા છે.

આજે રાજ્યમાં કુલ ૭૬,૨૨૭ ટેસ્ટ કરવામાં આવ્યા હતા,રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૨૦,૪૫,૯૫૧ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યના અત્યાર સુધીમાં ૭૩,૫૦૧ દર્દીઓ સાજા થયા છે. રાજ્યનો દર્દીઓ સાજા થવાનો દર ૮૦.૪૮% ટકા છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૪૮૬૪ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૯૧ છે. જ્યારે ૧૪૭૭૩ લોકો સ્ટેબલ છે. ૭૩,૫૦૧ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે, રાજ્યમાં ૯૧ દર્દી વેન્ટીલેટર પર છે અને ૧૪,૭૭૩ લોકો સ્ટેબલ છે. રાજ્યમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૯૧,૩૨૯ પર પહોંચી છે.

## સરકારી હોસ્પિ.ની મુલાકાત લેવા પાંચ વરિષ્ઠ IAS અધિકારીઓની કમિટી રચના કરો : હાઈકોર્ટ

રાજકોટ : હાઈકોર્ટે રાજ્યની તમામ સરકારી અને સિવિલ હોસ્પિટલોની મુલાકાત લેવા માટે પાંચ વરિષ્ઠ IAS અધિકારીઓની કમિટી રચવા આદેશ કર્યો છે. ૪ સપ્ટેમ્બર સુધીમાં કોરોનાની સારવારની ખામીઓ અને સુધારણા માટેના સૂચનો સાથે રજૂ કરવા રાજ્ય સરકારને આદેશ આપ્યો છે.

# રાજકોટમાં કોવિડ હોસ્પિ.માં દર્દીને તોતિંગ બિલ સામે કોંગ્રેસનો મોરચો

રાજકોટઃ કોરોના વાઈરસના સંક્રમણનો ભોગ બનેલા લોકોને પૂરતી અને સમયસર રાહત દરે સારવાર મળી રહે તે માટે રાજ્ય સરકારે ખાનગી હોસ્પિટલોને સારવારની નિયત ફી નક્કી કરીને માન્યતા આપી હતી પરંતુ અમદાવાદ, સુરત અને રાજકોટ સહિતના મહાનગરોમાં ખાનગી હોસ્પિટલો દ્વારા કોરોના પોઝિટિવ દરદીઓની મજબૂરીનો ગેરલાભ ઉઠાવીને તેમની પાસેથી તોતીંગ ફી વસૂલવાના અનેક કિસ્સા બહાર આવી ચૂક્યા છે ત્યારે રાજકોટમાં કોંગ્રેસ દ્વારા ખાનગી કોવિડ હોસ્પિટલોમાં થતી લૂંટનો વિરોધમાં આજે દેખાવો યોજીને વિરોધ વ્યકત કર્યો હતો. રાજકોટમાં કોરોના કેસની સંખ્યા દિવસેને દિવસે વધતી જાય છે. રાજકોટની ખાનગી કોવિડ હોસ્પિટલોમાં દર્દીઓને મસમોટા બિલ ફટકારવામાં આવતા હોવાના આક્ષેપ સાથે રાજકોટ કોંગ્રેસ મેદાનમાં આવી છે. કોંગ્રેસના નેતા હેમાંગ વસાવડાએ આક્ષેપ સાથે જણાવ્યું હતું કે, રાજકોટમાં કોવિડ હોસ્પિટલોમાં દર્દીઓ પાસેથી ખોટા રૂપિયા પડાવવામાં આવે છે અને લોકોને લૂંટવામાં આવે છે. રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અશોક ડાંગર, હેમાંગ વસાવડા સહિત કોંગ્રેસના નેતાઓએ જિલ્લા કલેક્ટરને આ અંગે આવેદનપત્ર પાઠવ્યું હતું.

# ખોડલધામના નરેશ પટેલના પરિવારના ૪ સભ્ય, સુરતના ધારાસભ્યને કોરોના

ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલના મોટાભાઈનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેમના પત્ની અને બે સંતાનોને પણ કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. નરેશ પટેલના પરિવારમાંથી ૪ સભ્યોને કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. સુરતના મજુરા વિધાનસભાના ધારાસભ્ય હર્ષ સંઘવીનો રીપોર્ટ કોરોના પોઝીટીવ આવ્યો છે, આ ઉપરાંત અમદાવાદ પશ્ચિમના સાંસદ કિરિટી સોલંકી પણ કોરોનાથી સંક્રમિત થયા છે.







સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# જમીન પચાવી પાડનારાઓની ખેર નથી, સરકાર ટૂંક સમયમાં લાવશે કડક કાયદો



અમદાવાદ : રૂપાણીએ ગુજરાતમાં સરકારી, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની કે જાહેર ટ્રસ્ટ-ધર્મસ્થાનકો, ખેડૂતો કે ખાનગી વ્યકિતની માલિકીની જમીન પર ગેરકાયદે કબજો જમાવનારા ભૂમાફિયા તત્વો સામે કડકાઈથી પેશ આવવાનો સક્ષ એકટ-ખરડો પસાર કરવાનો નિર્ધાર કર્યો છે. મુખ્યમંત્રી આવતીકાલ, બુધવારે મળનારી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આ અંગેની દરખાસ્ત રજૂ કરવાના છે. વૈશ્વિક વિકાસની હરણફાળ ભરી રહેલા દેશના અગ્રેસર રાજ્ય તરીકે ગુજરાત દેશ-દુનિયાના રોકાણકારો, ઊદ્યોગો, વેપાર-રોજગાર માટે બેસ્ટ ચોઈસ ફોર ઈન્વેસ્ટમેન્ટ અને લેન્ડ ઓફ ઓપોર્ચ્યુનિટી બન્યું છે. રાજ્યના મહાનગરપાલિકા વિસ્તારો અને ઔદ્યોગિક વિસ્તારોમાં તથા રહેણાંકના હેતુ માટે જમીનની માંગમાં સતત વધારો થઈ રહ્યો છે. અને સાથો સાથ જમીનના બજાર મુલ્યમાં વધારો થઈ રહ્યો છે.

રાજ્ય સરકારને પણ ધરતીપુત્રોની તેમજ ધાર્મિક સંસ્થાઓની જમીન પચાવી પાડી તેના પર બાંધકામ કરી વેચી દેવા સુધીની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સુધીની ફરીયાદો મળેલ છે. વ્યક્તિગત કિસ્સાઓમાં પણ રાજ્યમાં અનેક લોકો આવા તત્વોનો શિકાર બન્યાનું ધ્યાન પર આવેલ છે. તે સંજોગોમાં કોઈપણ સ્વરૂપમાં જમીન પચાવી પાડવા પર આ કાયદાથી પ્રતિબંધ મુકાયેલ છે. અને આવી પ્રવૃત્તિને ગેરકાયદેસર જાહેર કરેલ છે.

# ગુજરાતમાં ફાયર સેફ્ટીના કાયદાની અમલવારીનો રિપોર્ટ આપો : હાઇકોર્ટ

• વિવિધ બહુમાળી ઈમારતોમાં ફાયર સેફ્ટીનું સ્પષ્ટ ચિત્ર આપતું સોગંદનામું કરવા રાજ્ય સરકારને આદેશ



અમદાવાદ : ગુજરાતમાં ફાયર સેફ્ટી એક્ટની અમલવારીની વર્તમાન પરિસ્થિતિ અંગે રાજ્ય સરકાર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને છ અઠવાડિયામાં અહેવાલ રજૂ કરવા હાઈકોર્ટ આદેશ કર્યો છે. અમદાવાદના નવરંગપુરાની શ્રેય હોસ્પિટલમાં બેદરકારીના કારણે આગ લાગવાથી આઠ કોરોના દર્દીઓના મોત થયા હતા, જેને અનુસંધાને ગુજરાતમાં ફાયર સેફ્ટીના કાયદાના યોગ્ય અમલીકરણ, શ્રેય હોસ્પિટલ દુર્ઘટનાની નિષ્પક્ષ તપાસ અને મૃતકોના પરિવારને વળતર માટે થયેલી રિટમાં આ આદેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત હાઈકોર્ટે સ્પષ્ટતા કરે છે કે સમગ્ર કાર્યવાહીને ધ્યાને રાખી રાજ્ય સરકારને છ અઠવાડિયોને સમય અપાયો છે.

## આગામી સપ્તાહે રાજ્યની આઠ પેટા ચૂંટણીની તારીખો જાહેર થાય તેવી શક્યતા

ગાંધીનગર : ગુજરાત વિધાનસભાની ૮ બેઠકો પરની પેટા ચૂંટણી ટુંક જ સમયમાં તારીખો જાહેર થાય તેવી શક્યતા છે. મોરબી, લીંબડી, ગઢડા, ડાંગ, અબડાસા, કપરાડા, ધારી અને કરજણ બેઠકો પર પેટા ચૂંટણી થવાની છે. કોંગ્રેસના ધારાસભ્યોએ રાજ્યસભાની ચૂંટણી દરમિયાન રાજીનામાં આપતા આ બેઠકો ખાલી પડી છે. આગામી સમયમાં કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા પેટાચૂંટણીની તારીખો જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. જો કે આ ચૂંટણી કોરોના મહામારી વચ્ચે કઈ રીતે કરાવી શકાય તે અંગે વિચારણા ચાલી રહી છે. વધારે કેન્દ્રો પર ચૂંટણી કરાવવા અંગે વિચારણા ચાલી રહી છે. જેથી લોકોની ભીડ ઓછી થાય. સામાન્ય રીતે જેટલા કેન્દ્રો ફાળવવામાં આવતા હોય તેના કરતા બમણા કેન્દ્રો ફાળવાય જેથી દરેક કેન્દ્ર પરના મતદાતાઓની સંખ્યા અડધી થઈ જાય.

## વિસાવદરમાં કોંગ્રેસના ૨ સભ્યના ટેકાથી ભાજપે સત્તા હાંસલ કરી

• સૌરાષ્ટ્રમાં ૨૪ નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી

સૌરાષ્ટ્રની ૨૪ નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરવામા આવી હતી. જેમા ૧૬મા ભાજપ, ૭માં કોંગ્રેસ અને ૧મા એનસીપીના પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી થઈ છે. વિસાવદરમા અપસેટ સર્જાયો હતો. ૧૮ વર્ષ બાદ કોંગ્રેસના બે સભ્યોના ટેકાથી ભાજપે સત્તા હાંસલ કરી છે. માણાવદરમા પરિણામ અનામત રાખવામા આવ્યુ છે. કાલાવડમા મતદાન બાદ ભાજપના હોદેદારો સતા આરૂઢ થયા હતા.

પોરબંદરના રાણાવાવ પાલિકાના પ્રમુખપદે જયાબેન રામભાઈ ઓડેદરા, ઉપપ્રમુખ તરીકે રાજાભાઈ જેઠાભાઈ પાંડાવદરાની વરણી થઈ હતી.કુતિયાણા પાલિકામા ઢેલીબેન ઓડેદરા અને ઉપપ્રમુખપદે બાબુભાઈ લીલાભાઈ ઓડેદરાની વરણી કરવામા આવી હતી. દ્વારકા જિલ્લાની ભાણવડ પાલિકાના પ્રમુખપદે ગોદાવરીબેન કણઝારીયા, ઉપપ્રમુખ તરીકે નરેન્દ્રસિંહ ભારાણીની વરણી થઈ હતી. દ્વારકા પાલિકામા પ્રમુખ તરીકે ભાજપના જયોતિબેન સામાણી તેમજ ઉપપ્રમુખ તરીકે પ્રકાશભાઈ વાઘેલાની વરણી કરવામા આવી હતી.

## ગુજરાતમાં સીઝનનો ૧૦૦% વરસાદ, ૮ ટકા વરસાદ તો ૨૪ કલાકમાં જ નોંધાઈ ગયો

અમદાવાદઃ સોમવાર સવાર સુધી ગુજરાતમાં સીઝનનો ૧૦૦ ટકા વરસાદ નોંધાઈ ચૂક્યો છે. જેમાં કુલ વરસાદનો ૮ ટકા એટલે કે ૬૭.૮ મીમી વરસાદ તો રવિવારે ૨૪ કલાકમાં જ નોંધાયો હતો ઓગસ્ટ મહિનામાં જ રાજ્યમાં ૧૦૦ ટકા વરસાદ નોંધાયો હોય તેવું છેલ્લા ૧૦ વર્ષમાં પહેલીવાર બન્યું છે.

શનિવારે રાતથી શરૂ થયેલો વરસાદ રવિવાર સાંજ સુધી યથાવત રહ્યો હતો. રવિવારે ભારે વરસાદ પડતા નદીઓ ઓવરફ્લો થઈ ગઈ હતી. જેના કારણે ૧૦થી વધુ ડેમો હાઈએલર્ટ પર છે. રવિવારે ગુજરાતના અનેક વિસ્તારોમાં મુશળધાર વરસાદ પડતા જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી અને જનજીવન પણ ખોરવાઈ ગયું હતું. નદીઓમાં પૂર આવતા અનેક વિસ્તારોમાં પાણી ઘૂસી આવ્યા હતા.

Beauty Salon & Nail Spa for Sale


Come take a look of it and give me your OFFER
Running business, Two department,
One nail spa, One hair salon, 2 facial rooms.
1421 SQ Feet
$4100 including TMI
Same location is a salon for more then 20 years.
647-761-2037

"Savings For YOU, Protection for Your Loved Ones"
: Offered services :
1. Life Insurance
2. Mortgage Insurance
3. Critical Illness Insurance
4. Visitors Medical Insurance
5. Tax Return Filing
6. Super Visa Travel Insurance

Shailesh Patel
CALL TODAY
Cell : 416 837 9155
Email : shailesp@gmail.com
We represent many insurance companies, we can shop around for best rates.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ
બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631
સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com








હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર

નિહાળો નીત નવા રૂપરંગમાં !!

માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!

રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

www.swadesh.news

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો

info@swadesh.news

હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.

23 Lyric Road, Brampton ON L6S 0B4.


## હવેલી સંગીત અને ભજનને આંતર રાષ્ટ્રીય સ્તરે પહોંચાડવામાં સંગીત માર્તંડ પંડિત જસરાજનું અમૂલ્ય યોગદાન

# પંડિત જસરાજ : શાસ્ત્રીય સંગીતનો બેજોડ સિતારા

**શ્રધ્ધાંજલિ**

**ધવલ શુક્લ**

કોરોનાના સમયગાળામાં ભારતીય ફિલ્મજગતના કેટલાક સિતારા ગુમાવ્યા બાદ ૧૨ દિવસ પહેલાં સંગીતની દુનિયાના સુપ્રસિદ્ધ સંગીત માર્તંડ પંડિત જશરાજનું અમેરિકા ખાતે નિધન થયું હતુ. સાત સુરોના સામ્રાજ્યના ઝળહળતા તાજ સમા સંગીત માર્તંડ પંડિત જસરાજ હવે પંચમહાભૂતમાં વિલિન થઈ ચૂક્યા છે. ૯૦ વર્ષની ઉંમર અને એંશી વર્ષ સુધી સંગીત સાથેનો સંબંધ ગણતરીના શબ્દોમાં બંધાઈ ન શકે. આ વિભૂતિને ત્રણ સપ્તક કે તાલની માત્રાના બંધન નહોતા જ છતાં ય એ ગણતરીઓ, એ સ્વરોની ગોઠવણ વચ્ચે એક જિનિયસ જિંદગી જીવાઈ. જેની તોલે કોઈ ન આવી શકે તેવા પંડિત જસરાજ જેવા તો સદીમાં માંડ એકાદ પાકે એમ કહેવામાં કોઈ જ અતિશયોક્તિ નથી. ગહેરાઈ અને સુવાળપ બંનેનું યોગ્ય સમન્વય ધરાવતા પંડિત જસરાજ દેશી અને માર્ગી કળાનો ભેદ તો પારખતા જ હતા. આ સાથે તેમનો અભિગમ હંમેશા લોકલક્ષી રહ્યો. હવેલી સંગીત અને ભજનને શાસ્ત્રીય સ્તરે લાવવા અને ભાવ અને ભક્તિ બંનેની પરાકાષ્ઠાનો અનુભવ શાસ્ત્રીય સંગીતના માધ્યમથી ભલભલાને કરાવવો તેમનું કૌશલ્ય હતું.

શાસ્ત્રીય ગાયકીના દિગ્ગજ પંડિત જસરાજનો જન્મ ૨૮ જાન્યુઆરી ૧૯૩૦માં થયો હતો. જસરાજ ભારતના પ્રસિદ્ધ શાસ્ત્રીય ગાયકોમાંથી એક હતા. પંડિત જસરાજનો સંબંધ મેવાતી ઘરાનાથી રહ્યો છે. માત્ર ચાર વર્ષના હતા ત્યારે તેમના પિતા પંડિત મોતીરામનું નિધન થયું હતું. તેમનું ભરણપોષણ તેમના ભાઈ પંડિત મણિરામે કર્યું. પંડિત જસરાજને સંગીત દુનિયામાં ૮૦ વર્ષથી વધુ સમય થયો. આ દરમિયાન તેમને કેટલાક પુરસ્કાર પણ મળ્યા. શાસ્ત્રીય અને અર્ધ-શાસ્ત્રીય સ્વરોમાં તેમના પ્રદર્શનોને એલ્બમ અને ફિલ્મ સાઉન્ડટ્રેક તરીકે પણ બનાવ્યામાં આવ્યા છે. જસરાજે ભારત, કેનેડા અને અમેરિકામાં સંગીત શીખવાડ્યું હતું. તેમના ઘણા શિષ્યો લોકપ્રિય સંગીતકાર પણ બન્યા છે.

હરિયાણાના હિસારમાં જન્મેલા પંડિત જસરાજ પોતાના શરૂઆતના દિવસોમાં શાસ્ત્રી સંગીત સાથે જોડાયેલા હતા પણ ગાયન સાથે તેમને કોઈ સંબંધ નહોતો. ચાર પેઢીઓથી શાસ્ત્રીય સંગીતની ધરોહર ધરાવનારા પરિવારમાં પુત્રરત્ન થાય ત્યારે તો તબલાં વગાડતા હતા. તેમના પિતા પંડિત મોતીરામ પણ મેવાતી ઘરાનાના સંગીતજ્ઞા હતા. તેમના પિતાનું અવસાન થયા બાદ જસરાજ તબલાં શીખવા લાગ્યા અને તેને જ પોતાના જીવનનું લક્ષ્ય બનાવ્યું. ત્યારબાદ તેમણે ધીમે ધીમે ૧૪ વર્ષની ઉંમરથી ગાયકીની શરૂઆત કરી. ત્યારબાદ લગભગ સાડા ત્રણ સપ્તક સુધી તેમણે શુદ્ધ ઉચ્ચારણ અને સ્પષ્ટ ભાષાના મેવાતી ઘરાનાની પરંપરા અને વિશેષતાને વિશ્વ સ્તરે પહોંચાડી. તેઓ એવા પ્રથમ ભારતીય શાસ્ત્રીય સંગીતજ્ઞા અને ગાયક હતા જે સાતેય ખંડોમાં પ્રસ્તુતી આપી આવ્યા હતા.

તેમને તબલાંથી આગળ સંગીતમાં વધવાની દિશા ખબર નહોતી. જસરાજજીએ એક વખત ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, ૧૪ વર્ષની ઉંમરે બનેલી એક ઘટનાએ મારું જીવન બદલી નાખ્યું. તેમણે જણાવ્યું કે, ૧૯૪૫માં લાહોરમાં હું કુમાર ગંધર્વ સાથે એક કાર્યક્રમમાં તબલાં ઉપર સંગત આપી રહ્યો હતો. બીજા દિવસે કુમાર ગંધર્વે મને કહ્યું, જસરાજ તુમ મરા હુઆ ચમડા પીટતે હો, તુમ્હે રાગદારી કે બારે મેં કુછ નહીં પતા. બસ તે દિવસથી મેં તબલાંને હાથ નહોતો અડાડયો. ત્યારથી મેં તબલાંવાદનને બદલે ગાયકીને પ્રાધાન્ય આપ્યું. ત્યારથી જન્મ થયો પંડિત જસરાજનો. ધીમે ધીમે તેમણે મેવાતી ઘરાનાને અપનાવ્યું અને તેને આગળ વધાર્યું. જસરાજજીએ તેમની યુવાનીના દિવસો હેદરાબાદમાં વિતાવ્યા હતા. આ દરમિયાન તેઓ ઘણો સમય ગુજરાતના સાણંદમાં પણ રહ્યા હતા. અહીંયા તેઓ રહીને મેવાતી ઘરાનાનું સંગીત શીખતા હતા. તે ઉપરાંત આ ઘરાનાની વિવિધ પ્રસ્તુતિઓ પણ તેમણે સાણંદમાં કરી હતી. પંડિત જસરાજે સાણંદના ઠાકુર સાહેબ મહારાજ જયવંતસિંહ વાઘેલા સામે પણ મેવાતી ઘરાનાના સંગીતની ઘણી પ્રસ્તુતિઓ આપી હતી. તેમની પાસેથી જસરાજજીએ આ ઘરાનાની ઘણી બધી બાબતો પણ શીખી હતી. ત્યારબાદ તેઓ ૧૯૪૬માં કોલકાતા ગયા અને રેડિયો ઉપર ક્લાસિકલ મ્યૂઝિક રજૂ કરતા થયા.

શ્રી વલ્લભાચાર્ય રચિત ભગવાન શ્રી કૃષ્ણ ઉપરની અત્યંત સુંદર કૃતિ મધુરાષ્ટકમ્ જસરાજજીને ખૂબ જ પ્રિય હતું. તેમણે પોતાના અવાજ થતી મધુરાષ્ટકમ્ને ઘરે ઘરે પહોંચાડી દીધું હતું. પંડિતજી પોતાના દરેક કાર્યક્રમમાં મધુરાષ્ટકમ ગાવાનો આગ્રહ રાખતા હતા. તેઓ હંમેશા પોતાની ગાયકી સાથે છૂટછાટ લેતા હતા. તેઓ મેવાતીની ખયાલ શૈલીને વરેલા રહેતા છતાં ઘણી વખત બીજી શૈલીને અને બીજા ઘરાનાના રાગને પણ પોતાના રાગમાં જોડી લેતા હતા. તે સમયે તેમની આમ કરવા બદલ ટીકા થતી હતી પણ હવે આ પદ્ધતિને વૈશ્વિક ધોરણે આવકાર મળેલો છે. તેમણે મહિલા અને પુરુષ સાથે અલગ અલગ રાગમાં ગવડાવવાની અનોખી જુગલબંદી શરૂ કરાવી હતી. તેને તેમણે જસરંગી નામ આપ્યું હતું. તેમણે ૧૯૭૫માં બિરબલ માય બ્રધર નામની ફિલ્મના ગીત માટે પંડિત ભીમસેન જોશી સાથે જુગલબંધી કરી હતી. આ ઉપરાંત ૧૯૨૦ અને લાઈફ ઓફ પાઈ જેવી ફિલ્મ માટે પણ ગીત ગાયા છે.



એંશી વર્ષ સુધી સંગીત સાથે સતત સબંધ રાખનારા જસરાજે ૯૦ વર્ષની ઉંમરે દુનિયાની અલવિદા કહી, તાલ માત્રાના બંધન વિના શબ્દોની ગોઠવણની અદ્ભૂત કલાકારી તેમનામાં હતી

પંડિતજીને પદ્મ શ્રી, સંગીત નાટક અકાદમી એવોર્ડ, પદ્મ ભૂષણ, પદ્મ વિભૂષણ, સ્વાથી સંગીત પુરુષ્કાર, સંગીત નાટક અકાદમી ફેલોશિપ, ભારત રત્ન ભીમસેન જોશી ક્લાસિકલ મ્યૂઝિક લાઈફ એચીવમેન્ટ એવોર્ડ, સંગીત કલા રત્ન અને માસ્ટર દિનાનાથ મંગેશકર એવોર્ડ મળ્યા હતા. જે તેમની કલાકારીની કદર રૂપે મળ્યા હતા. સપ્ટેમ્બર ૨૦૧૯માં પંડિત જસરાજને અમેરિકામાં અનોખું સન્માન મળ્યું હતું. ૧૩ વર્ષ પહેલાં શોધાયેલા ગ્રહનું નામ તેમના નામ ઉપરથી રાખવામાં આવ્યું હતું. નાસા અને ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યૂનિયન દ્વારા આ ગ્રહની શોધ કરવામાં આવી હતી. આ ગ્રહનો નંબર પંડિત જસરાજની જન્મ તારીખ કરતા ઊંધો હતો એટલે કે ૩૦૦૧૨૮ હતો. તેના કારણે આ ગ્રહને પંડિત જસરાજ નામ આપવામાં આવ્યું હતું. ૨૦૧૨માં પંડિત જસરાજે એન્ટાર્કટિકાના દક્ષિણ ધ્રુવ ઉપર પ્રસ્તુતી આપવાની અનોખી સિદ્ધિ મેળવી હતી.

છેલ્લા એક દાયકમાં ભારતીય શાસ્ત્રીય સંગીત વાદ્ય વિશ્વએ જ ગુમાવ્યા છે, તે તમામ કોઈ સીમા ચિહ્નોથી કમ નથી. તે દરેક આગવો સુરજ હતા. પછી તે પંડિત ભીમસેન જોશી હોય, પંડિત રવિશંકર હોય, લક્ષ્મી શંકર હોય, અન્નપૂર્ણા દેવી, કિશોરી આમોનકર, ગિરીજા દેવી, રમાકાંટ ગુંડેચા, એમે બાલમુરલીક્રિષ્ના, બબ્બન રાવ હળદનકર, અબ્દુલ હલીમ જાફર ખાન કાદરી, ગોપાલનાથ છેલ્લા દસ વર્ષની ખોટ છે. પહેલા ઉત્સાદ બિસમિલ્લા ખાનતે અને એ દાયકાની શરુઆતમાં ઉસ્તાદ અલ્લરખ્ખા કુરેશી હતા. અઢી ત્રણ દાયકાની સફર ખેડીએ તો ય આપણને જે સિમા ચિહ્નો સામા મળે છે તેમાં તેમની બરોબરી કરી શકે તેવું કે તેમના જેટલું કે તેમના જેવું યોગદાન આપી શકે તેવું આ સંગીત સમ્રાટો પછીનો જે ફાલ થયો છે તેમાં છે તેવું ગળું ખોંખારીને દરેક કળા, ઘરાના, વાદ્ય માટે કહેવું શક્ય નથી. સિતાર વાદક મેસ્ટ્રો શૂજાત ખાને એક મુલાકાતમાં કહ્યું હતું કે, કા તો તમે ગુમાવી દીધું છે તેનો અફસોસ કરી શકો કાં તો પછી તમે જે યુગ તેઓ સર્જીને ગયા છે તેને જીવો. સ્વીકારો અને ઉજવો. જે ગયા તેમની કલાની ઝલક પણ ધૂમકેતું જેવી ઝલાહળ જ હોય અને માટે ભલે ટૂંકમાં તો ટૂંકમાં પણ તેમના યોગદાનનો એક સૂર તો લલકારવો જ રહ્યો. ઉસ્તાદ અલ્લા રખા જેને એક પેઢી ઝાકીર હુસેનના પિતા તરીકે જાણે છે તેમને કારણે તબલાને એક અલાયદા વાદ્યનો દરજ્જો મળ્યો. તેમને તબલાનાં આઈન્સ્ટાઈન અને પિકાસો કહેવાતા. તેમણે તબલાને સેન્ટર સ્ટેજમાં લાવવાનું કામ કર્યું હતું.

स्वदेश

FRIDAY 28 AUGUST 2020



## સંજય દત્તને અમેરિકાનાં ૫ વર્ષનાં વિઝા મળ્યા

મુબઇ: થોડા દિવસ પહેલા સંજય દત્તને પોતાની કેન્સરની બીમારી અંગે જાણ થઈ. હાલ તો તે પોતાની પ્રાથમિક સારવાર મુંબઈમાં જ કરાવી રહ્યા હતા. રિપોર્ટ્સ અનુસાર, સંજય દત્તને ફેફસાંનું કેન્સર છે. એક ન્યૂઝ પોર્ટલના રિપોર્ટ અનુસાર, સંજય દત્તને કેન્સરની જાણ થતા જ તેણે અમેરિકાનાં વીઝા માટે અપ્લાય કરી દીધું હતું. જોકે, શરૂઆતમાં તેને ક્લિયરન્સ મળવામાં મુશ્કેલી આવી રહી હતી કારણ કે, તે ૧૯૯૩ના બ્લાસ્ટના દોષિતો પૈકીનો એક છે.રિપોર્ટ્સ અનુસાર, તેના એક નજીકના દોસ્તે તેને મેડિકલ ગ્રાઉન્ડ્સ પર ૫ વર્ષના વીઝા અપાવી દીધા છે.



# સુશાંત સિંહ અપમૃત્યુ કેસના તાર છેક અંડરવર્લ્ડ સાથે સંકળાયેલા હોવાની શંકા

અભિનેતા સુશાંત સિંહ રાજપૂતની મોતના કેસની તપાસમાં રોજ નવા નવા ખુલાસાઓ સામે આવી રહ્યા છે. હવે આ મામલે અંડરવર્લ્ડનું કનેક્શન પણ સામે આવી રહ્યું છે. કેસમાં ચાલી રહેલા ડ્રગ્સ કેસની તપાસમાં જાણવામાં મળ્યું છે કે રિયા ચક્રવર્તી જે વ્યક્તિ સાથે વ્હોટ્સએપમાં વાત કરી રહી હતી તેનું અંડરવર્લ્ડ સાથે સીધું કનેક્શન છે. ગૌરવ આર્યા નામનો આ વ્યક્તિ અંડરવર્લ્ડના ડ્રગ્સ માફિયાના રેકેટ સાથે જોડાયેલો છે.

### વ્હોટ્સએપ ચેટથી સામે આવ્યું ડ્રગ્સ કનેક્શન

આ મામલે હવે ડ્રગ્સના એન્ગલે નવો વળાંક લીધો છે. રિયા ચક્રવર્તીની વ્હોટ્સએપ ચેટથી અનેક ખુલાસાઓ થયા છે. ચેટથી એ પણ જાણવા મળ્યું છે કે સુશાંત સિંહ રાજપૂત ડ્રગ્સની ઝપટમાં હતો અને તેણે આ છોડવાનો વાયદો કર્યો હતો. રિયા ચક્રવર્તીએ આ મેસેજ ડીલીટ કરી દીધા હતા, ત્યારબાદ તપાસ એજન્સીએ મેસેજને રિટ્રીવ કર્યા. ચીટથી એ પણ જાણવા મળ્યું છે કે રિયા સુશાંતને ડ્રગ્સ આપતી હતી. એવો પણ આક્ષેપ છે કે રિયાએ સુશાંતને પરિવારથી દૂર કરી દીધો હતો અને તેને કંટ્રોલ કરતી હતી.

### જો NCB બ્લડ ટેસ્ટ કરે તો અનેક સ્ટાર્સ જેલમાં જાયઃ કંગના

અભિનેત્રી કંગના રનૌત પોતાના નિવેદનોના કારણે હંમેશા ચર્ચામાં રહે છે. હવે જ્યારે સુશાંત કેસમાં ડ્રગ એન્ગલ સામે આવ્યું છે તો એક નવો વિવાદ શરૂ થયો છે. આ વિવાદ પર કંગનાએ મોટું નિવેદન આપતા કહ્યું છે કે, 'જો બોલીવુડમાં નોર્કોટિક્સ ટેસ્ટ થઈ ગયો તો અનેક સ્ટાર જેલમાં હશે. કંગનાએ પીએમઓને ટેગ કરીને લખ્યું છે કે, 'જો નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો બોલીવુડમાં આવી ગયું તો અનેક A લિસ્ટર જેલમાં પહોંચી જશે.

સુશાંતના ફ્લેટમેટ સિદ્ધાર્થ પિઠાનીએ સીબીઆઈની સામે કબૂલાત કરી છે કે રિયા ઝઘડો કરીને ઘર છોડીને ચાલી ગઈ હતી.

સુશાંતના પિતા કે. કે.સિંહે પહેલી વખત ખુલીને રિયા ચક્રવર્તી ઉપર હત્યાનો આરોપ લગાવતા કહ્યું છે કે રિયા તેના પુત્રની હત્યારી છે.

રિયા ડ્રગ ચેટ સામે આવ્યા પછી નારકોટિક્સ કંટ્રોલ બ્યૂરોએ પણ રિયાની વિરૂદ્ધ ક્રિમિનલ કેસ દાખલ કર્યો છે. તેમની સાથે જ ભાઈ શૌવિક, મેનેજર જયા સાહા, ગૌરવ આર્યા સાથે રિયાના મિત્રોની વિરૂદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો છે

રિયા ચક્રવર્તીએ ઇન્સ્ટાગ્રામ પર વિડીયો પોસ્ટ કરીને પોતાને અને પોતાના પરિવારને ખતરો હોવાનું જણાવ્યું હતું

## રિયા ઘર છોડી જતી રહી તે પછી સુશાંતને ધમકી મળી હતી : શ્વેતાસિંહ



સુશાંતની બહેન શ્વેતાએ ઈન્સ્ટાગ્રામ પર એક મહત્ત્વની પોસ્ટ કરી છે. શ્વેતાએ ૪ પોઈન્ટ મૂકતા લખ્યું કે રિયા અને તેની ગેંગે મહિનાઓ સુધી સુશાંતને ડ્રગ આપીને બેહોશ રાખ્યો જેથી કરીને તેની પર કન્ટ્રોલ રાખી શકાય. સુશાંતે આર્થિક રીતે ખોખલો કરી નાખ્યો. શ્વેતા લખે છે કે ૮ જૂને રિયા ભાઈનું ઘર છોડીની જતી રહી હતી ત્યારે ભાઈની હાર્ડડિસ્ક લેવા આઈટી ટીમને મોકલી હતી. પરંતુ જ્યારે સુશાંતે ટીમને આવું કરતા રોકવાનો પ્રયાસ કર્યો ત્યારે સુશાંતને ધમકીભર્યો ફોન આવ્યો હતો અને તે જ રાતે દિશા સાલિયાનનું મોત થયું હતું આ બધી વાતો સ્પષ્ટ સંકેત આપે છે કે રિયા અને તેની ગેંગે સુશાંતની હત્યા કરી છે



# હું ૪ મિનિટ શવગૃહમાં રોકાઈ, સુશાંતને સોરી કહ્યું, ચરણસ્પર્શ કરી નીકળી ગઈ

સુશાંતનાં મોત બાદ પહેલી વાર જાહેરમાં આવીને રિયા ચક્રવર્તીએ પોતાની પર લાગેલા આરોપના જવાબ આપ્યા હતા. રિયાએ સુશાંતનાં મોત પરના સવાલનો જવાબ આપતા કહ્યું કે, ૧૪ જૂનના બપોરના લગભગ ૨ વાગે હું મારા રૂમમાં હતી. મારી એક ફ્રેન્ડનો ફોન આવ્યો કે આવી અફવા છે, આવું ચાલી રહ્યું છે. આ અફવાને તરત બંધ કરાવો, તે જાણતી નહોતી કે હું મારા ઘેર છું. ત્યારે મને લાગ્યું કે આવી અફવા ન હોઈ શકે. પછી ૧૦-૧૫ મિનિટમાં ક્યાંકથી ખબરની પુષ્ટિ થઈ ગઈ હતી. મને ખબર પડતી નહોતી કે આવું કેવી રીતે થઈ શકે. હું પૂરી રીતે આઘાતમાં હતી. હું તેના ઘેર ગઈ નહોતી, આવું કહેતાં રિયા રડી પડી હતી. હું સુશાંતના ઘેર ગઈ નહોતી. મને કહેવાયું કે અંતિમ સંસ્કારમાં મારું નામ નહોતું. મારા મિત્રોએ મને કહ્યું હતું કે જો હું અંતિમ સંસ્કારમા જઈશ તો ત્યાં લોકો મને અપમાનિત કરશે તેથી હું ત્યા ગઈ નહોતી પરંતુ મિત્રોએ મને એક વાર ડેડબોડી જોઈ લેવાનું કહ્યું હતું અને હું ત્યાં ગઈ હતી પરંતુ ૩-૪ મિનિટ સુધી રોકાઈ હતી કારણ કે પોસ્ટમોર્ટમ થવાનું હતું પરંતુ જ્યારે ડેડબોડીને એમ્બ્યુલન્સની તરફ લઈ જવામાં આવી રહી હતી ત્યારે મેં સોરી બાબુ કહ્યું હતું અને સુશાંતના ચરણસ્પર્શ કર્યાં હતા. હાર્ડ ડિસ્ક નષ્ટ કરવાના આરોપ પર બોલતા રિયાએ કહ્યું કે આ આક્ષેપ આધારહીન છે. આવી કોઈ હાર્ડ ડિસ્ક હોવાનું મારી જાણમાં નથી. રિયાએ આગળ કહ્યું કે સિદ્ધાર્થ પિઠાણી, સુશાંતને પહેલેથી જાણતો હતો. સેમ્યુઅલ મિરાન્ડાને પણ સુશાંતની બહેને રાખ્યો હતો. હું આ બધા લોકોને ઓળખતી નહોતી, સુશાંતે તેમની ઓળખાણ કરાવી હતી. સંદીપસિંહને પણ હું ઓળખતી નથી. મેં તેનું નામ પણ સાંભળ્યું નહોતું. સુશાંતના પૈસા અંગે બોલતા રિયાએ કહ્યું કે મારી પહેલાં ૬ છોકરા સાથે સુશાંત થાઈલેન્ડ ગયો હતો ત્યાં તેણે ૭૦ લાખ વાપરી નાખ્યા હતા અને ૧ પ્રાઈવેટ જેટ લઈને ગયો હતો. આ સુશાંતની લાઈફસ્ટાઈલ હતી.

## તારક મહેતામાં અંજલિ ભાભીને રિપ્લેસ કરાયા

તારક મહેકા કા ઉલ્ટા ચશ્મા લોકડાઉન પછી શરૂ તો થયું છે, પણ લગાતાર તેના માટે ખુબ ખરાબ સમાચાર આવતા રહ્યા છે. ઘણા કલાકારોએ શોને અલવિદા કહી દીધું છે. ફેન્સ પણ હવે પહેલાં જેટલા ખુશ નથી. હવે ખબર આવી છે કે અંજલિ ભાભીના શો છોડ્યા બાદ નવી અંજલિ ભાભી તરીકે ટીવી અભિનેત્રી સુનૈના ફોજદારને પસંદ કરવામાં આવી છે અને હવે તે આ રોલ અદા કરવા જઈ રહી છે.



PayLessTravel
Fly Well . . . Pay Less

વિમાની સેવાના બુકીંગ માટે એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ



Call for all your Air Travel Services

- Lowest Prices for Ahmedabad, Vadodara, Mumbai, Delhi
- Call Once Before Booking Online
- Best Service
- We sell Travel Insurance

Call US for the Lowest Fares Coming India to Canada Also

Please Call
905 281 2627

Address : 100 Matheson Blvd. East, Unit-203, Mississauga, ON. L4Z 2G7

BRITISH AIRWAYS · AIR INDIA · KLM Royal Dutch Airlines · Emirates · QATAR AIRWAYS · AIR CANADA

Tico # 50015262
tico.ca
Travel Industry Council of Ontario

# મે માસમાં અમેરિકામાં એરલાઈન રીફંડ વિશેની ફરિયાદોમાં એર કેનેડા બીજા ક્રમે

• યુનાઈટેડ એરલાઈન્સ ૩૨૧૫ ફરિયાદો સાથે યાદીમાં ટોચ પર રહી



મોન્ટ્રીયલ : મે માસમાં અમેરિકાના ડીપાર્ટમેન્ટ ઓફ ટ્રાન્સપોર્ટેશનના જણાવ્યા મુજબ એર કેનેડાના રીફંડ અંગેની ફરિયાદો બીજા ક્રમની હતી. અહેવાલમાં જણાવાયું હતું કે, વિભાગ પાસે આવેલી કુલ ૧૦૪૧૫ રીફંડ વિશેની ફરિયાદો પૈકી ૧૭૦૫ ફરિયાદો એર કેનેડા સામેની હતી. જે બિન અમેરિકન એરલાઈનો પૈકીની એક છે. એ માસ દરમિયાન મળેલી ૮૦થી વધુ વિદેશી એરલાઈન્સ અને ૪૫ ફલાઈટ એજન્સીઓ વિશેની ફરિયાદોમાં એર કેનેડા બીજા ક્રમે હતી.

ડોમેસ્ટીક અને ઈન્ટરનેશનલ ફલાઈટનું સંચાલન કરનારી યુનાઈટેડ એરલાઈન્સ ૩૨૧૫ ફરિયાદો સાથે આ યાદીમાં ટોચ પર રહી હતી. એર કેનેડા અને અન્ય કેનેડીયન એરલાઈન્સે કોવિડ -૧૯ને કારણે રદ થયેલી ફલાઈટસના પ્રવાસીઓને રીફંડ આપવાનો ઈન્કાર કર્યો હતો અને ફલાઈટ ક્રેડીટની ઓફર કરી હતી. જયારે અમેરિકાએ અન્ય યુરોપિયન યુનિયનના એરલાઈન્સ રીફંડ નિયમો મુજબ પુરેપુરૂ રીફંડ આપ્યું હતું. એર કેનેડા સામેની રીફંડની ફરિયાદો જેવી જ ફરિયાદો બ્રિટીશ એરવેઝ અને લુફથાન્ઝા સામે હતી. પણ તેમણે અમેરિકાની ફલાઈટસમાં પ્રવાસીઓને સવલત આપી હતી. વેસ્ટજેટ એરલાઈન્સ લિ.નો ક્રમ એર કેનેડા પછી આવે છે. તેણે અમેરિકા અને બ્રિટનના ૩૪૬ પ્રવાસીઓને રીફંડ આપ્યું નહોતું. એપ્રિલ માસમાં પણ રીફંડ અંગેની ૭૫૬૮ ફરિયાદો પૈકી ૯૬૯ ફરિયાદો એરકેનેડા સામેની હતી. જે લગભગ ૧૩ ટકા જેટલી થાય છે. યુએસ ટ્રાન્સપોર્ટેશન ડીપાર્ટમેન્ટે આ મહિનાની શરૂઆતમાં લોકોને ઓનલાઈન રીફંડની ફરિયાદો કરવા જણાવ્યું હતું. તેમાં આ આંકડાઓ બહાર આવ્યા હતા.

# નટરાજ યુથ કલ્ચરલ ઓર્ગે. દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટીનો ટેબ્લો રજૂ

• ભારતના સ્વાતંત્ર્ય દિનની ઉજવણીમાં ૨૮ રાજ્યના લોકોએ ભાગ લીધો



ટોરન્ટો : ગત તા. ૧૫મી ઓગષ્ટે નટરાજ યુથ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન દ્વારા રચિત સ્ટેચ્યુ ઓફ યુનિટીનો ટેબ્લો આકર્ષણનુ કેન્દ્ર બન્યો હતો. આ વર્ષે પણ કેનેડાના ટોરન્ટો શહેરમાં પનોરમા ઈન્ડિયા અને કોન્સ્યુલેટ જનરલ ઓફ ટોરન્ટો દ્વારા ભારતના સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરાઈ હતી. જો કે, કોરનાને કારણે સર્જાયેલી પરિસ્થિતિને ધ્યાનમાં લઈ વર્ચ્યુઅલ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૨૮ સ્ટેટના લોકોએ ભાગ લીધો હતો. નટરાજ યુથ કલ્ચરલના પ્રમુખ ચિંતન ભાવસારની આગેવાની હેઠળ તેમની ટીમના પ્રફુલભાઈ ભાવસાર, કેતન ગાંધી, અજીત પટેલસ એન વી સોંદરવાએ ભેગા મળી સ્ટેચ્યુ ઓફ યુનીટીની થીમ પર મીનેએચર ફલોટ બનાવ્યો હતો. જેમાં વેલી ઓફ ફલાવર, ચિલ્ડ્રન ન્યુટ્રિશ્યન પાર્ક, ક્રેકટસ ગાર્ડન વગેરે આકર્ષણ બન્યા હતા.

# બ્રામ્પ્ટનમાં રૂચા તથા પથિક શુકલાના ઘરે ઉત્સાહભેર ગણેશોત્વ ઉજવાયો

ભક્તોએ દુનિયામાંથી કોરોનાની મહામારી દૂર થાય તેવી પ્રાર્થના કરી



બ્રામ્પ્ટન: બ્રામ્પ્ટન શહેરમાં વસતા રૂચા-પથિક શુકલા મૂળ ગુજરાત ભરુચના વતની હોય, ત્યાં વર્ષો સુધી ગણેશપ્રતિમાની સ્થાપ્ના કરતા હતા. હાલ તેઓ કેનેડામાં સ્થાયી થયા છે. આ વર્ષે તેઓએ શનિવારે પોતાના ઘરેજ ભક્તિભાવ સાથે ગણેશપ્રતિમાનું સ્થાપન કર્યું હતુ. ૩ દિવસના ઉત્સવમાં શનિવારે પહેલા દિવસે મિત્ર વર્તુળ સાથે તેઓએ પૂજા અર્ચના કરી હતી. આ દિવસોમાં ગણેશજીના દર્શન માટે ઓન્ટેરિયો પ્રોવિન્સના મીનીસ્ટર પ્રબનીલસિંગ સરકારીયા, હરકીલતસિંગ, પીલ પોલીસ ચેર, રોન ચક્ષ્ઠા, કેનેડાના એમપી રૂલી સોહાય તથા બ્રામ્પ્ટનના મેયર પેટ્રિક બ્રાઉને દર્શનનો લાભ લીધો હતો. સોમવારે તા.૨૪મીએ વિસર્જન સમયે મેયરે હાજરી આપી હતી. ત્રણ દિવસના ઉત્સવ દરમિયાન કોવિડ ૧૯ અંગે સરકારની માર્ગદર્શિકાનું પાલન કરાયું હતુ. ગણેશભક્તોએ દુનિયામાંથી કોરોનાની મહામારી દૂર થાય તેવી પ્રાર્થના કરી હતી.

# ઓન્ટેરિયોમાં એન -૯૫ માસ્ક બનાવવા PM જસ્ટિન ટ્રુડો અને ડગ ફોર્ડની જાહેરાત

• સૌથી મોટી પ્રોટેકટીવ મેડીકલ ગીયર બનાવનારી કંપની ૩ એમ સાથે કરાર થયા



ઓટાવા : કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડો અને ઓન્ટેરિયોના પ્રિમીયર ડગ ફોર્ડે શુક્રવારે જાહેરાત કરી હતી કે, કેનેડામાં એન -૯૫ માસ્કસ બનાવવાની ડીલ વિશ્વની સૌથી મોટી પ્રોટેકટીવ મેડીકલ ગીયર બનાવનારી કંપની ૩ એમ સાથે કરી છે. અંદાજે ૭૦ મિલીયન યુએસ ડોલરની આ ડીલમાં ફેડરલ સરકાર અને પ્રોવીન્શીયલ સરકાર સરખે ભાગે ખર્ચ કરશે. આ પ્રોજેકટ ઓન્ટેરિયોમાં ૨૦૨૧માં શરૂ થશે.

જેનાથી એન -૯૫ માસ્કસના ઉત્પાદનમાં વધારો થઈ શકશે. પત્રકારો સાથેની વાતચીતમાં પ્રિમીયર ડગ ફોર્ડે કહ્યું હતું કે, આ મારા માટે પ્રિમીયર તરીકેની ગૌરવની ક્ષણ છે. આપણે હવે ડોકટર્સ અને નર્સીસ માટેના પીપીઈ ઉપકરણો માટે બીજા દેશ પર આધાર નહીં રાખવો પડે.

આ પ્રોજેકટ શરૂ થયા બાદ ફેડરલ સરકાર અને ઓન્ટેરિયોને વર્ષે ૩ મિલીયન એન -૯૫ રેસ્પીરેશન મળતા થશે. ફોર્ડે આ ડીલ માટે તૈયારી દર્શાવવા બદલ ટ્રુડોને બિરદાવ્યા હતા અને એમ પણ કહ્યું હતું કે, કોવિડ -૧૯ દરમિયાન તેમની કામગીરી ખૂબ સારી હતી. તેઓ સતત ફોનથી સંપર્કમાં રહી આગળ શું કરવું એની ચર્ચા કરતા રહયા હતા.

ટ્રુડોએ કહ્યું હતૂં કે, ૩ એમ સાથેની ડીલ દર્શાવે છે કે સાથે મળીને કેવી પ્રગતિ થઈ શકે છે. આ ઉપકરણોની નિકાસ પણ કેનેડા સારી રીતે કરી શકશે. એકવાર જ વાપરી શકાતા માસ્કસની તંગી ન ઉભી થાય એ હેતુથી આ ડીલ કરવામાં આવી છે. વળી ૩ એમ એ આવા ઉપકરણોના ઉત્પાદનમાં મોખરે રહેનારી કંપની છે. તાજેતરમાં આ કંપનીએ અમેરીકા સાથે પણ આવી જ ડીલ કરી છે.

# ઓન્ટેરિયોની શાળાઓમાં કોવિડ -૧૯ સામે લેવાનારા પગલાઓ અંગે જાહેરાત

• કોઈ પણ વિદ્યાથીને ઠીક ન લાગતું હોય તો દર વખતે શાળાને જાણ કરવાની જરૂર નથી



ટોરન્ટો : બુધવારે ઓન્ટેરિયો સરકારે શાળાઓ ફરીથી શરૂ થાય એના બે અઠવાડિયા પહેલા જ શાળાઓ શરૂ થાય પછી જો કોવિડ-૧૯ની સ્થિતિ સર્જાય તો કેવા પગલા લેવા એની વિગતવાર જાહેરાત કરી હતી. આ યોજનામાં જો કોઈ વિદ્યાથીને કોવિડના લક્ષણો જણાય અને જો ટેસ્ટ પોઝીટીવ આવે અથવા સ્ટાફના કોઈ સભ્યને એવું જણાય કે બસ ડ્રાઈવર કે વિદ્યાથીઓના માતાપિતાને એવા લક્ષાણો જણાય તો શું કરવું એની જાણકારી આપવામાં આવી હતી.

ઓન્ટેરિયોના પ્રિમીયર ડગ ફોર્ડે કહ્યું હતું કે, આપણે આપણા સંતાનો શાળાએ જાય ત્યારે કોઈ જોખમ લેવું નથી. તેઓ કલાસરૂમમાં હોય ત્યારે સંપૂર્ણ સુરક્ષીત રહે એ જ આપણા માટે મહત્વનું છે.

આપણે શાળાઓ ફરીથી શરૂ કરતા પહેલા બધી બાબતોની ચકાસણી કરી લેવી જોઈએ અને એટલે જ અમે આ યોજના વિચારી છે.

આરોગ્ય વિભાગ અને શિક્ષણ વિભાગે જારી કરેલા પ્લાનમાં જણાવાયુ હતું કે, કોઈ પણ વિદ્યાથીને ઠીક ન લાગતું હોય તો દર વખતે શાળાને જાણ કરવાની જરૂર નથી. જો કોવિડના લક્ષણો જણાય તો જ આગળની કામગીરી કરવાની રહેશે.

આપણે એ પણ જોવાનું રહેશે કે, બાળકોને હંમેશા કોવિડની બિમારી ન આવે. એમ ઓન્ટેરિયોના ચીફ મેડીકલ ઓફિસર ડો.ડેવિડ વિલીયમ્સે કહ્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે, આપણે એ વિશે જાગૃત રહેવું પડશે કે લોકોમાં કોવિડ -૧૯નો ફેલાવો ન વધે. એને માટે ઈન્ફલુએન્ઝા જેવી બિમારી સમયે જ એ ન ફેલાય એની કાળજી રાખવી જોઈએ.

# કોરોના સંકટને દૂર કરવા સ્કારબોરોમાં શ્રી સત્યનારાયણ ભગવાનની મહાપૂજા

**સિનિયર્સ ગ્રુપના અરુણભાઈ ઉપાધ્યાયે કથાનું રસપાન કરાવ્યું, ભજનોની રમઝટ જામી**

સ્કારબોરો : સર્વે ભવન્તુ સુખીનો:'ની ઉક્તિને સાર્થક કરવા ૨૧મી ઓગસ્ટે સિનિયર્સ સીટીઝન ડે નિમિત્તે શ્રી હનુમાન ટેકરી, સ્કારબોરોના જયંતીભાઈ પટેલનાં માર્ગદર્શનથી સમગ્ર વિશ્વમાં કોરોનાની મહામારીના સંકટને નિવારવા સત્યનારાયણ ભગવાનની મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. સિનિયર્સ ગ્રુપના અરુણભાઈ ઉપાધ્યાયે કથાનું રસપાન કરાવ્યું હતું.

કાંતિભાઈ પટેલ અને વડીલો દ્વારા અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો હતો. અંતમાં સંગીતકાર જયેન્દ્ર નાયકે પોતાના મધુર કંઠે ભજનોની સરવાણી વહાવી સૌને ભક્તિમાં તરબોળ કર્યા હતા. સૌથી નોંધપાત્ર બાબત એ હતી કે ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીના આત્મનિર્ભરતાના દ્રઢ સંકલ્પને સૌ સિનિયર્સ ભાઈઓએ ભવ્ય ભોજન બનાવીને સાર્થક કર્યો હતો. ભોજન બનાવવામાં ડાહ્યાભાઈ પટેલ, બિપિન પટેલ, દિપક પટેલ, ચંદ્રવદન પટેલ, ભીખુભાઈ દવે, નાનુભાઈ પટેલ, ભગવતભાઈ પટેલ, જીતુભાઈ શાહ, ચંદ્રકાન્ત ભાઈ અમીનનો સમાવેશ થાય છે. જયારે ભોજન પીરસવામાં ઘનશ્યામ પટેલ, ધર્મેન્દ્ર પટેલ, હિતેશ શાહ, જયેન્દ્ર નાયક, ડો. સતીશ સોની, વિનુભાઈ પટેલ, કાંતિભાઈ પટેલનો સહયોગ રહ્યો હતો. મહાપ્રસાદ લઈને પ્રસંગને વાગોળતા સૌ વિદાય થયા હતા.

# રશિયાએ દેખાડ્યો દુનિયાનો સૌથી શક્તિશાળી પરમાણુ બોમ્બ

મોસ્કો : રશિયાએ વિશ્વના સૌથી મોટા પરમાણુ બોમ્બ (**Tsar Bomba Nuke Test**)નો વીડિયો રજૂ કરી દીધો છે. અત્યાર સુધી આ ટોપ સિક્રિટ રહેલા મહાવિનાશક વીડિયોમાં સૌથી મોટા પરમાણુ બોમ્બ વિસ્ફોટની સંપૂર્ણ વિગતો આપવામાં આવી છે. 'ઈવાન' નામના આ અણુ બોમ્બની મજબૂતાઈનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે જાપાનના હિરોશીમામાં પડેલા અણુ બોમ્બ કરતાં તે ૩૩૩૩ ગણો વધારે શક્તિશાળી હતો. રશિયાએ ૩૦ ઓક્ટોબર ૧૯૬૧ ના રોજ કોલ્ડ વૉર દરમ્યાન બેરંટ સમુદ્રમાં તેનું પરિક્ષણ કર્યુ હતું. આ અણુ બોમ્બની વિનાશક ક્ષમતાને જોતાં તેને પૃથ્વીના વિનાશનું હથિયાર કહેવામાં આવે છે.

રશિયાનો આ ઈવાન પરમાણુ બોમ્બ વિસ્ફોટ વિશ્વના અત્યાર સુધીના પરમાણુ વિસ્ફોટોમાં સૌથી શક્તિશાળી છે. તે લગભગ ૫૦ મેગાટનનો હતો અને તે ૫૦ કરોડ ટન પરંપરાગત વિસ્ફોટકોની બરાબર તાકાતથી ફાટ્યો હતો. આ અણુ બોમ્બને રશિયન વિમાન દ્વારા આર્કિટક સમુદ્રમાં નોવાયા જેમલ્યાની ઉપરના બરફમાં ફેંકવામાં આવ્યો હતો. આ વિનાશક અણુ બોમ્બ પ્રોગ્રામ **izdeliye** ૨૦૨ હેઠળ બનાવવામાં આવ્યો હતો. પાછળથી જ્યારે પશ્ચિમી દુનિયાને આ અણુ બોમ્બ વિશે જાણ થઈ ત્યારે તેનું નામ **'Tsar Bomba'** કરી દીધું. ૨૦ ઑગસ્ટના રોજ રશિયાની રોસ્તમ સ્ટેટ એટોમિક એનર્જી કોર્પોરેશને પોતાની યુટ્યુબ ચેનલ પર ૩૦ મિનિટની ડોક્યુમેન્ટ્રી રજૂ કરી છે.

# કરજણ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટે કોંગ્રેસ પક્ષની તૈયારી, ૧૦ દાવેદારો

વડોદરા- વડોદરા જિલ્લા કોંગ્રેસની લાંબા સમય બાદ જિલ્લા કારોબારી સમિતિની મળેલી મીટિંગમાં કરજણ વિધાનસભાની પેટાચૂંટણી માટે વ્યૂહરચના ઘડવામાં આવી હતી. વડોદરા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દ્વારા દેણા ચોકડી પાસે કોંગ્રેસનું નવું કાર્યાલય શરૂ કરાતાં જિલ્લા કારોબારીની મીટિંગ બોલાવવામાં આવી હતી. જેમાં પ્રદેશ પ્રમુખ, પૂર્વ પ્રદેશ પ્રમુખ, ધારાસભ્ય તેમજ જિલ્લાના હોદેદારો હાજર રહ્યા હતા. કારોબારીમાં આગામી તા.૧લીથી શરૂ થતી સભ્ય નોંધણી ઝુંબેશને અંતરિયાળ ગામો સુધી લઈ જવા તેમજ મોંઘવારી,કોરોનામાં બેદરકારીના કિસ્સા,પૂર જેવી મુશ્કેલીઓમાં પ્રજાની વચ્ચે જઈ કામ કરવા અપીલ કરાઈ હતી. કાર્યકરોને આગામી કરજણ વિધાનસભાની ચૂંટણીમાં પક્ષ સાથે વિશ્વાસઘાત કરનારા લોકોને એક જૂટ થઈ પરાસ્ત કરવા પણ અપીલ કરાઈ હતી.કરજણ વિધાનસભાની પેટા ચૂંટણી માટે અત્યાર સુધીમાં ૧૦ ઉમેદવારોએ કોંગ્રેસની ટિકિટ માટે દાવેદારી કરી છે.

## ભાજપમાં જોડાયેલા કોંગ્રેસના ધારાસભ્યના ઉમેદવારની બાદબાકી

વડોદરાઃ કરજણ નગર પાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીમાં ભાજપમાં જોડાયેલા કરજણના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્યના ઉમેદવારોની બાદબાકી થઇ છે. અક્ષય પટેલ સામે ભાજપમાં આંતરિક વિરોધ થઇ રહ્યો છે. ભાજપના નવા પ્રદેશ પ્રમુખે પણ વિધાનસભાની પેટા ચૂંટણીમાં મેરિટના આધારે ટિકિટ અપાશે તેમ કહી ટિકિટની શરતે ભાજપમાં જોડાયા હોય તેવા ઉમેદવારોને ઝટકો આપ્યો છે. કરજણ પાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખની યોજાયેલી ચૂંટણીમાં પણ તેના પ્રત્યાઘાત જોવા મળ્યા હતા.જેમાં કોંગ્રેસમાંથી આવેલા પૂર્વ ધારાસભ્યના નિકટના મનાતા પ્રમુખ-ઉપપ્રમુખના નામ પર મોવડીઓએ કાતર ફેરવી દીધી હોવાની ચર્ચા કેન્દ્ર સ્થાને રહી છે.

# પાવાપુરી જલમંદિરના મહારાજ સામે દુષ્કર્મની વધુ એક ફરિયાદ

હિંમતનગરઃ પાવાપુરી સંમેત શિખર તીર્થધામ સંસ્થાના રાજતિલકસાગર ઉર્ફે રાજા મહારાજ અને તેમના ગુરુ કલ્યાણસાગર મહારાજ સામે વ્યાભિચારની ફરિયાદની ઘટના હજુ ભુલાઈ નથી ત્યાં તો વધુ એક ફરિયાદ ઈડર પોલીસ મથકે નોંધાઈ છે.

સને ૨૦૧૩ના ચૈત્ર માસમાં સુરેન્દ્રનગરથી જૈન સમાજનો સંઘ નીકળ્યો હતો જેમાં તે મહિલા પણ સામેલ હતી અને સતત આઠ દિવસ સુધી ચાલીને શંખેશ્વર મુકામે પહોંચ્યા હતા. જે દરમ્યાન તેમનો સંઘ રાજામહારાજના સંપર્કમાં આવ્યો હતો અને જાણવા મળ્યુ હતુ કે રાજામહારાજ ખુબ જ જ્ઞાની અને ત્રિકાળદર્શી તેમજ અલોકિક શક્તિ ધરાવે છે અને જેના થકી કોઈ પણ વ્યક્તિના તમામ દુઃખદર્દ દુર કરે છે. જેથી મહિલા ઈડર મુકામે પહોંચીને આબેલની ઓળી પ્રસંગમાં આઠ દિવસ રોકાયેલ હતા. દરમ્યાન ૨૨ એપ્રિલ ૨૦૧૩ના રોજ તેનો જન્મ દિવસ હોવાથી તે રાજામહારાજના દર્શન કરીને આર્શીવાદ લેવા પુજા રૂમમાં પહોંચી હતી જયાં રાજામહારાજે બંધ પુજા રૂમમાં તેની આંખમાં આંખ મિલાવીને તેની સાથે લગ્ન કરીને સારા ભવિષ્યની વાતો કરીને જિંદગીભર તેને સાથે રાખવાની લાલચ આપી હતી, તેમજ તેની દિકરીને પિતા તરીકેનું સુખ આપવાનું કહીને તેની દુષ્કર્મ આચર્યુ હતુ.

# મોદીના મિત્ર રમણીક ભાવસારનું કોરોનાના કારણે અવસાન

ઈડરઃ પીએમ મોદીના જૂના મિત્ર રમણીકભાઈનું કોરોનાના કારણે અવસાન થયું છે. આ દુઃખદ સમયની ઘડીમાં પીએમ મોદીએ રમણીકભાઈના પરિવારજનો સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી. પીએમ મોદીએ પરિવારજનોના ખબર અંતર પુછીને દુઃખની ઘડીમાં હિંમત રાખવા જણાવ્યું હતું. આ સિવાય પરિવારજનો સાથે રમણીક ભાવસાર સાથેની કેટલીક યાદગાર ક્ષણો વિશે પણ વાતચીત કરી હતી. રમણીકભાઈને કોરોનાનો ચેપ લાગ્યો હતો. ત્યારબાદ તેઓ કોરોના સામેની લડાઈમાં હારી ગયા હતા. પીએમ મોદીના જૂના મિત્ર એવા રમણીકભાઈ ભાવસાર ઈડરમાં ઈજીજીના સ્વયંસેવક હતા. મોદીને આ સમાચાર મળતા તેઓ રહી શક્યા નહોતા અને તેમણે ફોન કરી દુઃખ વ્યક્ત કર્યુ હતું. પીએમ મોદીએ પરિવારજનોની સાથે ફોન પર ખબર અંતર પુછ્યા હતા.

# અંબાજી મંદિરમાં સહસ્ત્ર ચંડી મહાયજ્ઞનો વિધિવત પ્રારંભ

અંબાજી : પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે ભાદરવી પૂનમ-૨૦૨૦ મહોત્સવ પ્રસંગે કલેકટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના અધ્યક્ષ સંદીપ સાગલેના હસ્તે ચાચર ચોકમાં યોજાયેલ સહસ્ત્ર ચંડી મહાયજ્ઞનો વિધિવત શુભારંભ કરવામાં આવ્યો હતો. કલેક્ટરએ યજ્ઞશાળામાં પૂજન વિધિ કરી માતાજીના આશીર્વાદ મેળવીને મંદિર ઉપર ધજા ચડાવીને સાત દિવસીય મહાયજ્ઞનો પ્રારંભ કરાવ્યો હતો. મિડીયા સાથેની મુલાકાતમાં કલેકટરે જણાવ્યું કે, વિશ્વ કલ્યાણ અર્થે માનવજાતના કલ્યાણ માટે તેમજ કોરોના સંકટ દુર થાય તે માટે આ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે કહ્યુ કે, પ્રતિવર્ષ ભાદરવી મહામેળા પ્રસંગે પદયાત્રા દ્વારા અંબાજી આવતા ૧૪૦૦ જેટલા રજીસ્ટર્ડ થયેલા સંઘોને તેમની લાગણી અનુસાર પૂજા કરેલ માતાજીની ધજાઓ પહોંચાડવામાં આવી છે.


LIFE INSURANCE

MORTGAGE/LINE OF CREDIT INSURANCE

Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE

★ NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE)
CANCER OR INSURANCE declined by other companies
★ CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
★ MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla

416.320.4614

Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,

Toll : 1866.623.0865 Call For HONEST ADVICE

MONTHLY & ANNUAL PLANS

SUPER VISA INSURANCE

HARD TO BEAT OUR PREMIUMS


# વડોદરામાં કોરોનાની સારવાર દરમિયાન વેપારી સહિત ૧૭ દર્દીઓના મોત થયા

- ગુરૂવારે કોરોનાના ૧૧૬ પોઝિટિવ કેસ નોંધાયા, હાલમાં ૧,૫૮૭ દર્દીઓ દાખલ

વડોદરા : વડોદરામાં કોરોનાની સારવાર દરમિયાન આજે સંખેડાના ૫૩ વર્ષના વેપારી સહિત ૧૭ દર્દીઓના મોત થયા હતા . બીજી તરફ વિતેલા ૨૪ કલાક દરમિયાન વડોદરા શહેર જિલ્લામાં મળીને કોરોનાના ૧૧૬ પોઝિટિવ કેસ પણ નોંધાયા છે. સંખેડા ખાતે રહેતા ફર્નિચરના વેપારી સુનિલભાઈ રમેશભાઈ ખરાદી (ઉ.૫૩) પાંચ છ દિવસ પહેલા વડોદરા આવ્યા હતા. તેઓની તબિયત બગડતા તેમણે એસએસજી હોસ્પિટલમાં કોરોનાના રિપોર્ટ કઢાવ્યો હતો. તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ બુધવારે તેમને દાખલ કરવામાં આવ્યા હતા અને સારવાર દરમિયાન આજે તેમનું મોત થયુ હતું. આ ઉપરાંત વડોદરામાં કોરોનાની સારવાર માટે દાખલ દર્દીઓ પૈકી ૧૬ દર્દીઓના મોત થયા હતા તે સાથે વડોદરામા વિતેલા ૨૪ કલાક દરમિયાન કોરોનાથી મોતનો આંકડો ૧૭ થયો છે.તો વડોદરામાં વિતેલા ૨૪ કલાક દરમિયાન લેવામાં આવેલા ૨૩૫૫ સેમ્પલોમાંથી ૧૧૬ કોરોના પોઝિટિવ દર્દીઓ મળી આવ્યા હતા.

## મહેસાણા-૧૦, પાટણમાં ૧૮ કોરોના પોઝિટિવથી દોડધામ

મહેસાણા : મહેસાણા જિલ્લામાં કોરોનાના ૧૦ પોઝિટિવ કેસ નોંધાયા છે. જે પૈકી ૭ પુરુષ અને 3 સ્ત્રી કોરોનાગ્રસ્ત બન્યા છે. જ્યારે પાટણ જિલ્લામાં ૧૮ કેસ નોંધાયા છે. કુલ આંક ૧૨૦૪ થવા પામ્યો છે. મહેસાણા જિલ્લામાં કોરોના સંક્રમણ ૧૨૭33 સેમ્પલ લેવામાં આવ્યા. જે પૈકી ૧૧૮૮૦નો રિપોર્ટ નેગેટિવ આવેલ છે. જ્યારે ૪૪ સેમ્પલનું રીઝલ્ટ પેન્ડીંગ છે. જ્યારે ૨ નો રિપોર્ટ પોઝીટીવ તથા અન્ય લેબમાં ૮ વ્યક્તિઓનો પોઝિટિવ રીપોર્ટ આવેલ છે. મહેસાણા શહેરમાં જૈન મંદિર પાસે ૧, પરા વિસ્તાર ૧ કેસ નોંધાયો હતો. વડનગર શહેરમાં ૧, વિસનગરના તરભ અને દેણપમાં ૧-૧ કેસ, હેડુવા હનુમંતમાં ૧, ઊંઝાના પળી, ઉનાવામાં ૧ કેસ, બેચરાજીમાં ૧ તથા કાલરીમાં ૧ કેસ નોંધાયો હતો. આજે ૧૮ દર્દીઓ સાજા થતા રજા અપાઈ હતી. જ્યારે ૨૭૦ એક્ટીવ કેસ જોવા મળ્યા હતા. પાટણ જિલ્લામાં ૧૮ કેસ નોંધાયા છે. જેમાં ૧૩ પુરુષ અને ૫ મહિલાઓ કોરોના ગ્રસ્ત છે. ચાણસ્મા તાલુકામાં 3 કેસ, હારીજ ૧, રાધનપુર 3, પાટણ ૭, સિધ્ધપુરમાં 3 કેસ નોંધાયા હતા. જ્યારે કુલ આંક ૧૨૦૪ થવા પામ્યો છે.

# ઈડર, ખેડબ્રહ્મા, વડાલી, વિજયનગરમાં છ કેસ

અમદાવાદ : સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ઈડર, ખેડબ્રહ્મા, વડાલી અને વિજયનગરમાં મળીને છ નવા કેસ નોધાયા છે. જેની સાથે કોરોના પોઝેટીવનો કુલ આંક ૬૨૫ પર પહોચી ગયો છે. મંગળવારે સાંજે પાંચ વાગ્યા થી બુધવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં જે નવા છ કેસ નોધાયા છે તેમાં ઈડરના ૫૦ વર્ષિય મહિલા અને ખેડબ્રહ્માના રામેશ્વર તલાવડી વિસ્તારમાં રહેતા ૩૨ વર્ષિય પુરૂષ જ્યારે વડાલીના પંડયા વાસમાં ૫૨ વર્ષિય પુરૂષ કોરોનાની ઝપેટમાં આવી ગયા છે. સાબરકાંઠા જિલ્લામાં અત્યાર સુધી કોરોના પોઝેટીવના જે ૬૨૫ કેસ નોધાયા છે તે પૈકી ૫૬૭ જણાને રજા અપાઈ છે અને હાલ ૫૧ દર્દીઓ સારવાર હેઠળ છે. જોકે છેલ્લા કેટલાક દિવસથી હિંમતનગર, પ્રાંતિજ અને તલોદમાં નવા કેસ નહિવત રીતે નોધાય છે.




# સુરેન્દ્રનગર જિલ્લામાં ૩ લાખ હેક્ટર ઊભો પાક ડૂબ્યો : ધરતીપુત્રોમાં ચિંતા

સુરેન્દ્રનગર : સુરેન્દ્રનગર જિલ્લામાં સતત વરસી રહેલા મેઘાને કારણે જળાશયો છલકાયા છે, નદીઓમાં પૂરના પાણીથી ખેતરો જળબંબાકાર થઈ ગયા છે. પ્રથમ રાઉન્ડમાં સમયસર અને માપે વરસાદ પડતા જિલ્લામાં કુલ ૫.૭૫ લાખ હેકટર જમીનમાં ખેડૂતોએ વિવિધ પાકોનું વાવેતર કરી દીધુ હતુ. જેમાં સૌથી વધુ ૩.૩૦ લાખ હેકટરમાં કપાસનું વાવેતર કરવામાં આવ્યું હતું. પ્રથમ રાઉન્ડમાં પડેલા વરસાદથી તલ, મગફળી અને કઠોળ જેવા પાકને ખૂબ નુકસાન થયું છે. ત્યારે બીજા રાઉન્ડમાં વરસેલા મેઘાએ ઝાલાવાડમાં વાવેલા કપાસના પાક માથે પણ જોખમ ઊભુ કરી દીધું છે. હાલ વરસાદે તો વિરામ લીધો છે. પરંતુ પાણીનો માર ખેડૂતો માટે વસમો બની ગયો છે. હજુ ૧૦ દિવસ સુધી પાણીનો નિકાલ થાય તેવી સ્થિતિ નથી. ખેડૂતો અનેક મુશ્કેલીઓનો સામનો કરીને ખેતી કામ કરી રહ્યા છે. તેમાં પણ છેલ્લા ત્રણ વર્ષમાં કયારેક અતીવૃષ્ટી તો કયારેક અનાવૃષ્ટીનો સામનો કરતા જગતના તાતની મુશ્કેલી વધારી દીધી છે. આ વર્ષે ચોમાસાની શરૂઆતમાં સમયસર અને માપે



વરસાદ પડતા જિલ્લામાં ૫.૭૫ લાખ હેકટર જમીનમાં ખેડૂતોએ વાવેતર કરી દીધું હતું. જેમાં સૌથી વધુ ૩.૩૦ લાખ હેકટર જમીનમાં કપાસનું વાવેતર કરવામાં આવ્યું હતું. પહેલા રાઉન્ડમાં જે સારો વરસાદ થયો તેમાં ખાસ કરીને તલ, મગફળી અને કોઠોળ જેવા પાકને ખુબ જ મોટુ નુકસાન થયું હતું. ત્યારે છેલ્લા એક સપ્તાહથી જિલ્લામાં ખૂબ વરસાદ થતાં ખેડૂતોને છેલ્લી આશા એવા કપાસનો પાક પણ પાણીમાં ગરકાવ થઈ ગયો છે. હાલ ખેતરોમાં ભરાયેલા પાણી ઓછામાં ઓછા ૧૦ દિવસ સુધી સુકાય તેવી કોઈ શકયતા નથી.

## રાજકોટ ક્રાઇમબ્રાંચે કોર્પોરેટર સહિત ૪ જુગારીને ઝડપી પાડ્યા

રાજકોટ : ક્રાઈમ બ્રાન્ચે કોંગ્રેસના કોર્પોરેટર નિલેશ મારૂ સહિત ચારને જુગાર રમતા ઝડપી લીધા છે. બાતમીના આધારે પોલીસે કોઠારિયા રોડ પર એક મકાનમાં રેડ પાડી હતી. જેમાં વોર્ડ નંબર ૧૮ના કોર્પોરેટર નિલેશ મારૂ અને અન્ય ત્રણ જુગારીઓ ઝડપાયા હતા. આ ઉપરાંત પોલીસે ૯૩ હજાર રૂપિયા રોકડા પણ જપ્ત કર્યા છે. શ્રાવણ મહિનામાં શ્રાવણીયો જુગાર ચાલુ થઈ જાય છે. ખાસ કરીને સૌરાષ્ટ્રમાં આ જુગારનો અનોખો ક્રેઝ જોવા મળે છે. કેટલાક લોકો જુગાર રમવા માટે પણ પોતાના ગામ પરત ફરતા હોય છે. આ સમય દરમિયાન જુગારનાં બનાવો પોલીસ ચોપડે પણ વધારે નોંધાતા હોય છે. ઝડપાયેલામાં અશ્વિન રાવતભાઈ મારૂ, નિલેષ રાવતભાઈ મારૂ, ધીરુભાઈ ગીગાભાઈ મારૂ, ઉપેન્દ્રભાઈ રાવત ભાઈ મારૂનો સમાવેશ થાય છે.


ક્લાસીફાઇડ / Classified

**Live-in Caregiver-Nanny-Aya Needed**

Take care of 96 year old man and a 68 year old man. Duties include taking care of personal hygiene, feeding, guiding them to a bathroom etc. Expected to travel at 4 locations: Mississauga, Waterloo and Fenelon Falls (Ontario).

Call Pravin Patel @ 705-465-1337
Email at fenelonin@yahoo.com


## રાજકોટના અનિરુદ્ધ સિંહ રીબડાને સોપારી આપનાર શૈલેષ ભટ્ટ દિલ્હીથી પકડાયો

રાજકોટ : સરથાણાના બિલ્ડરની સાઈટ ઉપર કબ્જો જમાવી રિવોલ્વર બતાવી ધમકી આપવાના બનાવમાં વોન્ટેડ શૈલેષ ભટ્ટને દિલ્હી પોલીસે સુરત પોલીસની હકીકતના આધારે આજરોજ તિલકનગર વિસ્તારમાંથી ઝડપી લીધો હતો. શૈલેષ ભટ્ટનો કબ્જો લેવા સુરત ક્રાઈમ બ્રાન્ચની એક ટીમ દિલ્હી રવાના થઈ છે. સરથાણાના બિલ્ડર રાજુભાઈ રવજીભાઈ દેસાઈના ફલેટ ઉપર કબ્જો જમાવનારા ચારને ઝડપી પાડી બિલ્ડરની વધુ પૂછપરછના આધારે સરથાણા પોલીસે સાઈટ ઉપર કબ્જો જમાવી રિવોલ્વર બતાવી ધમકી આપવાના બનાવમાં શૈલેષ ભટ્ટ અને અનિરુદ્ધસિંહ રીબડા સહિત ૧૧ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

આ બનાવની તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપાતા ક્રાઈમ બ્રાન્ચે ૭ ટીમો બનાવી સુરતમાં રહેતા શૈલેષ ભટ્ટ અને અન્યોના ઘરે તેમજ ઓફિસે તપાસ કરી હતી. પરંતુ તમામ ભૂગર્ભમાં ઉતરી ગયા હતા. જયારે રાજકોટના કુખ્યાત અનિરુદ્ધસિંહ રીબડાને ઝડપી પાડવા એક ટીમ સૌરાષ્ટ્ર પણ મોકલી હતી. દરમિયાન, અગાઉ બીટકોઈન પ્રકરણમાં ઝડપાયેલા શૈલેષ ભટ્ટની હિલચાલને ટેકનીકલ સર્વેલન્સના આધારે તપાસતા તે દિલ્હીના ઈન્ડિયા ગેટ વિસ્તારમાં હોવાનું જાણવા મળ્યું હતું. આથી સુરતના પોલીસ કમિશનર અજયકુમાર તોમરે દિલ્હીના પોલીસ કમિશનરનો સંપર્ક કરી આ અંગે જાણ કરતા તિલકનગર પોલીસે આજરોજ શૈલેષ ભટ્ટને ઝડપી લીધો હતો. શૈલષ ભટ્ટ ઝડપાયો છે તેવી દિલ્હી પોલીસે સુરત પોલીસને જાણ કરતા સુરત ક્રાઈમ બ્રાન્ચની એક ટીમ તેનો કબ્જો લેવા દિલ્હી રવાના થઈ છે.

## દ્વારકામાં મહિલાએ ચાર હાથ અને ચાર પગ વાળા બાળકને જન્મ આપ્યો

દ્વારકા : કલ્યાણપુરામાં રહેતી પરપ્રાંતિય મહિલા દ્વારા ચાર હાથ અને ચાર પગ ધરાવતા એક બાળકને જન્મ આપતા સમગ્ર વિસ્તાર ઉપરાંત ડોક્ટર બેડામાં પણ આશ્ચર્ય ફેલાયું છે. ૨૪ વર્ષીય મહિલા સંગીતાબેન શ્રમજીવી છે. ખંભાળીયાના સરકારી હોસ્પિટલમાં તેમણે આ બાળકને જન્મ આપ્યો હતો. જો કે આ બાળક મૃત હતું જ્યારે સંગીતા બેનની તબિયત સ્થિર છે.

ખંભાળીયાની સરકારી હોસ્પિટલમાં એખ મહિલાએ ચાર પગ અને ચાર હાથ વાળા બાળકને જન્મ આપ્યો હોવાનું સામે આવતા જ મોટા પ્રમાણમાં લોકો એકત્ર થયા હતા. આ મહિલા કેશુપુર ખાતે મજુરી કામ માટે આવી હતી. જો કે તબીબી ચેકઅપ ગર્ભાવસ્થા રહ્યા બાદ ક્યારે પણ કરાવ્યું નહોતું. જેથી જ્યારે સુવાવડ થઈ જ્યારે જ આ અંગે માહિતી મળી હતી.

## ISI હની ટ્રેપના તાર શોધતું ઓપરેશન ‘ડોલ્ફિન નોઝ’ છેક કચ્છ સુધી લંબાયું

ભુજ: ભારતીય નૌકાદળના જવાનોને સોશિયલ મીડિયા મારફતે હની ટ્રેપમાં ફસાવી,દેશની સુરક્ષા અંગેની જાસૂસી કરવા મજબૂર બનાવવાના નાપાક પાકિસ્તાનના ષડયંત્રની ઝીણવટભરી તપાસ અંતર્ગત નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીની એક ટીમ સરહદી કચ્છમાં તપાસ કરી રહી છે. આંધ્ર પોલીસ દ્વારા આરોપીઓના બેન્ક ખાતાઓના ટ્રાન્ઝેક્શનની સઘન તપાસ કરવામાં આવી હતી. જેમાં એક ટ્રાન્ઝેક્શનમાં દર્શાવાયેલો બેન્ક એકાઉન્ટ નંબર કચ્છના અબડાસાના એક શખસનો હોવાનું બહાર આવ્યું હતું. આ ખાતામાંથી માત્ર એક રૂપિયો ‘ટોકન મની’ તરીકે ટ્રાન્સફર થયો હતો. છ મહિના અગાઉ આંધ્ર પોલીસે ગુપચૂપ રીતે કચ્છ આવી જેનો બેન્ક ખાતા નંબર હતો તે શખ્સની પૂછતાછ કરતાં નજીકના ગામના લોહારબંધુઓના નામ બહાર આવ્યા હતા. લોહારબંધુઓ પૈકીનો એક ગુપ્તચર એજન્સીના એજન્ટ તરીકે કામ કરતો હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. જે-તે સમયે આંધ્ર પોલીસ ત્રણેયના નિવેદન લઈ પરત જતી રહી હતી. લોહાર નામનો શખ્સ તેના ગામ અને સમાજના ગ્રામરક્ષક દળના એક જવાન સાથે ખૂબ લાંબી વાતચીત કરતો હોઈ તેની પણ પૂછપરછ કરી છે. ગ્રામરક્ષક દળના જવાન જોડે ટેલિફોનિક સંપર્કમાં રહેતાં નખત્રાણા પોલીસ મથકના એક આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટરને પણ એનઆઈએએ પૂછતાછ કરી છે.

# લજ્જાસ્પદ અને શરમજનક કાર્યો (વ્યભિચાર-ઝીના)થી દુર રહેવા માટેના આદેશો

ભાગ-૧

અંગ્રેજી ભાષાની એક કહેવત છે, જેનું ગુજરાતીમાં ભાષાંતર કંઈ આમ થાય છે. “મનુષ્ય સામાજીક પ્રાણી છે.” આ કહેવતમાં મનુષ્ય, જે ખરી રીતે પરમેશ્વરનું સર્વોત્તમ સર્જન છે અને પ્રાણીઓ કરતાં ઘણીજ વધારે સમજ, બુદ્ધિ અને અકલ ધરાવે છે તેને ઉદાહરણમાં પ્રાણી કહેવામાં આવેલ છે. પરંતુ સામાજીક રીત રીવાજ અને શિષ્ટાચાર અનુસાર શું મનુષ્યને પ્રાણી કહી શકાય કે ? અવશ્ય આ પ્રશ્નનો ઉત્તર ના જ છે, કારણ કે સામાજીક રીત રીવાજ અને શિષ્ટાચાર અનુસાર માનવી સમાજનો એક ભાગ છે, અને સમાજમાં તેનું એક સ્થાન છે. પરંતુ એક સત્ય એ પણ છે કે ક્યારેક આ જ મનુષ્ય સમાજમાં રહીને પોતાનું ભાન ભુલી જઈને, ગુસ્સામાં, આવેશમાં, લાલચ કે સ્વાર્થમાં આવી જઈને અથવા પોતાની મેલી મનોકામના પુરી કરવા માટે પ્રાણી સમાન બની જાય છે, અને નિર્લજ્જતા અને શરમજનક કાર્ય કરી બેસે છે.

આવા પ્રકારના લજ્જાસ્પદ અને શરમજનક કાર્યોમાં અતિશય ગંભીર, ગંદુ, અશ્લીલ, બિભત્સ અને અતિઘૃણાજનક કાર્ય વ્યભિચાર (ઝીના) છે. આ ઘૃણાજનક કૃત્ય સામાજીક દ્રષ્ટિએ, કાયદા કાનુન અનુસાર અને ધાર્મિક દ્રષ્ટિએ પણ પાપ સમાન ગણાય છે, અને જગતના લગભગ સર્વે દેશોમાં આ ઘૃણાજનક કૃત્યને ગેરકાયદેસર અને ગેર કાનુની ગણવામાં આવે છે. અને ધાર્મિક દ્રષ્ટિએ પણ જગતનો કોઈ ધર્મ આ ઘૃણાજનક અને ગંદા કૃત્યની મનુષ્યને પરવાનગી નથી આપતો.



**મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત**

મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં પણ આ વિષે ઘણા બોધવચનો આપવામાં આવ્યા છે. આ વિષેના ચાર બોધવચનો નીચે પ્રમાણે છે :-

“અને વ્યભિચારની નજીક પણ ન ફરકો, કારણકે તે ઘણું જ ખરાબ કૃત્ય છે અને ખરાબમાં ખરાબ (બહુ જ નઠારો) માર્ગ છે.” (પ્રકરણ ૧૭, શ્લોક ૩૨)

“અને નિર્લજ્જતા (બેશરમી)ના કાર્યોના નજીક પણ ન ફરકશો, ચાહે તે ખુલ્લા હોય કે છુપા.” (પ્રકરણ ૬, શ્લોક ૧૫૧)

“અને જે લોકો અલ્લાહ સિવાય કોઈ બીજાને ઉપાસ્ય (માઅબુદ-પુજવાલાયક) તરીકે પોકારતા નથી અને અલ્લાહે હરામ (ગેરકાયદેસર) ઠેરવેલ કોઈ જીવની વાજબી કારણ વગર હત્યા નથી કરતા અને ન તો

**ઈસ્લામની આરસી**
**કાસિમ અબ્બાસ**

વ્યભિચાર કરે છે, તો તેઓના સિવાયના આવા કુકર્મો જેઓ કરશે, તેઓ પોતાના પાપનું વળતર અવશ્ય મેળવશે.” (પ્રકરણ ૨૫, શ્લોક ૬૮)

“અને તમારી સ્ત્રીઓ પૈકી જે કોઈ અનીતિ (બદકારી-વ્યભિચાર)નું શરમજનક કૃત્ય કરે, તો તેણીઓ પર તમારા માંથી ચાર પુરૂષોની સાક્ષી લો. અને પછી જો તેઓ સાક્ષી આપી દે, તો તેણીઓને ઘરમાં જ રાખો, ત્યાં સુધી કે તેણીઓને મૃત્યુ ઉઠાવી લે અથવા તેણીઓ માટે અલ્લાહ કોઈ બીજો માર્ગ કાઢી આપે. અને તમારા પૈકી કોઈ શરમજનક કૃત્ય કરે, તો એ બંને ને શિક્ષા આપો. પછી જો તેઓ પ્રયાશ્ચિત (તોબા) કરી લે અને પોતાને સુધારી લે, તો તેમને છોડી દો. ખચિત અલ્લાહ પ્રાયશ્ચિત સ્વીકારનાર (તોબા કબુલ કરનાર) અને દયાળુ છે. (પ્રકરણ ૪, શ્લોક ૧૫ અને ૧૬)

ઉપર આપેલા કુરાન મજીદમાંના ચાર બોધવચનો માંથી પહેલા બે બોધવચનો (પ્રકરણ ૧૭, શ્લોક ૩૨ અને પ્રકરણ ૬, શ્લોક ૧૫૧)માં નિર્લજ્જતા જેવા કૃત્ય વ્યભિચારની નજીક પણ ન ફરકવા માટેનો આદેશ આપવામાં આવેલ છે. ત્રીજા બોધવચન (પ્રકરણ ૨૫, શ્લોક ૬૮)માં આવા શરમજનક કૃત્યો કરનારાઓ માટે સજાની જોગવાઈ (પાપનું વળતર) વિષે કહેવામાં આવેલ છે અને ચોથા બોધવચન (પ્રકરણ ૪, શ્લોક ૧૫ અને ૧૬)માં વ્યભિચારી સ્ત્રીઓ અને પુરૂષો માટે સજા વિષેનો પ્રાથમિક આદેશ છે, કારણ કે આ પ્રાથમિક આદેશ પછી પ્રકરણ ૨૪માં વિસ્તારપૂર્વક વ્યભિચારી પુરૂષો અને સ્ત્રીઓ માટે એક સરખી સજાનો આદેશ આપવામાં આવેલ છે. જેનું વર્ણન આગળ આવશે.

જગતના જુદા જુદા દેશોના કાયદા કાનુનો અનુસાર વ્યભિચારની સજા જુદી જુદી નક્કી કરવામાં આવેલ હોય છે. ઈસ્લામ ધર્મ અનુસાર આ શરમજનક, અશ્લીલ અને ઘૃણાજનક કૃત્યની શી સજા છે તે વિષે ઉપર આપેલા એક બોધવચન (પ્રકરણ ૪, શ્લોક ૧૫ અને ૧૬)માં પ્રાથમિક આદેશ આપવામાં આવેલ છે. તે પછી વ્યભિચારી પુરૂષ અને સ્ત્રી માટેની સજાનું વિસ્તારપૂર્વક વર્ણન પ્રકરણ ૨૪માં કરવામાં આવેલ છે. આ અનુસાર જગતના ઘણા ઈસ્લામી દેશોમાં વ્યભિચારની સજાનો અમલ કુરાન મજીદમાંના પ્રકરણ ૨૪માં આપેલા આદેશો અનુસાર કરવામાં આવે છે. ક્રમશઃ

# ભાજપ સામે બંડ પોકારનાર ૩૮ કાઉન્સિલર સસ્પેન્ડ

- ભાજપના પ્રદેશ પ્રમુખ પાટિલ દિલ્હી પહોંચ્યા



ગાંધીનગર : ૭ નગરપાલિકાઓમાં પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીમાં ભાજપના મેન્ડેટનો અનાદર કરનારા ૩૮ કાઉન્સિલરોને પ્રદેશ પ્રમુખ સી. આર. પાટિલે તાત્કાલિક અસરથી ભાજપમાંથી સસ્પેન્ડ કરવાનો આદેશ કર્યો હતો. ખેડબ્રહ્મા, હારિજ, થરાદ, રાપર, ઉપલેટા અને તળાજા નગરપાલિકામાં ભાજપના ચૂંટાયેલા જનપ્રતિનિધીઓએ પાર્ટીએ આપેલા મેન્ડેટની સામે બંડ પોકારીને સોમવારે યોજાયેલી નવા પ્રમુખ અને ઉપ પ્રમુખની ચૂંટણીમાં ક્યાં કોંગ્રેસના ટેકાથી તો ક્યાં કોંગ્રેસને સર્મથન આપ્યું હતુ. રાજકોટની ઉપલેટા નગરપાલિકામાં પ્રમુખ- ઉપ પ્રમુખની ચૂંટણી વખતે પ્રદેશ ભાજપે આપેલા મેન્ડેટની વિરૂધ્ધ જઈને ૧૪ કોર્પોરેટરોએ હાઈકમાન્ડે જેમના નામ સુચવ્યા હતા તેમને હરાવ્યા હતા. રાપરમાં પણ ૧૩ જેટલા ભાજપના કોર્પોરેટરોએ પક્ષના મેન્ડેટનો અનાદર કરી બંડ પોકાર્યો હતો. ઉપરાંત હારિજમાંથી ૪, ખેડબ્રહ્માંમાંથી બે, થરાદમાંથી ત્રણ એમ કુલ મળી ૩૮ કોર્પોરેટરોને પાર્ટીના મેન્ડેટનો અનાદર કરવા બદલ ભાજપમાંથી સસ્પેન્ડ કરી દેવાયા છે.

### રાપર નગરપાલિકાની ચૂંટણીમાં બળવો

રાપર પાલિકાની ગત ૨૪ના નગરપતિ તાથા ઉપપ્રમુખની વરણી કરાઈ હતી. રાપર પાલિકામાં ભાજપના ૧૫ તાથા કોંગ્રેસના ૧૩ સદસ્ય છે. જેમાં આગામી અઢી વર્ષ માટે સામાન્ય મહિલા પ્રમુખ તરીકે ભાજપ દ્વારા અમૃત વાલજી વાવીયાને મેન્ડેટ આપવામાં આવ્યું હતું. પરંતુ મેન્ડેટ ધરાવતા સદસ્યને મત આપવાના બદલે ભાજપના સભ્યોએ કોંગ્રેસના બે સદસ્યોનો સાથ લઈને ભાજપના જ મહેશ્વરીબા સોઢાને ઉમેદવારી કરાવી , તેને મત આપી વજેતા કર્યા હતા. તો ઉપપ્રમુખ તરીકે પ્રવિણ દયારામ ઠક્કરનો વિજય થયો હતો. તમામ સભ્યોએ તેનો વિરોધ કરીને બળવો કરતા નવા ચુંટાયેલા પ્રમુખ મહેશ્વરીબા સોઢા, ઉપપ્રમુખ પ્રવિણ ઠક્કર,માજી પ્રમુખ ગંગા શિયારીયા, ઉપ પ્રમુખ હઠુભા સોઢા, શાસકપક્ષના નેતા બળવંત ઠકકર, જાકબ કુંભાર, શકીના રાયમા, મુળજી પરમાર, નિલમબા વાઘેલા, હેતલ માલી, શૈલેષકુમાર શાહ, નરેન્દ્ર સોની, ધિંગા પઢીયાર વગેરેની હકાલપટ્ટી કરાઈ હતી.

### ઉપલેટાનાં ૧૪ સભ્યોને સસ્પેન્ડ કરાયા

ઉપલેટા પાલિકામાં બળવો કરીને પ્રમુખ તરીકે દાનાભાઈ ચંદ્રવાડીયા અને ઉપપ્રમુખ તરીકે રણુંભા જાડેજા ચૂંટાયા હતા. અગાઉની ટર્મમાં દાનાભાઈનાં પત્ની રાણીબહેન ચંદ્રવાડીયા પ્રમુખ હતા. સતા મેળવવા બળવો કરનાર આ ત્રણ સભ્યો ઉપરાંત જેંતીભાઈ રાઠોડ, અમિતાબેન કાલાવડીયા, સુશીલાબા જાડેજા, જયશ્રીબહેન સોજીત્રા, વર્ષાબહેન કપુપરા, ઉષાબહેન વસરા, રમાબહેન કટારીયા, રમાબહેન ડેર, જગદીશ કપુપરા , વર્ષાબહેન ડેર, અને અશ્વિનભાઈ બારૈયાને ભાજપમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

## ગુજરાત ભાજપના નવા સંગઠનની બ્લૂ પ્રિન્ટ લઈ પાટીલ દિલ્હી રવાના

- નવી ટીમમાં એમપી-એમએલએની બાદબાકી કરવામાં આવે તેવી શક્યતા
- હાઈકમાન્ડને વર્તમાન સરકાર અને સંગઠનની સ્થિતિનો ચિતાર આપશે

ગાંધીનગર : ગુજરાત ભાજપના નવા માળખાના નામોની બ્લૂ પ્રિન્ટ લઈને પ્રમુખ સી.આર.પાટીલ દિલ્હી હાઈકમાન્ડ પાસે પહોંચી ગયા છે, તે જોતા ટૂંકમાં જ પાટીલની નવી ટીમ જાહેર થઈ શકે છે. ખાસ કરીને નવી ટીમમાં 'એક વ્યક્તિ એક હોદ્દા'નો નિયમ પાળવામાં આવશે. તેની સાથે સાથે નવા સંગઠનમાંથી ધારાસભ્યો અને સાંસદોને પણ બાકાત રાખવામાં આવે તેવી શક્યતા છે કેમકે મોટા ભાગના એમપી, એમએલએ પાસે એકથી વધુ હોદ્દા છે.

ભાજપના નવા પ્રદેશ પ્રમુખ પાટીલ હાલ દિલ્હીમાં હાઉસિંગ કમિટીની બેઠકમાં ભાગ લેવા ગયા છે. આ દરમિયાન તેઓ ગુજરાત ભાજપના નવા સંગઠન અંગે હાઈકમાન્ડ સાથે સીધી ચર્ચા કરે તેવી પણ શક્યતા છે. જેમાં વર્તમાન સરકાર અને સંગઠનની સ્થિતિનો ચિતાર હાઈકમાન્ડને આપશે.

## ગુજરાત એક્સપોર્ટ પ્રીપેર્ડનેસમાં નંબર વન, પોલિસી-ઈકોસિસ્ટમ-પર્ફોર્મન્સમાં પાછળ

ગાંધીનગર : કેન્દ્રીય નીતિ આયોગે એક્સપોર્ટ પ્રીપેર્ડનેસ ઈન્ડેક્સ-૨૦૨૦ યાને નિકાસની તૈયારીઓ સંદર્ભે રિપોર્ટ બહાર પાડયો છે અને રાજ્યવાર પ્રદેશવાર રેન્કિંગ જાહેર કર્યું છે, જેમાં ગુજરાત એક્સપોર્ટ પ્રીપેર્ડનેસમાં ૭૫.૧૯ના સ્કોર સાથે ઓવરઓલ રેન્કિંગમાં પ્રથમ આવ્યું છે. ગુજરાત બિઝનેસ ઈકોસિસ્ટમ પિલરમાં પણ ૯૦.૬૧ના સ્કોર સાથે પ્રથમ આવ્યું છે. પરંતુ અન્ય ત્રણ મહત્ત્વના માપદંડ પોલિસી પિલર, એક્સપોર્ટ ઈકોસિસ્ટમ પિલર તથા એક્સપોર્ટ પરફોર્મન્સ પિલરમાં ગુજરાતનો નંબર પાછળ આવ્યો છે. ગુજરાતે એક્સપોર્ટ ઈકોસિસ્ટમ પિલરમાં ૪૭.૩૫નો સ્કોર કરી નવમો નંબર, એક્સપોર્ટ પરફોર્મન્સ પિલરમાં ૬૧.૭૧ના સ્કોર સાથે બીજો નંબર તેમજ પોલિસી પિલરમાં ૮૫.૭૦ના સ્કોર સાથે બીજો નંબર હાંસલ કર્યો છે. એક્સપોર્ટ પ્રીપેર્ડનેસ ઈન્ડેક્સ રિપોર્ટ ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના આધાર ઉપર પ્રથમવાર બનાવ્યો છે, જેમાં બિઝનેસ ઈકોસિસ્ટમને સૌથી વધુ ૪૦ ટકા વેઈટેજ અપાયું હોઈ ગુજરાતે ઓવરઓલ રેન્કિંગમાં ૯૦.૬૧ સ્કોરથી મેદાન માર્યું છે. રિપોર્ટ મુજબ ગુજરાતે બિઝનેસઈકોસિસ્ટમ વિભાગમાં ઈનોવેટિવ કેપેસિટીમાં ૨૮.૯૮ સ્કોર, ઈન્વેસ્ટર્સ સમિટમાં ૨.૩૮ સ્કોર, પાવરકોસ્ટમાં ૧૦.૦૮ સ્કોર તથા પ્રત્યેક સમિટમાં એમઓયુની કિંમતમાં ૬.૨૫ સ્કોર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિભાગમાં વીજળી ઉપલબ્ધિમાં ૪૧.૭ સ્કોર, ટ્રાન્સપોર્ટ કનેક્ટિવિટી વિભાગમાં એર કાર્ગો સુવિધામાં ૦.૧ સ્કોર, એકસેસ ટુ ફાઈનાન્સ યાને નાણાં મેળવવાના વિભાગમાં બેન્કિંગ સુવિધામાં ૨૭.૮૧ સ્કોર મેળવ્યો છે.

## પિરામીડ સ્કીમમાં ઉંચા વળતરની લાલચ આપી લોકોના ૪૪૬ કરોડ ખંખેરી લેવાયા

- જીએસટીની તપાસમાં ભાંડો ફૂટયો : સીઆઈડી ક્રાઈમે દિલીપ જૈનની ધરપકડ કરી



અમદાવાદ : જીએસટી વિભાગ દ્વારા ભરુચમાં આવેલી જિનસેસિસ ફોર-યુ નામની કંપનીમાં દરોડા પાડયા હતા. જેમાં કંપની દ્વારા પિરામીડ સ્કીમમાં ઉચા વળતરની લાલચ આપીને લોકો પાસે રૂા. ૪૪૬ કરોડ પડાવીને છેતરપીંડી કરવામાં આવી હતી. આ કેસમાં ગાંધીનગર સીઆઈડીમાં ગુનો નોંધીને આરોપી દિલીપ જૈનની ધરપકડ કરવામાં આવી છે. જીએટી વિભાગ વડોદરા દ્વારા તા. ૨૫ ના રોજ ભરુચમાં ધરમનગર, ગામ ભોલવ, જાડેશ્વર રોડ ખાતે જિનસેસિસ ફોર-યુ કંપનીમાં દિલીપભાઈ બાબુલાલ જૈનના ત્યાં દરોડા પાડયા હતા. જેમાં લોકો સાથે કૌભાંડ આચર્યુ હોવાનું બહાર આવતાં ગાંધીનગર સ્થિત સીઆઈડી ક્રાઈમે ઈન્કવાયરી હાથ ધરી હતી. પોલીસ તપાસમાં આરોપીએ ૨૦૧૫માં જિનસેસિસ ફોર-યુ નામની મલ્ટીલેવલ માર્કટીંગનો ધંધો શરૂ કર્યો હતો. જેમાં પોતાની કંપનીમાં એક વર્ષ માટે ૧આઈડીમાં રૂા. ૮૫૦૦ તથા ૩ આઈડીમાં રૂા. ૨૫,૫૦૦ તથા ૭ આઈડીમાં રૂા. ૫૯,૫૦૦ અને ૧૫ આઈડીમાં રૂા. ૧,૨૭,૫૦૦' મુજબના નાણાંનું રોકાણ કરવાથી પોતાના રોકાણ પ્રમાણે રૂા. ૧૨૦૦, રૂા. ૩૬,૦૦ રૂા. ૮૪,૦૦ અને રૂા. ૧૮,૦૦૦ મુંજબનું વળતર દર મહિને આપવાની લાલચામણી અને લોભામણી સ્કિમો બહાર પાડી હતી.

## અમદાવાદમાં સામૂહિક આપઘાત બાદ પત્ની દ્વારા પણ આત્મહત્યા

અમદાવાદ : ૨૦ ઓગસ્ટે વટવામાં હાથીજણ સર્કલ પાસે એક પરિવારે સામાહિક આત્મહત્યા કરી હતી. વટવા રિંગરોડ પાસે પ્રયોસા રેસિડન્સીની આ ઘટનાએ આસપાસના વિસ્તારને હચમચાવી મૂક્યો હતો. આ ઘટનામાં બે પરિવારના સભ્યોએ સામુહિક આત્મહત્યા કરી લીધી હતી, જેમાં બે ભાઈઓ અને તેમના ચાર બાળકો સહિત ૬ લોકોના મૃતદેહ પોલીસને ઘરમાંથી મળી આવ્યા હતા. આ ઘટનામાં પોલીસને પોલીસની પ્રાથમિક તપાસમાં આર્થિક સંકડામણને કારણે તેઓએ આ અંતિમ પગલુ ભર્યાનું સામે આવી રહ્યું છે. દરમિયાન મૃતક અમરિશની પત્નીએ પણ આપઘાત કરી લીધો છે. મૃતક અમરિશની પત્ની પરિવારના મોતના આઘાતમાં રહેતી હતી, જેના કારણે તેણે પણ આપઘાત કર્યો હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે. આ ઘટનામાં વિવેકાનંદ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

૨૦ ઓગસ્ટે અમદાવાદ વટવામાં એક પરિવારે સામુહિક આત્મહત્યાના કેસમાં બે ભાઈઓ અને બાળકો બાદ હવે પત્નીએ પણ આત્મહત્યા કરીને જિંદગી ટૂંકાવી દીધી છે. મોટા ભાઈ અમરિશ પટેલની પત્નિએ આત્મહત્યા કરી લેતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

## 'મોડર્ન લાઈફસ્ટાઈલ પસંદ નથી' સ્યુસાઈટ નોટ લખી બેંક મેનેજરની પત્નીનો આપઘાત

અમદાવાદ : વસ્ત્રાપુર ખાતે આવેલા કાસા વ્યોમા એપાર્ટમેન્ટમાં રહેતા બેંક મેનેજરની ૪૭ વર્ષીય પત્નીએ ગળે ફાંસો ૨૫ ઓગસ્ટ બપોરે ૨ વાગ્યા પહેલા ખાઈ લીધો હતો. હાલના વેસ્ટન કલ્ચર મનોવિકાસ સમાજમાં વધવાથી દુખી છું, મારું જીવન પૂરું થઈ ગયું છે. આમ મોર્ડન કલ્ચરથી પરેશાન રહેતા જીવન ટૂંકાવ્યું હતુ. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોધી તેમને લખેલી ડાયરી કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે. વસ્ત્રાપુરના કાસા વ્યોમા એપાર્ટમેન્ટના ડી-૯૦૨ ફલેટમાં રાકેશ પંચારિયા(ઉ.૫૧) તેમની પત્ની મનિષાબેન (ઉ.૪૭) અને એક દીકરી શ્રેયા(ઉ.૧૯) સાથે રહે છે. રાકેશ પંચારીયા એલિસબ્રિજ ખાતે આવેલી બેંક ઓફ ઈન્ડિયાની સર્વિસ બ્રાંચમા સિનિયર મેનેજર છે. ૨૫મી ઓગસ્ટને મંગળવારે રાકેશભાઈ નોકરી પર ગયા હતા.

## ઝડફિયાની હત્યાના કાવતરામાં છોટા શકીલ ગેંગના ૪ની ધરપકડ

અમદાવાદઃ ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ ગોરધન ઝડફિયાની હત્યાના કાવતરામાં ગુજરાત એટીએસે છોટા શકીલ ગેંગના વધુ ચાર સાગરિતને ઝડપી લીધા છે. મહારાષ્ટ્રમાંથી ત્રણ અને કર્ણાટકમાંથી એક એમ કુલ ચાર માણસોને લઈને એટીએસની ટીમ રવિવારે રાતે અમદાવાદ આવી હતી. આ ચારેય માણસો છોટા શકીલના શાર્પ શૂટર મહંમદ ઈરફાન ઉર્ફે કાલીયાના સંપર્કમાં હોવાથી તેમની ધરપકડ કરાઈ છે.

રાજ્યના માજી ગૃહ પ્રધાન તેમજ હાલના ભાજપના મોટા ગજાના નેતા ગોરધન ઝડફિયાની હત્યા માટે છોટા શકીલે સોપારી લીધી હતી. જેથી ગોરધન ઝડફિયાની હત્યાને અંજામ આપવા માટે છોટા શકીલે બે શાર્પ શૂટરને અમદાવાદ મોકલ્યા હતા. આ બંને રીલીફ રોડ પરની હોટલ વિનસમાં રોકાયા હતા. જો કે એટીએસના અધિકારીઓને મળેલી માહિતીના આધારે ટીમો બંનેને પકડવા પહોંચી હતી. જ્યાં કાલિયાએ રૂમમાં જ એટીએસની ટીમ ઉપર ફાયરિંગ કર્યું હતું, એટીએસે કાલિયાને ઝડપી બે પિસ્ટલ અને કારતૂસ કબજે કર્યા હતા. પોલીસે કાલિયાનો ફોન ચેક કર્યો હતો અને તેણે છેલ્લા ૧૫ દિવસમાં કોની - કોની સાથે વાત કરી હતી તેની તપાસ હાથ ધરી હતી, જેમાં ત્રણ વ્યકિત મહારાષ્ટ્રની અને એક વ્યકિત કર્ણાટકનો હતો.

## ગુજરાતમાં નેતાની હત્યાના કાવતરાને પગલે કમલમની સુરક્ષા વ્યવસ્થામાં ફેરફાર

ગાંધીનગર : ભાજપના નેતાની હત્યાના કાવતરા બાદ કમલમની સુરક્ષામાં ધરખમ ફેરફાર કરવામાં આવ્યો છે. ગાંધીનગર કમલમમાં ૧૮ હથિયારધારી જવાનોને સુરક્ષામાં તેનાત કરી દેવામાં આવ્યા છે. એટલું જ નહીં કમલમમાં આસપાસના તમામ એન્ટ્રી એક્ઝીટના વધારાના ગેટ પણ બંધ કરી દેવામાં આવ્યા છે. કમલમ તરફ આવતા રસ્તાઓમાં બેરિકેટીગ કરાયા છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, થોડા દિવસ પહેલા ભાજપના નેતાની હત્યાના કાવતરા માટે મુંબઈના શાર્પશૂટરો અમદાવાદની એક હોટલમાંથી ઝડપાયા છે. તપાસમાં ખુલ્યું હતું કે તેઓને ભાજપના નેતાની હત્યા કરવા માટે પાકિસ્તાનમાંથી સોપારી મળી હતી. આ શાર્પશૂટરો ડી ગેંગના હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ ગુજરાતમાં એકાએક ભાજપના તમામ નેતાઓની સુરક્ષા વધારી દેવામાં આવી હતી.

# મહારાષ્ટ્રમાં કોરોનાના ૧૪,૭૧૮ નવા કેસ, ૩૫૫ મોત

• રાજ્યમાં કુલ સંક્રમિત કુલ ૭,૩૩,૫૬૮ : મુંબઈમાં ૧૩૫૦ નવા દર્દી સાથે કોરોનાના દર્દીની સંખ્યા ૧,૪૦,૮૮૮ થઈ

મુંબઈ: રાજ્યમાં ગુરુવારે ૧૪,૭૧૮ નવા દર્દી સાથે જ કોરોના ગ્રસ્તોની સંખ્યા ૭,૩૩,૫૬૮ પર પહોંચી હતી. બીજી તરફ મુંબઈ મહાનગરપાલિકા વિસ્તારમાં ૧૩૫૦ નવા દર્દીની સાથે કોરોનાગ્રસ્તોની સંખ્યા ૧,૪૦,૮૮૮ પર પહોંચી છે. રાજ્યમાં સૌથી કોરોના દર્દી પુણેમાં ૧૭૭૨ નોંધાયા હતા. પુણે વિભાગમાં કુલ ૪,૫૧૫ નવા દર્દીની નોંધ થઈ છે, જ્યારે મુંબઈ સર્કલમાં ૩,૫૦૫ નવા દર્દી નોંધાયા છે. રાજ્યમાં કોરોનાને કારણે ૩૫૫ મોત થયા હતા, જેમાંથી મુંબઈમાં -૩૦, થાણે -૧૩, નવી મુંબઈ -૧૧, ભીવંડીમાં -૧, મીરા-ભાઈંદરના -૬, રાયગઢના -૧૩ અને પનવેલના -૭ સહિત મુંબઈ સર્કલના ૮૩, નાશિક સર્કલના ૫૮, પુણે સર્કલના -૬૭, કોલ્હાપુર સર્કલના -૪૪, ઔરંગાબાદ સર્કલના -૧૧, લાતુર -૪૦, આકોલા -૬, નાગપુર -૪૩ અને અન્ય રાજ્યના ત્રણ કોરોના દર્દીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રાજ્યમાં ગુરુવારે ૯,૧૩૬ દર્દીને સારવાર બાદ રજા આપવામાં આવી હતી અને આ સાથે રાજ્યમાં ડિસ્ચાર્જ થયેલા દર્દીની સંખ્યા ૫,૩૩,૫૬૩ થઈ છે. આ સાથે રાજ્યમાં અત્યારે ૧,૭૮,૨૩૪ કોરોનાના એક્ટિવ દર્દી છે.



## એન-૯૫ માસ્ક કોરોનાના પ્રસારને અટકાવવામાં સૌથી વધારે અસરકારક

નોવેલ કોરોનાને ફેલાવતો અટકાવવા માટે એન- ૯૫ માસ્ક સૌથી વધારે અસરકારક હોય છે, એમ સંશોધકોના એક અભ્યાસમાં કહેવામાં આવ્યું હતું. જો કે ઇસરોના વૈજ્ઞાનિકોએ કહ્યું હતું કે કોવિડ-૧૯ને ફેલાતો અટકાવવા માટે માસ્ક વગર કરતાં કોઇ પણ માસ્ક ઉપયોગી થઇ શકે છે. તેમણે નોંધ્યું હતું કે કોવિડ-૧૯ જેવા ચેપી રોગના ફેલાવવા માટે છીંક અને બગાસા ખાતી વખતે જે જીવાણુંઓ બહાર આવે છે અને શ્વાસ મારફતે અંદર જાય છે. ઇસરોના પદ્મનાભમ પ્રસન્ના સિંમ્હા અને શ્રી જયદેવા ઇન્સટીટ્યુટ ઓફ કાર્ડિઓવેસ્ક્યુલર સાયન્સ એન્ડ રિસર્ચ, કર્ણાટકના પ્રસન્ના સિંમ્હા મોહને વિવિધ રીતે સામાન્ય રીતે મોઢું ઢાંકતી વખતે નીકળતા પ્રવાહીને જોવા પછી અનુભવ કર્યો પછી આ તારણ કાઢ્યું હતું.

## કાનપુરમાં ૨૪ કલાકમાં કોરોનાને કારણે ૧૬નાં મોત

ઉત્તર પ્રદેશના કાનપુર શહેરમાં કોરોનાથી છેલ્લા ૨૪ કલાકમાં ૧૬ વ્યક્તિનાં મરણ થતાં રાજ્ય સરકારે કાનપુરના જિલ્લા મેજિસ્ટ્રેટની તત્કાળ બદલીના આદેશ આપ્યા હતા. અત્યાર સુધીમાં એકલા કાનપુર શહેરમાં કોરોનાના બાર હજારથી વધુ કેસ થઇ ચૂક્યા હતા. હાલ કાનપુરમાં કોરોનાના ૩,૨૭૯ એક્ટિવ કેસ હોવાનું મિડિયા રિપોર્ટમાં જણાવાયું હતું. રાજ્ય સરકારે કાનપુરના જિલ્લા મેજિસ્ટ્રેટ ડૉક્ટર બ્રહ્મદેવ તિવારીની બદલીના આદેશ આપ્યા હતા. ડૉક્ટર બ્રહ્મદેવ તિવારીના સ્થાને અનિલ તિવારીને કાનપુરના જિલ્લા મેજિસ્ટ્રેટ તરીકે જવાબદારી સોંપવામાં આવી હતી. છેલ્લા ચોવીસ કલાકમાં કાનપુરમાં કોરોનાના ૨૮૮ એક્ટિવ કેસ થયા હતા.

## ભારતમાં બે વ્યક્તિને ઓક્સફર્ડ યુનિ.ની વેક્સિન અપાઈ

ભારતમા ઓક્સફર્ડ યુનિવર્સિટીએ બીજા અને ત્રીજા સ્ટેજમા ક્લિનિકલ ટ્રાયલ પણ શરૂ થઇ ગયુ છે. આ ટ્રાયલ પુણેની ભારતી હોસ્પિટલમા શરૂ કરવામા આવ્યુ હતુ, જ્યાં બો લોકોને પહેલો ડોઝ આપવામા આવ્યો છે. એમાંનો એક ૪૮ વર્ષનો વોલેન્ટિયર પુણેની હોસ્પિટલમા જ્યારે બીજા વોલેન્ટિયર ૩૨ વર્ષના એક ડૉક્ટર છે. જે એક ખાનગી કંપનીમા કામ કરે છે. વેક્સિનનો પહેલો ડોઝ ૩૨ વર્ષના વોલેન્ટિયરના બુધવારે બપોરે ૧ વાગ્યને ૩૫ મિનિટ પર આપવામા આવી જ્યારે બીજા વોલેન્ટિયરને આ વેક્સિન ૧૫ મિનિટ પછી ૧ વાગ્યાને ૫૦ મિનિટ પર આપવામા આવી. ડોઝ આપનાર ૪૮ વર્ષના ગાયનેકોલોજિસ્ટ ૧૦ વર્ષ પહેલા પણ સ્વાઇન ફ્લુની વેક્સિનને ક્લિનિકલ ટ્રાયલમા વોલેન્ટિયરના રૂપે ભાગ લઇ ચૂક્યા છે.

## બાદલ પરિવારની સુરક્ષા કરતા ૧૯ પોલીસમેન પોઝિટિવ

પંજાબના અકાલી દળના નેતા અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન પ્રકાશ સિંઘ બાદલના પરિવારની સુરક્ષા માટે અપાયેલા પોલીસ દળના એક સાથે ૧૯ જવાનો કોરોના પોઝિટિવ હોવાના રિપોર્ટ આવ્યા હતા. એ સાથે જ પ્રકાશ સિંઘ બાદલ, સુખબીર સિંઘ બાદલ અને કેન્દ્રીય પ્રધાન હરસિમરત કૌર બાદલે પોતાને આઇસોલેટ કરી લીધાં હતાં. બઠિંડામાં આવેલા પ્રકાશ સિંઘ બાદલના બંગલાને માઇક્રો કન્ટેનમેન્ટ ઝોનમાં પરિવર્તિત કરી નાખવામાં આવ્યો હતો. પ્રકાશ સિંઘ બાદલના ગામમાં આવેલી સિવિલ હૉસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ ડૉક્ટર મંજુએ આ સમાચારને સમર્થન આપ્યું હતું કે બાદલ પરિવારના મકાનને માઇક્રો કન્ટેનમેન્ટ ઝોનમાં ફેરવી દેવામાં આવ્યું હતું.

## બેદરકાર લોકો કોરોના ફેલાવે છે : આઈસીએમઆર

નવી દિલ્હી : દેશમાં કોરોનાના વધતા કેસ માટે યુવાનો કે વૃદ્ધો નહીં પરંતુ બેદરકાર લોકો જવાબદાર હોવાનું આઇસીએમઆરે જણાવ્યું હતું. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઇસીએમઆર)ના નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, ભારતમાં માસ્ક નહીં પહેરનારા બેદરકાર લોકો કોરોના મહામારી ફેલાવી રહ્યા છે. આઇસીએમઆરના ડીરેક્ટર જનરલ ડૉ. બલરામ ભાર્ગવે કહ્યું હતું કે બેદરકાર લોકો કોરોનાના ફેલવા માટે જવાબદાર છે. તેમણે ઉમેર્યું કે ભારત કોરોનાની ત્રણ રસી માટે ફ્રન્ટ રનર છે. સીરમ ઈન્સ્ટિટ્યુટની રસી ફેઝ ૨(બી) અને ફેઝ ૩ ટ્રાયલમાં છે. ભારત બાયોટેક તથા ઝાયડસ કેડિલાની રસીઓએ ફેઝ-૧ ટ્રાયલ પૂરો કર્યો છે.

# આસામ, બિહાર અને ઓરિસ્સા સહિત દેશના અનેક રાજ્યમાં ભારે પૂરની સ્થિતિ

• ઓડિશા અને પૂર્વોત્તરના રાજ્યોમાં નદીની જળસપાટી ભયજનક સ્તરની ઉપર

નવી દિલ્હી : દેશના ઉત્તર અને પુર્વોત્તર વિસ્તારના રાજ્યોમાં ભારે વરસાદના કારણે પૂરની સ્થિતિ ઉભી થઈ છે. ઉપરાંત હજુ પણ આવનારા સમયમાં ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. હવામાન વિભાગે જમ્મુ કાશ્મીર, બિહાર, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, આસામમાં અલગ અલગ સ્તરનું એલર્ટ પણ જાહેર કર્યું છે. પહાડી રાજ્યોમાં ભુસ્ખલનના કારણે કેટલાય રસ્તાઓ બંધ થયા છે. ઉત્તર પ્રદેશ અને બિહારના અનેક ગામોની સ્થિતિ પૂરના કારણે કફોડી બની છે. આસામ ને ઉત્તરાખંડમાં પણ સતત ભારે વરસાદ પડી રહ્યો છે, જેથી ત્યાંની નદીઓ ગાંડીતૂર બની છે. તો આ તરફ ઓડિશામાં પણ નદીઓ ભયજનક સપાટીની ઉપર વહી રહી છે. કેટલાય વિસ્તારોમાં પાણી ઘુસી ગયું છે.

પૂર્વોત્તરના રાજ્યોની વાત કરે તો સતત ભારે વરસાદના કારણે બ્રહ્મપુત્રા નદી અને તેની સહાયક નદીઓની જળસપાટી વધવાના કારણે આખા રાજ્યમાં વિનાશ વેરાયો છે. આ વર્ષે આસામ પૂરના કારણે બહુ ખરાબ રીતે પ્રભાવિત થયું છે. જાણે કે આસામની મુશ્કેલીઓ પુરી થવાનું નામ નથી લઇ રહી.. અતાયર સુધીમાં લગભગ ૧૪૦ લોકોના મોત થયા છે. રિપોર્ટ પ્રમાણે આસામના ૨૮ જિલ્લા પૂરના કારણે પ્રભાવિત થયા છે. લાખો લોકોએ પોતાનું ઘર છોડવાનો વારો આવ્યો છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત કાર્ય ચાલી રહ્યું છે.

# કેન્દ્રની તિજોરી ખાલીખમ, કોરોનાથી જીએસટી આવકમાં ઘટાડો : નાણામંત્રી

નવી દિલ્હી : કોરોના મહામારીને કારણે દેશભરમાં જીએસટી કલેક્શન ઓછું થયું છે તેમ કહીને નાણામંત્રી નિર્મલા સીતારામને ગુરુવારે કહ્યું હતું કે, કોરોના ભગવાનની દેન હતી. જીએસટી કાઉન્સિલની ૪૧મી બેઠક ગુરુવારે મળી હતી. નાણાંકિય વર્ષ ૨૦૨૧માં જીએસટી કલેક્શનમાં ૨.૩૫ લાખ કરોડ રૂપિયાનો ઘટાડો થઈ શકે છે એમ કહીને તેમણે કોરોનાને એક્ટ ઓફ ગોડ ગણાવ્યો હતો. એવી આશા વ્યક્ત કરવામાં આવી રહી હતી કે આ બેઠકમાં કોઈ મોટો નિર્ણય આવી શકે છે પરંતુ બેઠકમાં કોઈ મોટો નિર્ણય થયો નથી. ટુ વ્હીલરના ટેક્સમાં ઘટાડા અંગે નિર્ણય આવે તેવી શક્યતા હતી પરંતુ, નાણામંત્રીએ જણાવ્યું કે, ટુ વ્હીલર વાહન પર ટેક્સના કાપને લઈને કોઈ ટાઈમલાઈન નક્કી નથી. હવે કાઉન્સિલની આગામી બેઠકમાં તેના પર વિચાર થઈ શકે છે. જીએસટી કાઉન્સિલની આગામી બેઠક સપ્ટેમ્બરમાં યોજાશે. રાજ્યોને આપવામાં આવી રહેલા વળતર પર પણ બેઠકમાં ચર્ચા થઈ હતી. નાણાંમંત્રીએ જણાવ્યું કે રાજ્યોને કંપનસેશનના બે વિકલ્પ આપવામાં આવ્યા. જેમાં પહેલો વિકલ્પ કેન્દ્ર પાસેથી ઉધાર લઈને ચુકવે અને બીજો વિકલ્પ રાજ્ય પોતે આરબીઆઈ પાસેથી લે, આ બંન્ને વિકલ્પો પર વિચાર માટે રાજ્યોએ એક અઠવાડિયાનો સમય માંગ્યો હતો.

## અનુરાગ ઠાકુર અને પ્રવેશ વર્મા સામે પગલાં નહીં, સામ્યવાદી નેતા વૃન્દા કરાતને કોર્ટનો આંચકો

નવી દિલ્હી : શાહીન બાગમાં થઈ રહેલા દેખાવો વખતે ભાજપના સાંસદ અનુરાગ ઠાકુર અને પ્રવેશ વર્માએ હેટ સ્પીચ આપીને હિંસક તોફાનો થાય એવું વાતવરણ સર્જ્યું હતું માટે એ બંને સામે કાયદેસરનાં પગલાં લેવા એવી અરજી દિલ્હીની એક કોર્ટે ફગાવી દીધી હતી. સામ્યવાદી પક્ષના નેતા વૃન્દા કરાતે કરેલી અરજી કોર્ટે ફેંકી દીધી હતી. એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ વિશાલ પહુજાએ વૃન્દાને કહ્યું હતું કે આ બંને સાંસદો સામે એફઆઈઆર નોંધવા માટે ક્રીમીનલ પ્રોસિજર કોડની કલમ ૧૯૬ હેઠળ કેન્દ્ર સરકારની પરવાનગીની જરૂર પડશે. તમે કેન્દ્ર સરકારની પરવાનગી લીધી છે કે ? એવો સવાલ કોર્ટે પૂછ્યો હતો. એના જવાબમાં વૃન્દા કરાતના વકીલે આવી કોઇ પરવાનગી લીધી નથી એમ જણાવતાં કોર્ટે તેમની અરજી નકારી કાઢી હતી.

## આસામનાં ગુવાહાટી શહેરને મળ્યો દેશનો સૌથી લાંબો રોપ-વે, બ્રહ્મપુત્રા નદીનાં બે કાંઠાને જોડશે



આસામના ગુવાહાટી શહેરને ૧૭ વર્ષ પછી દેશનો સૌથી લાંબો રિવર રોપ વે મળ્યો છે. આ રોપ વે બ્રહ્મપુત્રા નદીના બંને કાંઠાને જોડશે. લગભગ ૫૬ કરોડના ખર્ચે બનાવવામાં આવેલો આ રોપ-વે ૧.૮ કિ.મી.નું અંતર પાર કરાવશે. રાજ્યનાં નાણાં અને આરોગ્ય પ્રધાન હિમંત બિસ્વ સરમાએ રોપ-વેનું ઉદ્ઘાટન કર્યા પછી કહ્યું હતું કે તેનાથી માત્ર પર્યટનને જ વેગ મળશે એટલું નહીં પરંતુ મુસાફરી પણ સરળ બનશે.

## દિલ્હીમાં ફેબ્રુઆરીમાં થયેલા રમખાણો સંદર્ભે જેએનયુના વિદ્યાર્થીને કસ્ટડીમાં લેવાયો

નવી દિલ્હી : દિલ્હી કોર્ટે ગત ફેબ્રુઆરીમાં ઈશાન દિલ્હીમાં થયેલી કોમી હિંસા સંબંધી કેસમાં જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીના વિદ્યાર્થી શારજીલ ઈમામને ચાર દિવસ માટે પોલીસના હવાલે કર્યો છે. એને ત્રાસવાદવિરોધી ધારો ગેરકાયદે પ્રવૃત્તિઓ (પ્રતિબંધ) ધારો અંતર્ગત અટકાયતમાં લેવાયો છે.

નાગરિકતા સુધારણા કાયદા (સીએએ) સામેના વિરોધ રૂપે ફાટી નીકળેલા રમખાણોના સંદર્ભે પૂર્વ આયોજિત કાવતરામાં સંડોવણી બદલ દિલ્હી પોલીસના સ્પેશ્યલ સેલ દ્વારા ઈમામને પકડવામાં આવ્યો છે. એને વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી અધિક સેશન્સ જજ અમિતાભ રાવત સમક્ષ રજૂ કરાતા એમણે દિલ્હી પોલીસની માગણીને મંજૂર રાખી, કાવતરાની વિગતો મેળવવા માટે આરોપીની જેલમાં તપાસ જરૂરી હોવાનું સ્વીકાર્યું હતું.

# પક્ષ પ્રમુખને પૂર્ણ સત્તા મળે તે હેતુથી પત્ર લખ્યો : આઝાદ

## કોંગ્રેસમાં પક્ષ પ્રમુખને લઈને સર્જાયેલો વિવાદ હજુ પણ અટકતો જ નથી : હવે નેતાઓની સ્પષ્ટતાનો દોર

નવી દિલ્હી : ગાંધી પરિવારની કોઈ વ્યક્તિ વચગાળાની પ્રમુખ બને તો તેને નિર્ણય લેવાનો કોઈ અધિકાર મળ્યો ન હોત એટલા કારણથી જ અમે નેતાગીરી અંગેનો પત્ર લખ્યો હતો, તેમ કોંગ્રેસના સિનિયર નેતા ગુલામ નબી આઝાદે કહ્યું છે. અમે ઈચ્છતા હતા કે સોનિયાજી રાજીનામું ન આપે. એટલે અમે પત્ર દ્વારા એવી ઈચ્છા વ્યક્ત કરી હતી કે પક્ષને એક કાયમી પ્રમુખ મળવા ઘટે. ૨૪ ઑગસ્ટની કારોબારીની બેઠકમાં આ પત્રે હોબાળો મચાવ્યો હતો. આટલા સિનિયર નેતાઓએ આવો પત્ર લખવાની હિંમત કેમ કરી તેવો સવાલ પણ કરાયો હતો.



જે ૨૩ નેતાઓએ પત્ર લખ્યો હતો તેમાં જમ્મુ કશ્મીરના સિનિયર નેતા ગુલામ નબી આઝાદનો પણ સમાવેશ થતો હતો. એક મુલાકાતમાં તેમણે પોતાના તરફથી એવી સ્પષ્ટતા કરી હતી કે પત્ર શા માટે લખવો પડ્યો હતો. આઝાદે કહ્યું કે ગયા વરસે રાહુલ ગાંદીએ પક્ષના અધ્યક્ષપદેથી રાજીનામું આપી દીધું હતું. સોનિયાજીની તબિયત સારી નહોતી એ હકીકત બધાં જાણતા હતા. એ સંજોગોમાં અમે રાહુલ ગાંધીને મનાવવાના ખૂબ પ્રયાસો કર્યા હતા પરંતુ એ માન્યા નહીં એટલે સોનિયાજી વચગાળાના અધ્યક્ષ બન્યાં અને તેમનો કાર્યકાળ પૂરો થવા આવ્યો ત્યારે અમને થયું કે સોનિયાજી રાજીનામું આપે તો ગાંધી પરિવાર સિવાયના કોઈને અધ્યક્ષ બનાવવા પડે. એવું થતું અટકાવવવાની ભાવનાથી અમે સોનિયાજીને પત્ર લખીને કાયમી પ્રમુખ નીમવાની વિનંતી કરી હતી. પત્રમાં નહેરુ પરિવાર અને ગાંધી પરિવારના પ્રદાનની પ્રશંસા પણ કરાઈ હતી. ધારો કે ગાંધી પરિવાર સિવાયની કોઈ વ્યક્તિ અધ્યક્ષ બને તો પક્ષના કામકાજને પ્રતિકૂળ અસર થાત કારણ કે એ વ્યક્તિ તમામ નિર્ણયો સ્વતંત્રપણે લઈ શકે એવો વિશેષાધિકાર એને આપવામાં ન આવ્યો હોત.

## રાયગઢ બિલ્ડિંગ પડવાની ઘટના : ૧૧ના મૃતદેહ બહાર કઢાયા, ૬૦ને બચાવાયાં

મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના મહાડ શહેરની તૂટી પડેલી બિલ્ડિંગના કાટમાળમાંથી ૧૧ લોકોની લાશ બહાર કાઢવામાં આવી છે. કાટમાળમાં હજુ પણ બીજા ઘણા લોકો દટાયા હોવાની શક્યતા હોવાથી મોતનો આંકડો વધી શકે છે. સોમવારે સાંજે ૧૦ વર્ષ જૂની ૫ માળની તારિક ગાર્ડન નામની બિલ્ડિંગ મોટા અવાજ સાથે તૂટી પડતા ૨૦૦ કરતાં પણ વધુ રહેવાસીઓ કાટમાળમાં દટાયા હતા. સ્થાનિક તંત્ર, ફાયર બ્રિગેડ અને એનડીઆરએફ દ્વારા ચાલી રહેલા બચાવ અભિયાનમાં અત્યાર સુધી ૬૦ લોકોને સહીસલામત બહાર કાઢવામાં આવ્યા છે. રાહત બચાવ અભિયાન દરમિયાન એક કૌતુકભરી ઘટના પણ જોવામાં આવી હતી. બિલ્ડિંગ તૂટી પડયાના લગભગ ૧૮ કલાક બાદ કાટમાળમાંથી ૫ વર્ષના છોકરાને સહીસલામત બહાર કાઢવામાં આવ્યો હતો. એનડીઆરએફના એક અધિકારીએ જણાવ્યું કે છોકરો પિલરના કિનારે હતો તેથી કાટમાળ તેની ઉપર પડયો નહોતો અને કાટમાળમાં તેને ઓક્સિજન મળી રહ્યો હોવાથી બચી ગયો હતો. તારિક ગાર્ડન મહાડના તળાવકિનારે આવેલી બિલ્ડિંગ હતી અને લગભગ એક કલાક સુધી હાલકડોલક થયા બાદ તૂટી પડી હતી.

## મોદી સરકાર હવે બે હજારના દરની ચલણી નોટ જ રદ કરવાની ફિરાકમાં

- ૨૦૧૯-૨૦માં ૨,૦૦૦ની નોટ પ્રિન્ટ જ કરાવાઈ નથી, નોટનું ચલણ ઘટયું : RBI

મુંબઈ : દેશમાં બેન્કોના એટીએમમાંથી રૂ. ૨,૦૦૦ની ચલણી નોટો ગાયબ થઈ રહી છે, કારણ કે તેનું પ્રિન્ટિંગ જ થઈ નથી રહ્યું. છેલ્લા કેટલાક સમયથી કેટલીક બેન્કોના એટીએમમાંથી રૂ. ૨,૦૦૦ની ચલણી નોટો નથી નીકળી રહી. કેટલીક બેન્કોએ તો તેમના એટીએમમાં રૂ. ૨,૦૦૦ની નોટો નહીં રાખવાની સત્તાવાર રીતે જાહેરાત પણ કરી છે. હવે રિઝર્વ બેન્કે જણાવ્યું છે કે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ. ૨,૦૦૦ની ચલણી નોટ પ્રિન્ટ જ કરાવાઈ નથી અને કેટલાક વર્ષથી આ નોટનું ચલણ ઘટી ગયું છે. આરબીઆઈએ તેના વાર્ષિક અહેવાલમાં જણાવ્યું છે કે, દેશમાં માર્ચ ૨૦૨૦ના અંતે રૂ. ૨,૦૦૦ની ૨૭,૩૯૮ લાખ નોટો જ ચલણમાં હતી, જે રૂ. ૨,૦૦૦ની નોટના ચલણમાં આવેલો નોંધપાત્ર ઘટાડો દર્શાવે છે. વડાપ્રધાન મોદીએ નવેમ્બર ૨૦૧૬માં નોટબંધી લાગુ કર્યા પછી રૂ. ૨,૦૦૦ની નોટ ચલણમાં આવી હતી. જોકે, હવે બજારમાં તેનું ચલણ ઘટી રહ્યું છે. ભારતીય રિઝર્વ બેન્કના અહેવાલ મુજબ માર્ચ ૨૦૧૮ના અંતમાં દેશમાં રૂ. ૨,૦૦૦ની ૩૩,૬૩૨ લાખ નોટ ચલણમાં હતી. માર્ચ ૨૦૨૦ના અંત સુધીમાં દેશમાં ચલણી નોટોમાં રૂ. ૨,૦૦૦ની નોટનો હિસ્સો ૨.૪ ટકા છે, જે માર્ચ ૨૦૧૯માં ૩ ટકા કરતાં નોંધપાત્ર ઘટાડો દર્શાવે છે. માર્ચ ૨૦૧૮ના અંતે દેશમાં ચલણી નોટોમાં રૂ. ૨,૦૦૦ની નોટોનો હિસ્સો ૩.૩ ટકા હતો. મૂલ્યના સંદર્ભમાં પણ રૂ. ૨,૦૦૦ની નોટનો હિસ્સો માર્ચ ૨૦૧૮માં ૩૭.૩ ટકાથી ઘટીને માર્ચ ૨૦૧૯માં ૩૧.૨ ટકા અને માર્ચ ૨૦૨૦ના અંતે તેનાથી પણ વધુ ઘટીને ૨૨.૬ ટકા થયો હતો.

## અયોધ્યા ટૂરિસ્ટ ડેસ્ટિનેશન બનશે, કેન્દ્ર સરકાર એક લાખ કરોડનો ખર્ચ કરશે

- અયોધ્યાને વિશ્વ ટૂરિઝમ મેપ પર ચમકાવવામાં આવશે

નવી દિલ્હી : રામ મંદિરના નિર્માણનું કામ ઝડપથી આગળ વધી રહ્યું છે, જેની સાથે સમગ્ર અયોધ્યાનું રુપ પણ ભવ્ય થઈ રહ્યું છે. કેન્દ્ર સરકાર તીર્થનગરી અયોધ્યાના કાયાપલટ માટે એક લાખ કરોડ રુપિયા ખર્ચ કરવા જઈ રહી છે. સરકાર અયોધ્યાને ફેમસ ટૂરિસ્ટ ડેસ્ટિનેશન બનાવવા માંગે છે. દુનિયાના અન્ય જે સૌથી મોટા તીર્થસ્થાનો છે, તેની હરોળમાં અયોધ્યાને લાવવામાં



આવશે. એક તરફ ભગવાન રામ સાથે જોડાયેલા સ્થળોનો વિકાસ થશે, તો બીજી તરફ અયોધ્યામાં વર્લ્ડ ક્લાસ સુવિધા ઉભી કરવામાં આવશે. રેલવે, રોડ અને હવાઈ માર્ગોથી અયોધ્યાની કનેક્ટિવિટી વધારવામાં આવશે. જો બહારથી કોઈ અયોધ્યામાં આવે તો તેને કોઈ પણ પ્રકારની મુશ્કેલી ના પડે તે રીતે તમામ સુવિધાઓ ઉભી કરાશે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે સરકાર ઈચ્છે છે કે આવનારા પાંચ વર્ષમાં દુનિયાને અયોધ્યાનું એવું સ્વરુપ જોવા મળે કે તેનો સમાવેશ દુનિયાના મોસ્ટ ફેવરિટ ટૂરિસ્ટ ડેસ્ટિનેશનમાં થઈ શકે. સરકારે અયોધ્યા તેમજ તેમની આસપાસના વિસ્તારનો વિકાસ કરવાનો નિર્ણય કર્યો છે. અયોધ્યામાં ફાઈવ સ્ટાર હોટલ ખોલવા માટે એક બિઝનેસ ગૃપ સાથે વાતચીત પણ ચાલી રહી છે.

## એક જ વર્ષમાં બેન્કો સાથે ૧.૮૫ લાખ કરોડ રૂપિયાની છેતરપિંડી

- ગેરરીતિના કુલ કેસોમાંથી ૮૦ ટકા એટલે કે ૧. ૪૮ કરોડ રૂપિયાના કેસ સરકારી બેન્કો સાથે થયા : આરબીઆઈ

મુંબઈ : બેન્કો અને નાણાકીય સંસ્થાઓ સાથે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ના વર્ષમાં રૂ. ૧.૮૫ લાખ કરોડની ગેરરીતિ આચરવામાં આવી છે, જે ગયા વર્ષની સરખામણીએ છેતરપિંડીમાં ૨૮ ટકાનો વધારો થયો હોવાનું દર્શાવે છે.

નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં રૂ. ૭૧,૫૪૩ કરોડની ગેરરીતિઓ થઈ હતી, જે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં વધીને રૂ. ૧,૮૫,૬૪૪ કરોડે પહોંચી છે તેમ આરબીઆઈના અહેવાલમાં જણાવાયું છે. બેન્કો સાથે થયેલી ગેરરીતિઓના અડધાથી વધુ કેસ સરકારી બેન્કોના છે.

ભારતીય રિઝર્વ બેન્કે મંગળવારે એક અહેવાલ જાહેર કર્યો હતો. આ અહેવાલ મુજબ છેલ્લા નાણાકીય વર્ષે રૂપિયા એક લાખ કે તેથી વધુ રકમને આવરી લેતી બેન્ક ગેરરીતિના પ્રમાણમાં વાર્ષિક ધોરણે બમણાથી વધુ વધારો થયો છે. ૨૦૧૮-૧૯ના વર્ષમાં ૭૧,૫૪૩ કરોડ રૂપિયાની ગેરરીતિ સામે ગયા નાણાં વર્ષમાં બેન્કો સાથે ૧,૮૫,૬૪૪ કરોડ રૂપિયાની ગેરરીતિ આચરવામાં આવી હતી.

## દુઃખી કરો તો પછી માફી પણ માગવી જોઈએ : સુપ્રીમ કોર્ટની પ્રશાંત ભૂષણને ટકોર

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટના જાણીતા વકીલ પ્રશાંત ભુષણ સામે કોર્ટની અવમાનનાનો કેસ ચાલી રહ્યો છે. તેમને આ મામલે દોષીત જાહેર કરવામાં આવ્યા હતા જ્યારે મંગળવારે કોર્ટે સજા અંગેનો નિર્ણય અનામત રાખ્યો છે. બીજી તરફ પ્રશાંત ભુષણના વકીલ, એટર્ની જનરલ અને જજ વચ્ચે દલિલો થઈ હતી. ભુષણના વકીલે કહ્યું હતું કે તેમણે કોઈ ચોરી કે કોઈની હત્યા નથી કરી કે તેમને આવા સામાન્ય ટ્વિટ બાબતે સજા કરવામાં આવી રહી છે. બીજી તરફ પ્રશાંત ભુષણે સુપ્રીમ કોર્ટમાં બીજી વખત કહ્યું હતું કે તેઓ પોતાના નિવેદન બદલ માફી નહીં માગે અને જે પણ કઈ કહ્યું છે તેમાં કોર્ટની અવમાનના નથી થઈ રહી. જ્યારે બીજી તરફ કોર્ટે પણ પ્રશાંત ભુષણને કહ્યું છે કે જો તમે કોઈને દુઃખી કરો તો પછી માફી પણ માગવામાં શું તકલીફ છે?

## ૧૯૬૨ના યુદ્ધ પછી લદાખ સરહદે સ્થિતિ સૌથી ગંભીર છે : જયશંકર

નવી દિલ્હી : લદાખમાં સ્થિતિ અત્યંત સ્ફોટક હોવાનો સ્વીકાર વિદેશમંત્રી એસ જયશંકરે કર્યો છે. વિદેશ મંત્રી જયશંકરે પહેલીવાર ભારત-ચીન તનાવ અંગે બોલતાં સ્વીકાર્યું હતું કે લદાખ સરહદ પર પરિસ્થિતિ ગંભીર છે. ૧૯૬૨ પછી અને ખાસ તો છેલ્લાં ૪૫ વર્ષમાં પહેલીવાર આપણા જવાનો શહીદ થયા હતા. સ્થિતિ ધાર્યા કરતાં વધુ ગંભીર હતી. લાઈન ઑફ કન્ટ્રોલ પર બંને દેશના લશ્કરી જવાનો મોટી સંખ્યામાં હાજર હતા. તેમણે લદાખ મોરચે ભારતના વલણને સ્પષ્ટ કરતાં કહ્યું કે સમાધાનની ફોર્મ્યુલા બંને પક્ષને સરખી રીતે લાગુ પડતી હોવી જોઈએ. ભારત એકપક્ષી સમાધાન નહીં સ્વીકારે. તેમણે ઉમેર્યું કે છેલ્લા એક દાયકામાં ચીન સાથે ઘણીવાર સંઘર્ષ થયો હતો. ડેપસાંગ, ચૂમર અને ડોકલામ નામના સ્થળે સરહદી વિવાદ થતો રહ્યો હતો. હાલનો સંઘર્ષ એ તમામ સંઘર્ષો કરતાં જુદા પ્રકારનો છે. જો કે તમામ વિવાદોનો એક નિષ્કર્ષ હતો કે સમાધાન કૂટનીતિ દ્વારા થવું જોઈએ. લડાઈથી બંને પક્ષને વધતું ઓછું નુકસાન થવાનું જ હતું. જો કે આપણે કૂટનીતિ અને લશ્કરી પગલાં બંને રીતે ચીન સાથેના મામલાને હલ કરી રહ્યા છીએ. ભારત-ચીન સંબંધ વિશે બોલતાં તેમણે કહ્યું કે આ બંને દેશો હાથ મિલાવીને કામ કરે તો આ આખી સદી એશિયાની હશે.

## કેરળ સચિવાલયમાં આગ, વિપક્ષનો સરકાર પર સબૂતના નાશ કરાવાનો આરોપ

તિરુવનંતપુરમ : કોરળ સચિવાલયના ઉત્તર બ્લોકમાં આવેલા પ્રોટોકોલ વિભાગમાં મંગળવારે સાંજે આગ લાગી હતી. ફાયરબ્રિગેડની ટીમે ઘટનાસ્થળ પર પહોંચીને આગ પર કાબૂ મેળવી લીધો છે. સચિવાલયની આગ તો શમી ગઈ છે, પરંતુ હવે કેરળના રાજકારણમાં આગ લાગી છે. આગ લાગવાની ઘટના બાદ વિપક્ષે આક્ષેપ કર્યો છે કે આ એક પ્રકારનું ષડયંત્ર છે. કોંગ્રેસ દાવો કર્યો છે સરકાર ગોલ્ડ સમ્ગલિંગ કેસ સાથએ જોડાયેલી કેટલીક મહત્વની ફાઈલો સંપૂર્ણ બળી ગઈ છે. આ સબૂતનો નાશ કરવા માટે જ આગ લગાવવામાં આવી હતી. જેના માટે મુખ્યમ્તરી જવાબદાર છે. તો આ બાજુ ભાજપના નેતાઓ સરકારના વિરોધમાં સચિવાલય બહાર ધરણા પર બેસી ગયા છે. અધિકારીઓ તરફથી જે માહિતિ આપવામાં આવી છે, તે પ્રમાણે એક કોમ્પ્યુટરમાં શોટ સર્કિટના કારણે આગ લાગી હોવાની સંભાવના છે.

# USમાં કોરોનાની સારવાર માટે પ્લાઝમા થેરાપીને મંજૂરી

## સ્કોટલેન્ડ, આયરલેન્ડમાં શાળાઓ શરૂ : અમેરિકામાં ઓઇલ કંપનીઓને બેફામ પર્યાવરણીય છૂટછાટો અપાઇ

વોશિંગ્ટન : અમેરિકાના ફૂડ એન્ડ ડ્રગ એડેમિનિસ્ટ્રેશન-એફડીએ દ્વારા કોરોનાના દર્દીઓને ઈમરજન્સીમાં બ્લડ પ્લાઝાની સારવાર આપવા માટે મંજૂરી આપવામાં આવી છે. એફડીએ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે કોન્વલસેન્ટ પ્લાઝમા દ્વારા દેશમાં ૭૦૦૦૦ દર્દીઓની સારવાર કરવામાં આવી છે. આ સારવારના જોખમો સામે તેના ફાયદાં વધારે છે.



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ત્રણ નવેમ્બરે યોજાનારી પ્રમુખની ચૂંટણી માટે રિપબ્લિકન પક્ષના પ્રમુખપદના ઉમેદવારને નીમવા માટે મળનારા ચાર દિવસના નેશનલ કન્વેન્શનની પૂર્વસંધ્યાએ આ જાહેરાત કરવામાં આવી હતી.

ટ્રમ્પને ફરી પ્રમુખપદના ઉમેદવાર તરીકે પસંદ કરવામાં આવશે. આરોગ્ય અને માનવસેવા પ્રધાન એલેક્સ અઝારે જણાવ્યું હતું કે જે લોકોને કોરોનાનો ચેપ લાગવાના ત્રણ દિવસની અંદર આ સારવાર મળી છે તેઓને તેનો સારો લાભ થયો છે. અમને આ સારવાર મેળવનારાના બચી જવાની શક્યતાઓમાં ૩૫ ટકાનો વધારો જોવા મળ્યો છે.

દરમ્યાન અમેરિકામાં સંખ્યાબંધ ઓઈલ અને ગેસ કંપનીઓ કોરોના મહામારીના ઓઠાં તળે આરોગ્ય અને પર્યાવરણીય સુરક્ષાના નિયમોમાં છૂટછાટ મેળવી લીધી છે. જેના પરિણામે ટેક્સાસમાં આવેલી રિફાઈનરીઓમાં એન્વાર્યનમેન્ટલ મોનિટરિંગ ઘટયું છે. તો કેન્ટુકીમાં નર્વ ગેસ ધરાવતાં શોનો નિકાલ થવા માંડયો છે.

## કોરોનાની મહામારીને કારણે વૈશ્વિક પર્યટન ઉદ્યોગને અબજોનું નુકસાન



યુનો : યુનોના મહામંત્રી એન્તોનિયો ગુતારેસે કહ્યું હતું કે કોરોનાએ વૈશ્વિક પ્રવાસ પર્યટન ઉદ્યોગને મરણતોલ ફટકો માર્યો હતો. માત્ર પાંચ મહિનામાં પર્યટન ઉદ્યોગને ૩૨૦ અબજ ડૉલર્સનું નુકસાન થયું હતું. મંગળવારે મિડિયા સાથે વાત કરતાં વિડિયો કોન્ફરન્સમાં તેમણે કહ્યું કે પર્યટન ઉદ્યોગ સાથે સંકળાયેલા ૧૨ કરોડ નોકરિયાતો નોકરી ગુમાવવાની તૈયારીમાં હતા. તેમણે કહ્યું કે પ્રવાસ ઉદ્યોગ અર્થતંત્ર માટે કરોડરજ્જુ સમાન હતો અને રસાયણ ઉદ્યોગ પછી નિકાસની બાબતમાં ત્રીજા ક્રમે આવે છે. ૨૦૧૯માં વૈશ્વિક વેપાર-વાણિજ્યમાં પ્રવાસ-પર્યટનનો હિસ્સો સાત ટકા જેટલો હતો.

તેમણે કહ્યું હતું કે દુનિયાની દર દસમાંથી એક વ્યક્તિ પ્રવાસ-પર્યટન ઉદ્યોગ સાથે સંકળાયેલી હતી. તેમણે કહ્યું કે પ્રવાસ-પર્યટનથી માત્ર આનંદ મળે છે એવું નથી, દુનિયાભરના દેશોની સંસ્કૃતિ અને જનજીવન વિશે માહિતી પણ મળે છે. પ્રવાસ દ્વારા લોકો એકમેકને જાણતા સમજતા થાય છે.

ગુતારેસે કહ્યુ કે કોરોનાના પગલે આ વરસના પાચ મહિનામાં પ્રવાસીઓની સંખ્યામાં સીધો પચાસ ટકાનો ઘટાડો થઈ ગયો હતો. તેમણે કહ્યું કે કેટલાક દેશોના કુલ જીડીપીમા આ ઉદ્યોગનો ઘણો ફાળો હતો. આ ફાળો પચાસ ટકાથી પણ વધુ હતો.

## યુએસના નાગરિકોને ભારતનો પ્રવાસ નહીં ખેડવા ટ્રમ્પ સરકારનો અનુરોધ

વૉશિંગ્ટન : ભારતની સાથે મિત્રતાના તમામ દાવા કરનારા અમેરિકાએ પોતાના નાગરિકોને ભારતની યાત્રા ન કરવાની સલાહ આપી છે. અમેરિકાએ આનુ કારણ ભારતમાં કોરોના સંકટ, અપરાધ અને આતંકવાદ જણાવ્યુ છે. એટલુ જ નહીં અમેરિકાએ ભારતની યાત્રા માટે રેટિંગ ૪ નિર્ધારિત કર્યુ છે જેને સૌથી ખરાબ માનવામાં આવે છે. આ શ્રેણીમાં ભારત સિવાય યુદ્ધગ્રસ્ત સીરિયા, આતંકવાદનું કેન્દ્ર પાકિસ્તાન, ઈરાન, ઈરાક અને યમન સામેલ છે. અમેરિકાએ કહ્યુ કે ભારતમાં કોરોના સંકટ છે. આ સિવાય દેશમાં અપરાધ અને આતંકવાદમાં તેજી આવી છે. તેથી અમેરિકી નાગરિક ભારતની યાત્રા ન કરે. અમેરિકાએ પોતાની એડવાઈઝરીના કેટલાક અન્ય કારણોમાં મહિલાઓ વિરૂદ્ધ અપરાધ અને ઉગ્રવાદને પણ કારણ જણાવ્યુ છે. ઈન્ડિયન ટુરિઝમ એન્ડ હોસ્પિટાલિટી સંઘ (FAITH)એ ભારત સરકારને



અરજી કરી છે કે તે અમેરિકા સરકાર પાસેથી ટ્રાવેલ એડવાઈઝરીને બદલવા માટે દબાણ કરે. ફેથે કહ્યુ કે સરકાર આને પ્રાથમિકતાના આધારે ઉઠાવે જેથી દેશ વિશે બની રહેલી નકારાત્મક છબીને રોકવામાં આવી શકે. ૨૩ ઓગસ્ટે જારી આ ટ્રાવેલ એડવાઈઝરીમાં ભારત સિવાય પાકિસ્તાન, સીરિયા, યમન, ઈરાન અને ઈરાક જેવી હિંસા પ્રભાવિત દેશોને સામેલ કરવામાં આવ્યા છે.

## ચીને જુલાઈમાં ટ્રાયલ વગર જ રસી આપવાની શરૂ કરી દીધી

બેઈજિંગ : ચીન કોરોના મુદ્દે એક પછી એક ગરબડ કરી જગતને ગેરમાર્ગે દોરી રહ્યું છે. ચીનનું લેટેસ્ટ કોરોના કૌભાંડ હવે અમેરિકી અખબાર ધ વોશિંગ્ટન પોસ્ટના અહેવાલ પછી સામે આવ્યું છે. એ અહેવાલ પ્રમાણે ચીને જુલાઈ મહિનામાં કોરોનાની રસી આપવાની શરૂઆત કરી દીધી હતી. રસી આપતા પહેલા અનેક પ્રકારના પરીક્ષણો અને હ્યુમન ટ્રાયલના ત્રણ તબક્કામાંથી પસાર થવું પડે. ચીને એ પ્રક્રિયા કર્યા વગર જ રસી તૈયાર કરી પોતાના દેશમાં આપવાની શરૂઆત કરી દીધી છે. ઓસ્ટ્રેલિયા પાસે પેસેફિકમાં આવેલા દેશ પાપુઆ ન્યુ ગીનીએ રસી લીધી હોય એવા ચીની નાગરિકોને પ્રવેશ આપવાની ના પાડી દીધી હતી. એ પછી ચીનની આ ગરબડ સામે આવી હતી. ચીનથી ખાણકામ માટે પાપુઆ આવી રહેલા નાગરિકોને એરપોર્ટ પરથી જ પરત મોકલી દેવાયા હતા કેમ કે તેમણે કોરોનાની રસી લીધી હતી, જે આંતરરાષ્ટ્રીય સ્તરે મંજૂર થઈ નથી. ચીન સરકારે પણ રસીકરણ શરૂ કરી દીધાનો હવે એકરાર કર્યો હતો.



## પેરિસમાં ન્યુડિસ્ટ સિટી રિસોર્ટમાં ૧૫૦ લોકો કોરોના સંક્રમિત

કોરોના મહામારીએ સમગ્ર દુનિયાને હચમચાવી નાખી છે અને બદલી પણ નાખી છે. દક્ષિણ ફ્રાન્સ શહેરના એક રિસોર્ટ કે જેને ન્યૂડિસ્ટ સિટી તરીકે ઓળખવામાં આવે છે. ન્યૂડિસ્ટ બિચનો આ રિસોર્ટ ૧૫૦ લોકો કોરોના પોઝિટિવ આવ્યાં બાદ કોવિડ-૧૯ હોટસ્પોટ બની ગયું છે. જેને પગલે તે હવે કોવિડ-૧૯ હોટસ્પોટમાં ફેરવાઈ ગયું છે.

## અમેરિકન કોરોના વેક્સીનના ટ્રાયલ, વૃદ્ધ દર્દીઓમાં આડઅસરો સમાપ્ત

અમેરિકાની મોડર્ના કંપની દ્વારા તૈયાર કરાયેલ કોરોના વાયરસ રસી અંગે એક સારા સમાચાર આવ્યા છે. કંપનીએ કહ્યું છે કે પ્રારંભિક ટ્રાયલમાં એવું જાણવા મળ્યું છે કે આ રસી વૃદ્ધ દર્દીઓમાં પણ ઇમ્યુન રિસ્પોન્સ પેદા કરે છે. મોડર્ના કંપનીએ બુધવારે જણાવ્યું હતું કે આ ટ્રાયલમાં ૫૬ થી ૭૦ વર્ષની ઉંમરના ૧૦ લોકો અને ૭૧ વર્ષથી ઉપરની ઉંમરના ૧૦ લોકોને પણ સામેલ કરવામાં આવ્યા છે. ૨૮ દિવસના તફાવત પર ૧૦૦એમજીની બે ડોઝ અપાયા હતા. કંપનીનું કહેવું છે કે વોલેન્ટિઅર્સમાં બેઅસર થતાં એન્ટિબોડીઝ મળી આવ્યા હતા. રિસર્ચર્સનું કહેવું છે કે કોરોના વાયરસની ઇમ્યુનિટી માટે આ એન્ટીબોડીઝ જરૂરી છે. કંપનીએ એમ પણ કહ્યું હતું કે વોલેન્ટિયર્સમાં મળેલા એન્ટિબોડીઝનું પ્રમાણ કોરોનામાંથી સાજા થતાં દર્દીઓ કરતા વધારે છે. મોડર્નાનું કહેવું છે કે રસીનો ડોઝ લેનાર લોકોમાં કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી. કેટલાક દર્દીઓએ માથાનો દુખાવો અને થાકની ફરિયાદ ચોક્કસ કરી હતી, પરંતુ મોટાભાગનાને હળવી આડઅસરો બે દિવસમાં જ સમાપ્ત થઈ ગઈ હતી.

# બ્રાઝિલમાં ૪૭ હજાર કોરોનાના કેસ : ૧,૨૭૧ લોકોનાં મોત

રિયો ડી જાનેરો : બ્રાઝિલમાં બુધવારે ૨૪ કલાકમાં નવા ૪૭,૦૦૦ તથા ૧૨૭૧ લોકોના મોત થતા ૫ રિસ્થિતિ વણસી છે. દેશમાં અત્યાર સુધી સંક્રમિતોનો આંકડો ૩૬. ૬૯ લાખ થયો છે તથા ૧.૧૬ લાખ લોકોના મોત થયા છે. દુનિયામાં કોરોના વાઈરસના અત્યાર સુધી ૨.૪૧ કરોડ કેસ સામે આવ્યાં છે તેમાં ૧.૬૬ કરોડ દર્દીઓ સાજા થયા છે તો ૮.૨૪ લાખ દર્દીઓ મોતને ભેટયાં છે. માલદીવના પૂર્વ રાષ્ટ્રપતિ મોમૂન અબ્દુલ ગયુમ કોરોનાથી સંક્રમિત થયા છે. માલદીવમાં ઓગસ્ટમાં ૧૦૦ કેસો સામે આવ્યાં છે કુલ કેસનો આંકડો ૭ હજારને પાર ૫ હોંચ્યો છે. જોકે રાહતરૂપ સમાચારમાં દુનિયાના પાંચ દેશ અમેરિકા, રશિયા, આફ્રિકા, સાઉદી અરેબિયા અને પાક. માં કોરોનાના કેસો ઘટવા લાગ્યાં છે.

બ્રિટનની કંપની એસ્ટ્રાઝેનેકાએ એન્ટિબોડીઝ ટ્રીટમેન્ટ માટે ટ્રાયલ શરૂ કરી છે. જેમાં દર્દીને એન્ટિબોડી કેમિકલથી બનેલી દવા અપાય છે. તેને છ૭ઢ૭ ૭૪૪૨ નામ અપાયું છે. ૪૮ લોકો પર તેનો ટેસ્ટ કરાયો છે. બ્રિટનમાં ૩ લાખથી વધુ લોકો સંક્રમિત છે અને ૪૧,૦૦૦નાં મોત થયાં છે. મેક્સિકોમાં એક જ દિવસમાં ૩૫૪૧ નવા કેસ પ્રકાશમાં આવ્યા છે. ૩૨૦ લોકોનો ભોગ લેવાયો છે. કુલ ૫,૬૩,૭૦૫ દર્દીઓ નોંધાયા છે. લોકોને કામ વિના મેક્સિકો – અમેરિકાની બોર્ડર ક્રોસ નહીં કરવા આદેશ અપાયો છે.



## અમેરિકામાં ૨૪ જેટલી કોલેજમાં ભણતા 3300 વિદ્યાર્થીઓ સંક્રમિત

અમેરિકામાં સ્કૂલ અને કોલેજો ખોલવામાં આવ્યાં બાદ અત્યાર સુધી દેશની ૨૪ કોલેજોમાં 3300 વિદ્યાર્થીઓ અને સ્ટાફ કોરોનાથી સંક્રમિત થયા છે. મિસિસિપી રાજ્યમાં ૪ હજાર વિદ્યાર્થીઓ અને ૬૦૦ ટીચર્સને ક્વોરન્ટાઈન કરાયા છે. ૧૭ થી ૨૧ ઓગસ્ટની વચ્ચે સ્કૂલોમાં ભણાવનાર ૧૪૪ શિક્ષકો અને ૨૯૨ વિદ્યાર્થીઓ સંક્રમિત થયા છે. ઈરાકમાં છેલ્લા ચોવીસ કલાકમાં કોરોનાના ૩૯૬૨ કેસ સામે આવ્યાં છે અને ૭૭ મોત થયા છે. દેશમાં અત્યાર સુધી સંક્રમિતોની સંખ્યા ૨.૧૧ લાખને પાર પહોંચી છે.

# અફઘાનિસ્તાન-પાક.માં ભારે પૂર : ૨૦૦થી વધુના મોત

## ત્રણ દિવસ સુધી વરસાદને કારણે મુશ્કેલી સર્જાય : રાહત-બચાવ કાર્ય પૂરજોશમાં

• પરવાન પ્રાંતમાં મધરાતથી ભારે વરસાદ પડી રહ્યો હતો : ૩૦૦થી વધુ મકાનો તૂટ્યા, ૧૦૦૦થી વધુ લોકો વિસ્થાપિત

કાબુલ : ઉત્તર અને પૂર્વ અફઘાનિસ્તાનમાં ભારે મોસમી વરસાદ પડવાને કારણે આવેલા પૂરને કારણે ઓછામાં ઓછા ૧૦૦ લોકોનાં મોત થયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે જ્યારે બીજી બાજુ પાકિસ્તાનમાં હાલ પૂરની સ્થિતિ સર્જાઈ છે. સિંધ, બલૂચિસ્તાન, ખૈબર પખ્તૂનખ્વા અને પંજાબ રાજ્યમાં વરસાદથી સૌથી વધારે તારાજી સર્જાઈ છે. પાકિસ્તાનના કબજામાં આવેલ કાશ્મીરના વિસ્તારોમાં પણ પૂરની અસર જોવા મળી રહી છે. છેલ્લા ત્રણ દિવસથી થઈ રહેલ ભારે વરસાદને લીધે અત્યારસુધીમાં ૯૦ લોકોનાં મોત થયાં છે અને હજારો લોકો ઘર વિહોણા થયા છે. તેમ અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું છે.

અફઘાનિસ્તાનમાં દર વર્ષે વરસાદની સીઝનમાં પૂર આવે છે અને નબળા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને કારણે અનેક લોકો મોતને ભેટે છે. ઉત્તર અને પૂર્વ અફઘાનિસ્તાનમાં ઉનાળા પછી ભારે વરસાદ પડે છે જેના કારણે પૂર આવે છે.

ઉત્તરી પરવાન પ્રાંતના પ્રવક્તા વહિદા શાહકરે જણાવ્યું હતું કે મૃતકો અને ઘાયલોની સંખ્યા હજુ પણ વધી શકે છે કારણે બચાવકર્મીઓ તૂટી પડેલા મકાનોના કાટમાળને હટાવવાનું કાર્ય કરી રહ્યાં છે. શાહકરે વધુમાં જણાવ્યું હતું કે ગઈકાલે મધરાતથી પરવાન પ્રાંતમાં ભારે વરસાદ પડવાથી પૂરની સ્થિતિ સર્જાઈ હતી. પ્રાંતીય હોસ્પિટલના વડા અબ્દુલ કાસીમના જણાવ્યા અનુસાર મૃતકોમાં અનેક બાળકો પણ સામેલ છે.



# આફ્રિકામાં ખાણમાંથી મળ્યો ૪૪૨ કેરેટનો હીરો, કિંમત ૧૩૫ કરોડ

કેપટાઉન : હીરો સૌથી મોંઘા રત્નો પૈકીનો એક છે. આ ઘટના દક્ષિણ આફ્રિકાની છે. ત્યાંની નેર્જરની નૈજીહલ્ન ખાણમાંથી એક કિંમતી હીરો મળ્યો છે. જેમ ડાયમંડ લિમિટેડે આ હીરો ૪૪૨ કેરેટનો હોવાનું જણાવ્યું છે. બીએમઓ કેપિટલ માર્કેટ અનુસાર અનાલિસ્ટમા મતે, આ હીરાની અંદાજીત કિંમત ૧૩૫ કરોડ રૂપિયામાં વેચાઈ શકે છે. ફોક્સ ન્યૂઝના મતે નૈજીહંની એક એવી ખાણ છે ખાણ છે જે હીરાના આકાર અને ગુણવત્તા માટે દુનિયાભરમાં જાણીતી છે. અહીંની ખાણમાંથી નીકળતા હીરાનું ખૂબ ઊંચી કિંમતે વેચાણ થાય છે. બે વર્ષ પહેલાની વાત છે. આજ ખાણમાંથી ૯૧૦ કેરેટનો સ્ટોન મળ્યો હતો. તેની સાઈઝ બે ગોલ્ફ બરાબર થાય છે. જે ૪૦ મિલિયન ડોલરમાં વેચાણો હતો. આ વર્ષને સૌથી મોટો હીરો ૪૨૨ કેરેટનો છે. જો કે આ હીરાની સાચી કિંમત હાલ જાણવી મુશ્કેલ છે.



# કમલા હેરિસ સામે ટ્રમ્પે મૂળ ભારતીય નિક્કી હેલીને સ્ટાર સ્પીકર બનાવી દીધા

• ભારતીય મૂળના કમલા હેરિસને ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવ્યાં પછી ટ્રમ્પે નિક્કીને મેદાનમાં ઉતાર્યા

વોશિંગ્ટન : ભારતીય મૂળના મતદારોને રીઝવવા માટે અમેરિકાના બંને મુખ્ય પક્ષોએ કવાયત શરૂ કરી દીધી છે. ડેમોક્રેટિક પાર્ટીએ ભારતીય મૂળના કમલા હેરિસને ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવ્યા એ પછી ટ્રમ્પે ભારતીય મૂળના નિક્કી હેલીને રિપબ્લિકન પક્ષના સ્ટાર સ્પીકરની



જવાબદારી સોંપી છે.

રિપબ્લિકન પાર્ટીના રાષ્ટ્રીય સંમેલનમાં પહેલા દિવસે જે પહેલી હરોળના રાજનેતાઓને બોલવાની તક મળશે એમાં નિક્કી હેલીનો પણ સમાવેશ કરાયો છે. સાઉથ કેરોલિનાના બે વખત ગવર્નર રહી ચૂકેલા નિક્કી હેલી હવે ટ્રમ્પના ચૂંટણી કેમ્પેઈનમાં ખૂબ જ ચાવીરૂપ ભૂમિકા ભજવશે.

ચાર દિવસ સુધી ચાલનારા સમારોહમાં નિક્કી હેલી સ્ટાર સ્પીકર તરીકેની ભૂમિકામાં રહેશે. ટ્રમ્પે ભારતીય મતદારોને આકર્ષવા માટે નિક્કીને આ મહત્વની ભૂમિકા આપી છે. ચાર દિવસીય સંમેલનમાં રિપબ્લિકન પાર્ટી સત્તાવાર રીતે ટ્રમ્પને પ્રમુખપદના ઉમેદવાર જાહેર કરશે.

રિપબ્લિકન ઉદ્ઘાટન સમારોહમાં

# અમેરિકામાં અશ્વેત યુવાન પર પોલીસ ફાયરિંગથી ભડકેલી હિંસામાં બેનાં મોત

• કેનોશામાં પોલીસે ૨૯ વર્ષના યુવાન જેકબ બ્લેકને સાત ગોળીઓ ધરબી દીધી હતી : અશ્વેત નાગરિકોમાં પોલીસ સામે ભારે રોષ



કેનોશા : અમેરિકાના કેનોશામાં અશ્વેત યુવાન પર પોલીસે ફાયરિંગ કર્યું તે પછી હિંસા ફાટી નીકળી છે. પોલીસ સામે હિંસક દેખાવો થઈ રહ્યા હતા એ વખતે પોલીસે ફરીથી ફાયરિંગ કરતા એમાં બેનાં મોત થયા હતા. એકને ઈજા થઈ હતી. આખા વિસ્કોન્સિન રાજ્યમાં ઠેર-ઠેર હિંસક દેખાવો શરૂ થયા છે. જેકબ બ્લેક નામના ૨૯ વર્ષના યુવાનને તેના સંતાનોની સામે જ પોલીસે સાત ગોળીઓ ધરબી દીધી હતી. તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. ડોક્ટરોના કહેવા પ્રમાણે તે હવે ક્યારેય ચાલી શકે એવી સ્થિતિ નથી. આ ઘટના પછી લોકોમાં આક્રોશ ફાટી નીકળ્યો હતો. અશ્વેત નાગરિકોએ પોલીસની હિંસક કાર્યવાહી સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. દેખાવકારોએ કેટલીય કારમાં આગ લગાડી દીધી હતી. પબ્લિક પ્રોપર્ટી પણ સળગાવી દીધી હતી. કેનોશામાં અશ્વેત નાગરિકોએ પોલીસ હેડક્વાર્ટરની સામે હિંસક દેખાવો કરતા હતા ત્યારે એક વ્યક્તિ ગન લઈને ઘૂસી ગયો હતો.

# અમેરિકામાં પત્ની, માતાની હત્યા કરનાર ભારતીયે ગુનો કબુલ્યો

• ઈકબાલે હત્યા પછી પુત્રને કહ્યું 'મેં તારી માતા અને દાદીની હત્યા કરી નાંખી

વોશિંગ્ટન : એમેરિકામાં ઠંડે કલેજે માતા અને પત્નીની હત્યા કર્યા પછી ભારત માટે બ્રોંઝ મેડલ જીતનાર પૂર્વ એશિયન ચેમ્પિયન ઈકબાલ સિંહ વિરૂધ્ધ હત્યાનો ગુનો નોંધાયો હતો, એમ માધ્યમોએ આજે જણાવ્યું હતું. પેનસિલ્વેનિયાના ડેલાવારેના રહેવાસી ૬૨ વર્ષના ઈકબાલ સિંહે બંનેની હત્યા કર્યા પછી જાતે જ પોલીસને બોલાવી હતી અને ગુનાની કબુલાત કરી હતી. ન્યુડાઉન ખાતેના સિંહના ઘરમાં પોલીસ આવી ત્યારે તેમને સિંહના શરીર પર લોહીના ડાધા દેખાયા હતા. એણે પોતાના શરીર પર પણ કેટલાક ઘા માર્યા હતા અને અંદર બે મૃત્યદેહ પડયા હતા.

સોમવારે તેની સામે હત્યાનો ગુનો નાંધાયો હતો. કોર્ટમાં સિંહે પોતાના બચાવ માટે વકીલ રોક્યો નહતો. ઈકબાલ સિંહે ૧૯૮૩માં કુવૈતમાં આયોજીત એશિયન ચેમ્પિયનશિપમાં ભારત માટે બ્રોંઝ મેડલ જીત્યો હતો. ત્યાર પછી એ અમેરિકા આવી ગયો હતો અને ટેક્સી ચલાવતો હતો. પોલીસ તેને સારવાર માટે હોસ્પિટલ લઈ ગઈ હતી.

# પેરુમાં નાઈટ ક્લબમાં પોલીસના દરોડા, ભાગદોડ થતાં ૧૩ નાગરિકોના મોત

લીમા : પેરૂમાં એક નાઈટ ક્લબમાં પોલીસના દરોડા દરમિયાન થયેલી ભાગદોડમાં ૧૩ લોકોના મોત થયા છે અને ઘણા ઈજાગ્રસ્ત થયા છે. જાણવા મળી રહ્યું છે કે એક ડિસ્કોમાં પોલીસે કોરોના લૉકડાઉનના નિયમોનું પાલન કરવાને લઈને દરોડા પાડ્યા હતા. આ દરમિયાન લોકો બચવા માટે ભાગવા લાગ્યા અને એક જ દરવાજામાંથી નિકળવાનો પ્રયાસ કરવા લાગ્યા હતા. પોલીસે ત્યાં પર હાજર મહિલાઓને બહાર નિકળવાનું કહ્યું, ત્યારબાદ ભાગદોડ શરૂ થઈ હતી. આ ઘટના લીમા સ્થિત થોમસ ડિસ્કોમાં શનિવારે રાત્રે થઈ હતી. નાઈટ ક્લબમાં ૧૨૦ લોકો પાર્ટી માટે ભેગા થયા હતા. અધિકારીઓનું કહેવું છે કે પોલીસના દરોડા દરમિયાન ડિસ્કોના બીજા માળ પર એક દરવાજાથી બચીને ભાગવા જતાં લોકો એક-બીજા પર ચઢી ગયા. જેમાં ૧૩ લોકોના મોત થયા છે.

# વિશ્વનું સૌથી ઝડપી ઈન્ટરનેટ, સેકન્ડે ૧૭.૮૦ કરોડ મેગાબાઈટની સ્પીડ

• જગતની સરેરાશ ડાઉનલૉડ સ્પીડ ૧૦૩ એમબીપીએસ જ્યારે ભારતમાં ઈન્ટરનેટની સરેરાશ ઝડપ ૧૦ એમબીપીએસ

લંડન : યુનિવર્સિટી કોલેજ ઑફ લંડનના સંશોધકોએ જાપાની વિજ્ઞાનીઓ સાથે મળીને ઈન્ટરનેટની સર્વોત્તમ સ્પીડ હાંસલ કરી હતી. તેમણે થોડી વાર પુરતું ઈન્ટરનેટને ૧૭૮ ટેરાબાઈટ પ્રતિ સેકન્ડ (ટીબીપીએસ) આથવા ૧૭૮,૦૦૦ ગીગાબાઈટ પ્રતિ સેકન્ડ (જીબીપીએસ)ની ઝડપે ચાલતું કરી દેખાડયું હતું. આખા જગતમાં ડાઉનલૉડ ઈન્ટરનેટની શરેરાશ ઝડપ ૧૦૩ એમબીપીએસની છે. ઈન્ટરનેટ સ્પીડની બાબતમાં ભારત સાવ તળિયે છે અને અહીં સરેરાશ ઝડપ ૧૦-૧૧ એમબીપીએસ છે. જ્યારે યુનિવર્સિટી કોલેજમાં સર્જાયેલી ઝડપ તો એટલી છે કે એક જ સેકન્ડમાં નેટફ્લિક્સની તમામ ફિલ્મો-સિરિઝ-સિરિયલો ડાઉનલૉડ કરી શકાય. સામાન્ય રીતે ઈન્ટરનેટની ઝડપ મેગાબાઈટ પ્રતિ સેકન્ડ (એમબીપીએસ)માં મપાય છે. આ ૧૭૮ ટેરાબાઈટની ઝડપને એમબીપીએસમાં ફેરવીએ તો ૧૭.૮૦ કરોડ એમબીપીએસ જેટલી ઝડપ થાય. આ નવી ટેકનોલોજી જો વ્યાપક ધોરણે વપરાતી થાય તો ઈન્ટરનેટનો ખર્ચ પણ ઘટી શકે.

# સીરિયામાં યુએસ-રશિયાના સૈનિકો વચ્ચે ઘર્ષણ, યુએસના ચાર સૈનિકો ઈજાગ્રસ્ત થયા

સીરિયા : સીરિયામાં અમેરિકા અને રશિયાની સેના વચ્ચે હિંસક ઘર્ષણ થયું. યુદ્ધગ્રસ્ત પૂર્વી સીરિયામાં અમેરિકી અને રશિયાની સેના વચ્ચે જોરદાર ઘર્ષણ થયું. જેનો વીડિયો સામે આવ્યો છે. જેમાં રશિયાના સૈનિકો તેજીથી પોતાની આર્મ્ડ વ્હીકલમાં આગળ વધે છે અને અમેરિકી સૈનિકોને ટક્કર મારે છે. આ હિંસક ઘર્ષણમાં અમેરિકાના ૪ સૈનિકો ઈજાગ્રસ્ત થયા છે. વીડિયોમાં જોવા મળે છે કે રશિયાએ પોતાના હેલિકોપ્ટરનો પણ ઉપયોગ કર્યો હતો. રશિયા અને અમેરિકાના સૈન્ય વચ્ચેના આ ઘર્ષણને પગલે અમેરિકી સેન્ટ્રલ કમાન્ડનું નિવેદન બહાર આવ્યું છે. તેમના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આ ઘટના ૨૫ ઓગસ્ટના રોજ સવારે ૧૦ વાગે બની હતી. તેમણે કહ્યુ કે ઉત્તરપૂર્વી સીરિયામાં તેમના સૈનિકોનો સામનો થયો હતો.

# વન-ડે રેન્કિંગ: વિરાટ અને રોહિત શર્મા ટોચના સ્થાને

## વિકેટકીપર બેટ્સમેન લોકેશ રાહુલ પાકિસ્તાનના બાબર આઝમ બાદ બેટ્સમેનના ટી-૨૦ રેન્કિંગમાં બીજા ક્રમે

દુબઈ: ટીમ ઈન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલી અને મર્યાદિત ઓવર્સ ટીમના ઉપ-કેપ્ટન રોહિત શર્માએ આઈસીસી વનડે રેક્નિંગમાં બેટ્સમેનની યાદીમાં ટોચના બે સ્થાને જાળવી રાખ્યો છે. આઈસીસી દ્વારા બુધવારે જારી કરવામાં આવેલી નવીનતમ રેક્નિંગમાં વિરાટ અને રોહિત અનુક્રમે પ્રથમ અને બીજા સ્થાને છે. ઓસ્ટ્રેલિયાના અગ્રણી બેટ્સમેન સ્ટીવ સ્મિથ ટેસ્ટ રેક્નિંગમાં આગળ છે. તે પછી વિરાટ અને સ્મિથના દેશબંધુ માર્નસ લબુશેને છે. ભારતના વિકેટકીપર બેટ્સમેન લોકેશ રાહુલ પાકિસ્તાનના બાબર આઝમ બાદ બેટ્સમેનની ટી ૨૦ રેક્નિંગમાં બીજા ક્રમે છે. ઓસ્ટ્રેલિયાની મર્યાદિત ઓવરોના કેપ્ટન એરોન ફિંચ ત્રીજા સ્થાને છે. વનડે બોલરોની યાદીમાં ભારતનો જસપ્રિત બુમરાહ ટોચ પર છે, જ્યારે ઓસ્ટ્રેલિયાના ઝડપી બોલર પેટ કમિન્સ ટેસ્ટ રેક્નિંગમાં આગળ છે. ટી -૨૦ બોલરોની યાદીમાં




અફઘાનિસ્તાનના સ્ટાર સ્પિનર રાશિદ ખાન પ્રથમ ક્રમે છે. ટીમ રેક્નિંગમાં ભારત વનડે ફોર્મેટમાં બીજા ક્રમે છે, જ્યારે બંને ટેસ્ટ અને ટી -૨૦માં ત્રીજા સ્થાને છે. પાકિસ્તાન સામે બે ટેસ્ટ મેચ ગુમાવનાર બેન સ્ટોક્સ ઓલરાઉન્ડરોની યાદીમાં બીજા સ્થાને આવી ગયો છે. વેસ્ટ ઈન્ડીઝના કેપ્ટન જેસન હોલ્ડર ટોચ પર છે. પહેલી ઈનિંગમાં ૧૪૧ રન બનાવ્યા બાદ પાકિસ્તાનના કેપ્ટન અઝહર અલી ૧૧ સ્થાનનો ઉછાળો કરીને ૨૩ માં સ્થાને પહોંચી ગયો છે, જ્યારે વિકેટકીપર બેટ્સમેન મોહમ્મદ રિઝવાન અડધી સદીને આભારી ત્રણ સ્થાનનો ઉછાળો નોંધીને ૭૨માં સ્થાને પહોંચી ગયો છે. પાકિસ્તાનના ઈમ્પ્રુવિઝ્ડ સ્પિનરો ફવાદ આલમ અને અસદ શફિક બોલરોની યાદીમાં પ્રથમ ૧૦૦માં જોડાયા છે. આ બે ક્રમ ક્રમશ ૯૪ ૯૪ અને ૧૦૦મા ક્રમે છે.

# લેજન્ડરી એથ્લીટ યુસૈન બોલ્ટ પણ કોરોના વાઈરસથી સંક્રમિત

કિંગ્સ્ટન : જમૈકાના લેજન્ડરી એથ્લીટ યુસૈન બોલ્ટને કોરોનાનો ચેપ લાગ્યો છે અને હવે તે સેલ્ફ આઈસોલેશનમાં રહેશે. બોલ્ટે બે દિવસ પહેલા કોવિડ-૧૯નો ટેસ્ટ કરાવ્યો હતો, જેનું પરિણામ રવિવારે પોઝિટીવ આવ્યું હતુ. નોંધપાત્ર છે કે, તારીખ ૨૧મી ઓગસ્ટે જ બોલ્ટે તેનો ૩૪મો જન્મદિવસ ઉજવ્યો હતો. બોલ્ટની પાર્ટીમાં તેના સહિત કોઈએ માસ્ક પહેર્યું નહતુ અને સોશિયલ ડિસ્ટન્સિંગનું પણ પાલન થયું નહતુ. તેના જન્મદિવસની પાર્ટીમાં ક્રિકેટર ક્રિસ ગેલ, ફૂટબોલર રહીમ સ્ટિર્લિંગ વગેરે જેવા સેલિબ્રિટીસ ઉપસ્થિત




હતા. બોલ્ટની આઉટડોર જન્મદિવસની પાર્ટીમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત જોવા મળ્યા હતા અને તેઓ એકબીજાની નજીક નજીક ગીતો ગાતા અને નાચતાં હતા.

# જાન્યુ.૨૦૨૧માં વિરાટ-અનુષ્કા માતા-પિતા બનશે

નવી દિલ્હી: ખેલાડી વિરાટ કોહલીએ પોતાના લાખો ચાહકોને એવા ખુશખબર આપ્યા હતા કે આવતા વર્ષના જાન્યુઆરીમાં એ પિતા બનવાનો છે. એની અભિનેત્રી પત્ની અનુષ્કા શર્માને હાલ સારા દિવસ જઇ રહ્યા હતા. હાલ કોરોનાના કારણે ક્વોરંટાઇનમાં રહેલી ભારતીય ટીમના આ ધુરંધર ખેલાડીએ ટ્વીટર પરના પોતાના હેન્ડલમાં લખ્યું હતું કે ૨૦૨૧ જનવરી મેં હમ તીન હોંગે... વિરાટની આ ટ્વીટે એના ચાહકોમાં હરખની લહેરખી પ્રસરાવી દીધી હતી. હજારો ચાહકોએ એને ટ્વીટર પર શુભેચ્છા અને આગોતરા અભિનંદન આપ્યા હતા.



# આઈપીએલ: ટીમો યૂએઈ પહોંચી ગઈ છતાં કાર્યક્રમ જાહેર થયો નહીં

નવી દિલ્હી: આઈપીએલની ૧૩મી સિઝન માટે બધી ટીમો યૂએઇ પહોંચી ચુકી છે. જોકે હજુ સુધી આઇપીએલ ૨૦૨૦નો કાર્યક્રમ જાહેર થયો નથી. ટીમ, પ્રશંસકો બધા કાર્યક્રમની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. રીપોર્ટ પ્રમાણે કાર્યક્રમમાં મોડું થવાનું કારણ અબુધાબીની ઉપલબ્ધતા કારણભૂત છે. આઈપીએલના આયોજન સ્થળમાં અબુધાબી એક છે પણ હવે કોરોના વાયરસના વધી રહેલા કેસના કારણે તેની ઉપલબ્ધતાને લઈને ભ્રમની સ્થિતિ ઉભી થઈ છે. અબુધાબીની ક્ષેત્રીય ઓથોરિટીએ પ્રવેશ પોઇન્ટ પર રેપિડ ટેસ્ટને ફરિજયાત કરી દીધો છે. તેનો મતબલ એ છે કે અબુધાબીથી બહાર વાળી ટીમો, બ્રોડકાસ્ટર દળ અને અન્ય અધિકારીઓનો વધારાનો ખર્ચ વધી જશે અને હવે બીસીસીઆઇ તેનો ઉકેલ કાઢવા પર વિચાર કરી રહી છે.

# જન્મ કુંડલીમાં પિતૃદોષને કારણે ઊત્પન્ન થતી અનેક પ્રકારની મુશ્કેલીઓની સમજ અને તેનું નિવારણ

જન્મ કુંડલીમાં બીજું સ્થાન (ધનભુવન) પાંચમું સ્થાન (સંતાન ભુવન, વિદ્યાભવન) નવમું સ્થાન (ભાગ્ય ભુવન) અગિયારમું સ્થાન (લાભ ભુવન સારૂ ફળના આપે ત્યારે પિતૃ દોષ જરૂર હોય છે.

ગ્રહો બુધ, ગુરૂ, શુક્ર, શનિ, રાહુ, કેતુ ખરાબ ફળ આપતા હોય તેવા જાતકોની જન્મ કુંડલીમાં પિતૃ દોષ જોવા મળે છે. પિતૃ દોષનો મુખ્ય ગ્રહ રાહુ હોય છે જે જુદા જુદા સ્થાનો અને ગ્રહકો સાથે યુતિ, પ્રતિ યુતિ, દષ્ટિ સંબંધમાં આવે છે. રાહુ પૂર્વ જન્મ અને વર્તમાન જીવનની મુખ્ય કડી સમાન હોય છે. રાહુથી શનિ, મંગળ, સૂર્ય, ચંદ્ર, પ્રભાવિત થયેલા હોય તો પિતૃદોષ અવશ્ય બને છે. પૂર્વજન્મના કર્મો અને પૂર્વજોના કારણે આ યોગ બને છે. આપણા બાપ-દાદા-વડદાદા-માતા-પિતા-સગા સંબંધિઓ મિત્રો, ગુરૂ, પાળેલા જાનવરો જેનો તમારી સાથે કોઈપણ રીતે સંબંધ થયેલો હોય અને તેમનું મૃત્યુ થયેલ હોય અને તેમની કોઈ ઈચ્છા અધુરી રહી હોય જેથી તેમને મોક્ષના મળેલ હોય તેના કારણે લોકોની કુંડલીમાં આ યોગ જોવા મળે છે. સૂર્યનો સંબંધ પિતા અને તેમની ગત પૈઢી અને મંગળનો સંબંધ લોહી સાથે જાતક જન્મથી લઈને આવે છે.

### પિતૃદોષને કારણે આ પ્રમાણેના બનાવો બનતા હોય છે

(૧) સારા પ્રસંગોએ ઘરમાં ઝઘડો કંકાસ થવો.

(૨)ઘરમાં આવક કરતા જાવત વધુ રહે ખર્ચ વધુ થાય, ધનની બચત ના થાય. (જન્મ કુંડલીમાં બીજુ સ્થાન અને બારમું સ્થાન પ્રભાવિત કરે છે)

(૩)મિલકત માટે ભાઈ-બહેન વચ્ચે તકરાર થાય પુત્ર કે પુત્રવધુ સાથે મિલકત માટે વાદ-વિવાદ કે તકરાર થાય. (જન્મકુંડલીમાં ૩, ૪, ૫ ને પ્રભાવિત કરે છે.)

(૪)ઘરમાં દુધ ઊભરાઈ જાય. ચા, દુધ, કોફી, શાકભાજી પીણા-પાણી અચાનક બગડી જાય. ઢોળાઈ જાય. (જન્મ કુંડલીમાં ૨, ૪, ૧૨ સ્થાનોને પ્રભાવિત કરે છે.)

(૫)સ્ત્રી સંતાન વધુ થાય પૂત્ર સંતાન થતા ના હોય કે જીવિત રહેતા ના હોય (જન્મ કુંડલીમાં ૫-૮ સ્થાનોને પ્રભાવિત કરે છે.)

(૬)પુત્ર કે પુત્રિના લગ્ન ના થતા હોય. વારંવાર સગાઈ કે સગપણ તુટી જાય માંગલીક પ્રસંગોમાં મુશ્કેલી આવે. (જન્મકુંડલીમાં ૫-૯-૧૧ સ્થાનોને પ્રભાવિત કરે છે.)

(૭)ઘરમાં અચાનક બિમારી આવે. મૃત્યુ થાય. એક્સીડેન્ટ કે પડવા વાગવાનું બંને જન્મ કુંડલીમાં ૬-૮ સ્થાનોને પ્રભાવિત કરે છે.

(૮)ઘરમાં પૂજાના સમયે કે જમવાના સમયે કારણ વગર ઝઘડો-કંકાસ થાય. (જન્મ કુંડલીમાં ૨-૪-૯-૧૦ સ્થાનોને પ્રભાવિત કરે છે.)

(૯)ઘરમાં ઈલેક્ટ્રીક કે ઈલેક્ટ્રોનીકસ સાધનો બગડી જાય કે ઉડી જાય. તુટી-ફુટી જાય. ( જન્મકુંડલીમાં ૪-૧૦-૨ સ્થાનોને પ્રભાવિત કરે છે.)

(૧૦) રાત્રે ઊંઘ ના આવે અચાનક કુતરા રડવાનો કે શિયાળનો અવાજ સંભળાય (જન્મ કુંડલીમાં ૨-૧૨ સ્થાનોને પ્રભાવિત કરે છે.)

(૧૧) ઘરમાં અશાંતિ કે મન બેચેન રહેતુ હોય કે કોર્ટ કચેરીમાં પરાજય થાય. (જન્મ કુંડલીમાં ૧-૪-૭-૧૦ સ્થાનોને પ્રભાવિત કરે છે.)

આવા અનેક કારણો પિતૃદોષને કારણે બને છે.

### નિવારણ કેવી રીતે કરવું તેની માહિતી

કારતક કે ચૈત્ર માસમાં નારાયણ બલિ કરાવવી

પિતૃ દોષ, શ્રાધ્ધ પક્ષ, પિતૃ મરણ તિથિના દિવસે સૂર્યને જળ અર્પણ કરવું પિતૃ તર્પણ, નારાયણ બલિ, પિતૃ શાંતિ માટે યજ્ઞ, ગીતા પાઠ વિગેરે કરવું, શ્રાધ્ધ પક્ષમાં પૂનમથી અમાસ સુધી રોજ વાસ નાખવી. આ સમયે પિતૃઓ પૃથ્વિની નજીક આવે છે. કરેલ કાર્યનો સ્વિકાર કરે છે અને આર્શીવાદ આપતા હોય છે. ત્યારબાદ પિતૃઓની સદગતી થાય છે અને કાલનીકે આવનાર `પઢિને સુખી કરે છે. વ્યક્તિ કે જાતની મુશ્કેલીઓનું નિવારણ આ કાર્યો કરવાથી થાય છે. જો કોઈની સ્થિતિ સારી ના હોય તો દર અમાસે એક માળા ૐ પિતૃ દેવતાયૈ નમઃની કરવી દર અમાસે સંધ્યાકાળે પાનીયારે દીવો કરવો અને ૧ શ્રીફળ વધેરવું તેનાથી પિતૃશાંત થાય છે. વ્યક્તિને શાંતિ થાય છે.

આ વર્ષે ભાદરવા સુદ પક્ષ તા. ૨-૯-૨૦૨૦ને બુધવારે એકમના શ્રાધ્ધાની શરૂાત થશે. તા. ૧૭-૯-૨૦૨૦ને ગુરૂવારે શ્રાધ્ધ પક્ષ પુરો થશે.


-------------- : સંપર્ક સાધવા માટે : --------------
બીપીન એસ્ટ્રોલોજર
૮ ઓક્ટોમ્બર પ્લેસ, બ્રામ્ટન, ઓન્ટારિયો L6YOR6 કેનેડા
Whatsapp No. 98790 87511
Time : 10.00 am to 6.00 pm



# WELCOME !

## GENERAL & COSMETIC FAMILY DENTISTRY

**Dr. Salim Kapadia** DDS

Dental Centre

Dr. Salim Kapadia DDS

Shagofa Azizi RDH

Get Free Quote for All Dental Needs.

FREE and Convenient On-site Parking & Wi-Fi



Languages Spoken:
English, Gujarati, Hindi, Punjabi, Bengali, Urdu & Farsi

- Evening and weekend appointments available.
- Friendly and caring staff.
- We cater to all Insurance Plans.

FREE LASER WHITENING

- Complete range of Dental services available.
- Emergencies seen right away.
- Dental Implants start to Finish.

FOR APPOINTMENT PLEASE CALL
**416-321-3268**
Email: info@drsalimkapadiadental.com
Website: www.drsalimkapadiadental.com

**Dr. Salim Kapadia Dental Centre**
1825 Markham Rd Suite #102, Toronto, Ontario M1B 4Z9
Hours: Monday-Friday 9:00am-8:00pm
Saturday 9:00am-5:00pm | Sunday as per request

---

**MOTEL for SALE**

# NIRAJ PANCHOLI, REALTOR®

ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)

**Cell: 647-866-2790**

Email: ncpancholi@gmail.com
Website: www.century21.ca/niraj.pancholi

Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty, Professionalism & Experience

Outstanding Achievement Award of Excellence: 2011, 2012, 2013, 2014, 2015, 2016, 2017, 2018, 2019
#42 OF TOP 75 PRODUCER IN CANADA AWARD BY CENTURY 21
CENTURION PRODUCER AWARD, Successful Listing Agent Award, Silver Award, Pacesetter Gold Award, Diamond Award, Masters Emerald Award, Platinum Award …. And many more …..



## MOTEL KING : Specializing in Selling MOTELS with Proven Record

| | | |
|---|---|---|
| **29 ROOM MOTEL – Hwy 11, Near Cochrane** With huge 5 BR house, year round business, busy in winter &summer, only motel in town, no competition. City water & sewer. Gross Rev: about $350K Asking Price: $1,100,000 | **18 ROOM MOTEL – Near Pembroke** With 3 BR house, spent over $150K in room renovation, no competition, located near Pembroke, about 4 hrs form Toronto and 1.5 hrs form Ottawa Asking Price: $799,000 | **12 ROOM MOETL – Near North Bay** With 3 BR house, updated rooms, very well maintained, located within town with city water & sewer, close to all amenities. Asking Price: $849,000 |
| **OTHER MOTELS FOR SALE** @ Near Niagara Falls - $2.2 M to $5M @ Near London, Sarnia - $900K to 2M @ Near Owen Sound/Tobermory - $1M to $2.5M | **40+ ROOM MOTEL** 4 HRS East $2.2M **40+ ROOM MOTEL** Northern Ontario - $ 1.3M | **12 ROOM MOTEL** Hwy 7, Near Peterborough Renovated & upgraded Motel including New Furnace heating. 10 Rooms have Kitchenette, high demand for Monthly Customers. Seller's Financing Available. Asking: $799,000 |
| **OTHER FRANCHISE MOTELS FOR SALE** Call for more info. **PRINCIPAL BUYES ONLY**: to sign confidentiality agreement on particular motels. **Due to COVID-19:** Getting loan is tough, call for down payment requirements & mortgage options. | **27 ROOM MOTEL** Thunder Bay $2.1M **60+ ROOM MOTEL** Thunder Bay $2.3M | **15 ROOM MOTEL B/W LONDON & SARNIA** Just off Hwy 402 with 4.8 Acres commercial Lot. 5 Rooms have Kitchenette. Many rooms given on Weekly & Monthly. Closed Restaurant, can be used as Party or Banquet Room. Asking: $999,000 |
| | **MOTELS on Hwy 17, Sudbury to Sault Ste Marie** @14 ROOM & REST VTB available Asking $699K @30+ROOM VTB available Asking $2M Other Motels also available on same road | **FRANCHISE MOTELS & HOTELS FOR SALE** @ 40+ ROOM MOTEL North Ontario - $3.8M @ 70+ ROOM MOTEL 3 Hrs - $4.5M @ 50+ ROOM MOTEL 3 Hrs - $4.5M @ 60+ ROOM MOTEL 6 Hrs North - $3.5M |

BUYERS PLEASE NOTE: Personal meeting is very important if you are a SERIOUS BUYER & have provable down payment. You will get top priority on new listings.

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph: 905-366-8100, Fax: 905-366-8101 Other offices: Brampton & Etobicoke